દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 211 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ ભાદ્રપદ સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 September 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26

શનિવાર, ૬ સપ્ટેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦

વીકએન્ડ પૂર્તિ

LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# ગુજરાત ૬૯ અબજ યુએસ ડૉલરના એફડીઆઈ સાથે મજબૂત વૈશ્વિક જોડાણ ધરાવતું રાજ્યઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે નવી દિલ્હીમાં વિવિધ રાજદ્વારીઓ અને મિશનના વડાઓ સાથેની સંવાદ બેઠકમાં ગુજરાતના વૈશ્વિક વિકાસની પ્રભાવક પ્રસ્તુતિ કરતા જણાવ્યું કે, ૬૯ અબજ યુએસ ડોલરના એફ.ડી.આઈ. અને નિકાસમાં ૨૭ ટકાના યોગદાન સાથે ગુજરાત સુદ્રઢ વૈશ્વિક જોડાણ ધરાવતું રાજ્ય બન્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના દિશાદર્શનમાં યોજાનારી વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સિસના પૂર્વાર્ધ રૂપે નવી દિલ્હીમાં રાજ્ય સરકાર દ્વારા યોજાયેલી સંવાદ બેઠકમાં ૪૫ જેટલા રાષ્ટ્રોના રાજદૂતો, ઉચ્ચ કમિશન અને પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય પ્રધાને આ સંવાદ બેઠકમાં કહ્યું કે, વડા પ્રધાનની પ્રેરણાથી ૨૦૦૩માં શરૂ થયેલી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ઉત્તરોત્તર સફળતાને પરિણામે ગુજરાત વેપારી રાજ્યની ઈમેજથી આગળ વધીને હવે ન્યુ એઈજ ઇન્ડસ્ટ્રીનું હબ બનવા તરફ અગ્રેસર છે. તેમણે ઉમેર્યું કે, એ.આઈ., સ્પેસટેક, ફિનટેક, સેમિકન્ડક્ટર, ડિફેન્સ એન્ડ એરોસ્પેસ, ઈ.વી. અને ગ્રીન એનર્જી જેવા ફ્યુચરિસ્ટિક સેક્ટર્સના ઉદ્યોગોના કેન્દ્ર સાથે ગુજરાત દેશનું પથપ્રદર્શક રાજ્ય બન્યું છે.

મુખ્ય પ્રધાને જણાવ્યું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં પાછલા બે દશકમાં ગુજરાત ગ્રોથ, સ્ટેબિલિટી અને ઓપોર્ચ્યુનિટીઝનું ઉજજવળ પ્રતીક અને વૈશ્વિક રોકાણકારો માટે એક ટ્રસ્ટેડ પાર્ટનર પણ છે. નીતિ આધારિત શાસન, રોકાણકાર મૈત્રીપૂર્ણ વાતાવરણ અને સુગ્રથિત માળખાકીય સુવિધાઓ પૂરી પાડીને ગુજરાત વિદેશી રોકાણકારો માટે બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઇન્વેસ્ટમેન્ટ બન્યું છે તેમ પણ ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું હતું.

મુખ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું કે, કનેક્ટિવિટી અને ઔદ્યોગિક ઇકોસિસ્ટમ ગુજરાતની સ્ટ્રેન્થ છે. દેશનો સૌથી લાંબો દરિયા કિનારો, ૪૯ પોર્ટ્સ અને પીએમ ગતિશક્તિ અન્વયે મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ નેટવર્ક સાથે લોજિસ્ટિક્સ અને નિકાસમાં ગુજરાત અગ્રણી રાજ્ય તરીકે સ્થાન પામ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની વિઝનરી લીડરશિપમાં, ગુજરાત દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૮ ટકાનો ફાળો આપે છે.

વીજીઆરસીની ભૂમિકા આપતાં મુખ્ય પ્રધાને કહ્યું કે, આ પહેલ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતાને રાજ્યના દરેક ક્ષેત્રમાં વિસ્તૃત કરશે, એમએસએમઈને સશક્ત બનાવશે અને પ્રાદેશિક રીતે સંતુલિત વિકાસને પ્રોત્સાહન આપશે.

# રાજ્યમાં નવા ૭૧ સરકારી પુસ્તકાલયોના નિર્માણને મંજૂરી આપવામાં આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના નાગરિકો નિયમિત વાંચન માટે પ્રેરાય તેવા ઉદ્દેશથી ગુજરાતના તત્કાલીન મુખ્ય પ્રધાન અને ભારતના પ્રવર્તમાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૧૦માં 'વાંચે ગુજરાત' અભિયાન ચલાવ્યું હતું. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન ગુજરાતના તમામ પુસ્તકાલયોને ગ્રંથથી સમૃદ્ધ બનાવવાનું આયોજન કર્યું હતું. પુસ્તક વાંચનના મહત્ત્વને ધ્યાનમાં રાખીને મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર રાજ્યભરમાં સરકારી પુસ્તકાલયોની સંખ્યા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

ગત વર્ષે રાજ્યના ૨૧ જિલ્લાઓના ૫૦ તાલુકાઓમાં તેમજ ૭ આદિજાતિ જિલ્લા ૧૪ તાલુકાઓમાં મળીને તાલુકા સ્તરે કુલ ૬૪ સરકારી પુસ્તકાલયો શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ૬૪ માંથી ૫૩ સરકારી પુસ્તકાલયો કાર્યરત થઈ ચૂક્યા છે, અને ૧૧નું કામ પ્રગતિમાં છે. સમગ્ર ગુજરાતમાં કુલ ૧૯૭ સરકારી પુસ્તકાલયો કાર્યરત છે અને આ વર્ષે તાલુકા સ્તરે નવા ૭૧ સરકારી પુસ્તકાલયોના નિર્માણને રાજ્ય સરકારે મંજૂરી આપી દીધી છે. જે બાદ રાજ્યના તમામ તાલુકાઓમાં સરકારી પુસ્તકાલયો કાર્યરત થઈ જશે.

રાજ્યમાં કુલ ૧૯૭ સરકારી પુસ્તકાલયો કાર્યરત છે, જેમાં ૩૩ જિલ્લા પુસ્તકાલયો અને ૧૫૦ તાલુકા પુસ્તકાલયો સહિત મધ્યસ્ત પુસ્તકાલયો, ફરતા પુસ્તકાલયો, રાજ્ય કેન્દ્રીય અનામત ગ્રંથ ભંડાર, સ્ટેટ આર્ટ લાયબ્રેરી અને મહિલા ગ્રંથાલયોનો પણ સમાવેશ થાય છે. રાજ્યના મધ્યસ્થ પુસ્તકાલયો ખાતે પ્રતિદિન ૫૦૦થી વધુ નાગરિકો વાંચનનો લાભ લઇ રહ્યા છે, જ્યારે જિલ્લા પુસ્તકાલયો ખાતે પ્રતિદિન ૧૫૦થી વધુ વાચકો વાંચનનો લાભ લઇ રહ્યા છે. રાજ્યના જે જિલ્લા પુસ્તકાલયો ખાતે વાંચનની સુવિધા ઉપલબ્ધ છે, ત્યાં પ્રતિદિન ૨૫૦થી વધુ વાચકો વાંચનનો લાભ લઇ રહ્યા છે, અને તાલુકા પુસ્તકાલયો ખાતે પણ ૧૦૦થી વધુ વાચકો પ્રતિદિન વાંચનનો લાભ મેળવી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ૯ સપ્ટેમ્બરનો દિવસ 'નેશનલ રીડ અ બુક ડે' એટલે કે 'રાષ્ટ્રીય પુસ્તક વાંચો દિવસ' તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસની ઉજવણી દરેક વ્યક્તિને પુસ્તક વાંચનનો આનંદ માણવા માટે તેમના દિવસમાંથી સમય કાઢવા માટે પ્રેરિત કરવાનો છે.

# ગણેશ વિસર્જનને લઈ અમદાવાદના અનેક રસ્તા બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શનિવારે ગણેશ વિસર્જનને લઈ અમદાવાદના અનેક રસ્તાઓ બંધ રહેશે. અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં પાલડીથી ગીતા મંદિર અને કાલુપુર તરફનો રસ્તો તેમજ એલિસબ્રિજથી રાયપુર સુધીનો રસ્તો ઉપરાંત, રિવરફ્રન્ટના રસ્તા પણ બંધ રહેશે. જેથી વાહનચાલકોને અન્ય વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવા માટે સૂચના આપવામાં આવી હતી.

અમદાવાદ પોલીસે બહાર પાડેલા જાહેરનામા મુજબ, પાલડીથી એસ ટી ગીતા મંદિર સુધીનો રસ્તો બંધ રહેશે. જેથી ગીતા મંદિરથી પાલડી આવવા માંગતા વાહન-ચાલકોને બહેરામપુરાથી દાણીલીમડા ચાર રસ્તા થઈને આંબેડકરબ્રિજ થઈને પાલડી અને આશ્રમ રોડ આવી શકાશે. જ્યારે ગીતા મંદિરથી રાયપુર ચાર રસ્તા અને ત્યાંથી કાલુપુર રેલવે સ્ટેશન સુધીનો રસ્તો પણ બંધ રહેશે. જેથી કાલુપુર રેલવે સ્ટેશન જવા માટે એસટીથી ભુલાભાઈ ચાર રસ્તાથી કાંકરિયા ગોમતીપુર રેલવે કોલોનીથી આંબેડરકર હોલથી કાલુપુર બ્રિજથી રેલવે સ્ટેશન જઈ શકાશે.

કાલુપુર રેલવે સ્ટેશનથી સારંગપુર સર્કલથી એલિસબ્રિજ સુધીનો રસ્તો બંધ રહેશે. તેમજ રખિયાલ ચાર રસ્તાથી સરસપુર આઈટીઆઈ ચાર રસ્તા સુધીનો રસ્તો પણ વાહનવ્યવહાર માટે સંપૂર્ણ બંધ રહેશે. જ્યારે દિલ્હી દરવાજાથી નમસ્તે સર્કલથી જૂની પોલીસ કમિશનર કચેરીથી દધિચીબ્રિજ સુધીનો રસ્તો પણ તમામ પ્રકારના વાહનો માટે બંધ રહેશે. આ ઉપરાંત દિલ્હી દરવાજાથી બીઆરટીએસથી દધિચીબ્રિજ સુધીનો પણ બંધ રહેશે. તેમજ રિવરફ્રન્ટ પૂર્વ અને પશ્ચિમના બંને રસ્તા પણ બંધ રહેશે. આ તમામ રસ્તા બપોરે એક વાગ્યાથી મોડી રાત સુધી બંધ રાખવામાં આવશે.

# નર્મદા ડેમમાં પાણીની આવક વધતાં સિઝનમાં પ્રથમ વખત ૨૩ દરવાજા ખોલવામાં આવ્યા

## ભરૂચના ગોલ્ડન બ્રિજ નજીક નદીનું જળસ્તર ૨૪ ફૂટની ભયજનક સપાટી વટાવી ગયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદને કારણે નર્મદા ડેમમાં પાણીની ભરપૂર આવક થઈ હતી. ડેમનું રૂલ લેવલ જાળવવા માટે સિઝનમાં પ્રથમ વખત ૨૩ દરવાજા ખોલવામાં આવ્યા હતા. નર્મદા ડેમની સપાટી ૧૩૫.૯૪ મીટર સુધી પહોંચી ગઈ છે.

ઉપરવાસમાંથી ૪ લાખ ક્યૂસેકથી વધુ પાણીની આવક થઈ હતી. આ કારણે સિઝનમાં પહેલીવાર ડેમના ૨૩ દરવાજા ૨.૫૦ મીટર સુધી ખોલવામાં આવ્યા હતા. ડેમ ઓવરફ્લોથી ૨.૭૪ મીટર દૂર છે. છેલ્લા ૨૪ કલાકમાં ડેમની જળસપાટીમાં ૪૦ સેમીનો વધારો થયો હતો. ડેમમાંથી પાણી છોડવામાં આવતાં ૨૭ ગામને એલર્ટ કરાયાં હતાં.

સરદાર સરોવર ડેમમાં રૂલ લેવલ જાળવવા માટે તબક્કાવાર પાણી છોડવામાં આવ્યું હતું. જેના કારણે નર્મદા નદીનું જળસ્તર વધ્યું હતું. નર્મદા ડેમમાંથી પાણી છોડવાને કારણે ભરૂચ અને એની આસપાસના વિસ્તારોમાં પૂર જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. આને કારણે ભરૂચના ગોલ્ડનબ્રિજ નજીક નદીનો જળસ્તર ૨૪ ફૂટની ભયજનક સપાટી વટાવી ગયો હતો. નદીકિનારે આવેલાં ગામોને એલર્ટ કરવામાં આવ્યાં હતાં અને લોકોને સુરક્ષિત સ્થળોએ ખસી જવા માટે સૂચના આપવામાં આવી હતી.

આ પૂરની અસર ગોરા ઘાટ અને ચાણોદના મલ્હાર ઘાટ પર જોવા મળી હતી. નદીની જળસપાટી વધતાં ઘાટો પાણીમાં ગરકાવ થઈ ગયા હતા. ચાણોદ ઘાટનાં ૯૫ પગથિયાં પણ પાણીમાં ડૂબી ગયાં હતાં. ગોરા ઘાટ પરના નર્મદા આરતી, લેસર શો અને વોટર શો માટેના કરોડો રૂપિયાનાં સાધનો સમયસર હટાવી લેવામાં આવ્યાં હતાં.

૨૦૧૯માં પ્રથમવાર ડેમ છલોછલ ભરાયો હતો અને ત્યારે નર્મદાના ૨૩ ગેટ ખોલી લાખો ક્યૂસેક પાણી નર્મદામાં છોડવામાં આવ્યું હતું. ત્યાર પછી ૨૦૨૦, ૨૦૨૧, ૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫ એમ ગેટ ખોલવામાં આવ્યા હતા.

# મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યના 30 શિક્ષકનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક'થી સન્માન કરવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

*અમદાવાદઃ* શહેરમાં શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યકક્ષાના શિક્ષક પારિતોષિક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શિક્ષણ પ્રધાન ડો. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં મુખ્ય પ્રધાનના હસ્તે રાજ્યના ૩૦ શિક્ષકનું 'શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક'થી સન્માન કરાયું હતું અને પાંચ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને પણ પ્રતીકરૂપે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે વડા પ્રધાનની વાત દોહરાવતાં કહ્યું કે માતા-પિતા પછી શિક્ષકો જ બાળમાનસ પર ઊંડો પ્રભાવ પાડે છે. શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે લોહીનો નહીં પણ વાત્સલ્યનો સંબંધ છે. માતા-પિતા પછી શિક્ષક જ બાળમાનસ પર સૌથી વધુ અસર કરે છે. ત્યારે ભાવિ પેઢીનું ઘડતર કરી, વિકસિત ગુજરાત દ્વારા વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા સૌ શિક્ષકોને અપીલ કરી હતી. તેમણે કહ્યું કે આપણા જીવનમાં કોઈ પણ કામને નાનું ન સમજીએ, પરંતુ જે કાર્ય કરવાનું સૌભાગ્ય આપણને મળ્યું હોય, એ સારી રીતે નિભાવીએ તે જ સાચું શિક્ષણકાર્ય છે. તેમણે આજીવન શિક્ષક ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની ૧૩૭મી જન્મજયંતી પ્રસંગે પારિતોષિક મેળવનારા સૌ શિક્ષકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી, આજના દિવસે શ્રેષ્ઠ શિક્ષક સન્માન એ 'રાઈટ જોબ એટ રાઈટ ટાઈમ' ગણાવી કહ્યું કે કોઈ પણ સમાજનો મજબૂત પાયો શિક્ષણ જ છે. મુખ્ય પ્રધાને આચાર્ય ચાણક્યના સૂત્રને યાદ કરી શિક્ષકની મહત્તા વિશે કહ્યું કે ગુરુ ભગવાનનાં પણ દર્શન કરાવી શકે છે. પ્રાચીનકાળથી ભારતમાં જ્ઞાનનાં દર્શન કરાવનાર આ ગુરુઓ જ છે. તેમનું વિદ્યાર્થીઓ પ્રત્યેનું સમર્પણ જ્ઞાન પરંપરા અને મહાન બનાવે છે. તેમણે સ્વામી વિવેકાનંદને યાદ કરી કહ્યું કે, શિક્ષણ વ્યક્તિને ચારિત્ર્યવાન બનાવે છે. શિક્ષકની સકારાત્મકતા સૌથી મોટી મૂડી છે.

આ પ્રસંગે શિક્ષણ પ્રધાન કુબેરભાઈ ડીંડોરે ભગવાન શ્રી કૃષ્ણ, આચાર્ય ચાણક્ય, વિનોબા ભાવે તથા કાકાસાહેબ કાલેલકરના ઉદાહરણ આપીને જણાવ્યું કે ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ગુરુઓનું પ્રદાન મહત્ત્વનું રહ્યું છે. વિદ્યાર્થીકેન્દ્રી, સમાજકેન્દ્રી લક્ષ્ય રાખીને અથાક પરિશ્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં ચારિત્ર્ય ઘડતરનું કાર્ય કરનારા શિક્ષકોને તેમણે બિરદાવ્યા હતા.

શિક્ષણનાં માધ્યમોમાં આવેલાં પરિવર્તન વિશે વાત કરતાં ડીંડોરે કહ્યું કે આજે આધુનિક ટેક્નોલોજી અને એઆઈ કે રોબોટનો ઉપયોગ કરીને શાળામાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, પરંતુ વિદ્યાર્થીઓમાં સંસ્કારોનું સિંચન તો શિક્ષકો જ કરી શકે છે. એ દૃષ્ટિએ શિક્ષકની ભૂમિકા કાયમી અને જીવંત છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ તકે શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરાયેલ 'અમારા શિક્ષક અમારા માર્ગદર્શક' શોર્ટ ફિલ્મનું નિદર્શન પણ કરવામાં આવ્યું હતું.

# ભારે વરસાદથી નદીઓમાં ઘોડાપૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લામાં પડેલા ભારે વરસાદને કારણે જિલ્લાના વિવિધ જળાશયોમાં પાણીની આવક વધી હતી. કડાણા ડેમ અને પાનમ ડેમ પણ છલકાયા હતા. પાણીનું સ્તર ખૂબ વધી જતાં કડાણા ડેમના ૧૩ દરવાજા ૧૦ ફૂટ ખોલીને ૩.૫ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવ્યું હતું જ્યારે પાનમ ડેમમાંથી પણ ૫૦ હજાર ક્યૂસેકથી વધુ પાણી છોડાયું હતું. આને કારણે મહીસાગર નદી ભયજનક સપાટી વટાવી ગઈ હતી.

અચાનક પાણી છોડવામાં આવતાં મહીસાગરના નદીકાંઠાના ખેતરોમાં પાણી ભરાઈ ગયાં હતાં. ખેડૂતોના તમાકુ, ડાંગર, મકાઈ અને શાકભાજી જેવા પાકોને મોટું નુકસાન થયું હતું. આ વર્ષની તેમની મહેનત પાણીમાં ગઈ હતી અને તેમને મોટો આર્થિક ફટકો પડ્યો હતો. પાણીના પ્રવાહને કારણે નદી કિનારાના ઘણાં ગામોમાં પણ પાણી ઘૂસી ગયાં હતાં. તંત્ર દ્વારા ખાનપુર, લુણાવાડા, કડાણા, ગોધરા અને શહેરા તાલુકાના કુલ ૧૨૪ ગામને એલર્ટ કરવામાં આવ્યાં હતાં.

કડાણા ડેમમાં પાણીનું વર્તમાન સ્તર ૪૧૪.૧૦ ફૂટ છે, જ્યારે ડેમની કુલ ક્ષમતા ૪૧૯ ફૂટ છે. ડેમમાં અત્યારે ૨.૪૦ લાખ ક્યૂસેક પાણીની આવક થઈ રહી છે. કડાણા ડેમના હાઈડ્રો પાવર પ્રોજેક્ટ દ્વારા વીજળી પણ બનાવવામાં આવી રહી છે. ડેમમાંથી ૨.૪૦ લાખ ક્યૂસેક પાણી છોડીને વીજ ઉત્પાદનના ચાર યુનિટ શરૂ કરવામાં આવ્યા હતા.

# શિક્ષક દિવસ પર ગાંધીનગરમાં શિક્ષકોએ વિરોધ પ્રદર્શન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શિક્ષક દિવસની ઉજવણી વચ્ચે રાજ્યના પાટનગર ગાંધીનગરમાં સત્યાગ્રહ છાવણી ખાતે શિક્ષક બનવા ઇચ્છતા ઉમેદવારોએ સરકાર સામે આંદોલન શરૂ કર્યું હતું. તેમણે પોતાની વિવિધ માગણીઓ સાથે ભાજપ સરકાર અને શિક્ષણ પ્રધાનનો વિરોધ કર્યો હતો.શિક્ષક ભરતીના ઉમેદવારોએ શિક્ષણ વિભાગમાં ખાલી પડેલી ૧૦,૭૦૦ જેટલી શિક્ષકોની જગ્યાઓ તાત્કાલિક ભરવાની માગ કરી હતી. આ ઉપરાંત ભરતીમાં અનામત નીતિનું યોગ્ય રીતે પાલન થાય તેવી રજૂઆત કરવામાં આવી હતી.

વિરોધ પ્રદર્શન કરતાં શિક્ષકોએ શિક્ષણ ક્ષેત્રમાં વધી રહેલા ખાનગીકરણ અને વ્યાપારીકરણને રોકવાની માગ સાથે ઉમેદવારોએ પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. આ ઉપરાંત, ચિત્ર, સંગીત, વ્યાયામ અને કોમ્પ્યુટર શિક્ષકોની સીધી ભરતી કરવા માટે પણ માગ કરી હતી.

આ આંદોલનને રાજકીય સમર્થન મળ્યું. બોટાદના ધારાસભ્ય ઉમેશ મકવાણા અને વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણી આંદોલનકારીઓને ટેકો આપવા માટે ગાંધીનગર પહોંચ્યા હતા. આંદોલન દરમિયાન, ઉમેદવારોએ પોસ્ટરો લઈને ''ભાજપ સરકાર હાય હાય'' અને ''શિક્ષણ મંત્રી કુબેર ડિંડોર હાય હાય'' જેવા નારા લગાવ્યા હતા.

# અમદાવાદમાં ૧૦૦ કરોડના ગોલ્ડ કેસના આરોપી મેઘ-મહેન્દ્ર શાહની સંપત્તિ ડીઆરઆઈ ટાંચમાં લેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ થોડા મહિનાઓ પહલો અમદાવાદના પાલડીમાં એક ફ્લેટમાંથી વિદેશી ગોલ્ડ બિસ્કિટ, વિદેશી ઘડિયાળ સહિત ૧૦૦ કરોડથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. ડીઆરઆઈ દ્વારા હવે મેઘ શાહ અને મહેન્દ્ર શાહની મિલકત ટાંચમાં લેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. કૌભાંડના સૂત્રધાર બાપ-દીકરો બંને દુબઈમાં હોવાનું સામે આવ્યું હતું.

મહેન્દ્ર શાહની મોડસ ઓપરેન્ડી મુજબ તે, છેલ્લાં પાંચેક વર્ષથી અમદાવાદના કેટલાક લોકો પાસેથી બંધ કંપનીઓને ખરીદીને સેબીમાં કાયદાકીય આંટીઘૂંટીનો લાભ લઈને કંપની ચાલુ કરાવતો હતો. આ પછી કંપનીના શેરોના રાઈટ ઈશ્યુ અને પ્રેફરન્સ શેરોની મંજૂરી મેળવીને કૃત્રિમ ઉછાળો લાવીને રોકાણકારોને શેરો પધરાવી દેવામાં આવતા હતા. રાઈટ ઈશ્યુના શેરોમાં અમદાવાદના બે શેર બ્રોકરોની મદદથી શેરો ભરાવીને મસ્ત મોટું કૌભાંડ આચરવામાં આવતું હતું.

ડીઆરઆઈની તપાસમાં ખુલાસો થયો હતો કે મહેન્દ્ર શાહ ઉર્ફે કાળિયો, જે શેરોમાં રોકાણ કરવાની ટીપ આપવા પર પ્રતિબંધ હોવા છતાં, પોતાનું સોશ્યલ મીડિયા નેટવર્ક બનાવીને રોકાણકારોને છેતરતો હતો. તે દરરોજ અમુક ચોક્કસ શેરોને કૃત્રિમ રીતે ઊંચા ભાવે લઈ જતો હતો. એકવાર ભાવ વધે એટલે તે શેર સામાન્ય રોકાણકારોને વેચી દેતો હતો. આનાથી તેને મોટી કમાણી થતી હતી. ડીઆરઆઈની તપાસમાં બહાર આવ્યું છે કે આ છેતરપિંડીમાંથી મળેલા પૈસા રોકડમાં લેવામાં આવતા હતા. આ માટે એક કૃષિ કંપની સાથે જોડાયેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની મદદ લેવામાં આવતી હતી. તે આંગડિયા પેઢી દ્વારા પૈસા મંગાવતો અને પછી તેમાંથી સોનું ખરીદીને તેને આપતો હતો. ડીઆરઆઈના સૂત્રોએ જણાવ્યું છે કે હવે આ સીએને પણ પૂછપરછ માટે સમન્સ મોકલીને બોલાવવામાં આવશે.

# હાલોલ જીઆઈડીસીમાં એગ્રો કંપનીમાં ગરમ પાણીનો વાલ્વ ખૂલી જતા પાંચ શ્રમિક દાઝ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પંચમહાલ જિલ્લાના હાલોલ જીઆઈડીસીમાં આવેલી એક એગ્રો કંપનીમાં ગંભીર બેદરકારીને કારણે એક દુર્ઘટના બની હતી. કંપનીમાં અચાનક ગરમ પાણીનો વાલ્વ ખૂલી જતાં પાંચ જેટલા શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હતા.

આ ઘટનામાં તમામ પાંચ કામદારોને ગંભીર ઈજાઓ પહોંચી હોવાથી તેમને તાત્કાલિક કાલોલની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, તેમની હાલત વધુ ગંભીર હોવાથી, તેમને વધુ સારવાર માટે ગોધરાની સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. કંપનીની આ બેદરકારી પર ઘણા સવાલો ઊભા થઈ રહ્યા છે. સલામતીના નિયમોનું પાલન ન થવાને કારણે આ અકસ્માત થયો હોવાનું માનવામાં આવે છે. આ સમગ્ર મામલે હાલોલ પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# દિવાળી પર અમદાવાદથી રાજ્યની પ્રથમ અમૃત ભારત નોન એસી ટ્રેન શરૂ થવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતને તેની પ્રથમ અમૃત ભારત ટ્રેન દિવાળી સુધીમાં મળવાની શકયતા છે. આ ટ્રેન અમદાવાદથી શરૂ થશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, આ ટ્રેન સંપૂર્ણપણે નોન એસી હશે. જેથી મુસાફરીનો ખર્ચ પણ ઓછો થશે. આ ટ્રેનનું ભાડું સામાન્ય ટ્રેનના જનરલ કોચ જેટલું જ રાખવામાં આવી શકે છે. આ ટ્રેનમાં ખાસ પ્રકારના નવા ડબલ ડેકર એન્જિન લગાવવામાં આવી શકે છે.

સામાન્ય રીતે અન્ય ટ્રેનો અમદાવાદથી વારાણસી ૨૮થી ૩૦ કલાકમાં પહોંચે છે ત્યારે આ ટ્રેન સરેરાશ ૧૨૦થી ૧૩૦ કિમીની ઝડપે દોડી ૨૨થી ૨૪ કલાકમાં વારાણસી પહોંચાડશે. અમૃત ભારત એક્સપ્રેસ ૨૦ એલએચબી કોચ અને ટ્રેનની બન્ને બાજુએ એન્જિન ધરાવતી ટ્રેન હશે. જેથી આ ટ્રેનમાં એન્જિન બદલ્યા વગર બન્ને દિશામાં મહત્તમ ૧૬૦થી ૧૮૦ કિલોમીટરની ઝડપે દોડાવી શકાશે. આ ટ્રેનમાં ઈપી બ્રેક લગાવવામાં આવી છે. એર બ્રેકમાં ટ્રેન રોકાવામાં જે સમય લાગે છે તે આ ઈપી બ્રેકમાં નથી લાગતો. તમામ કોચમાં એક સાથે બ્રેક લાગતા ઓછા અંતરમાં જ ટ્રેન રોકાઈ જાય છે અને ઝટકો લાગતો નથી.

ઉલ્લેખનીય છે કે ભારતીય રેલવેએ સંપૂર્ણપણે નોન-એસી અમૃત ભારત ટ્રેનો શરૂ કરી છે, જેમાં હાલમાં ૧૧ જનરલ ક્લાસ કોચ, આઠ સ્લીપર ક્લાસ કોચ, એક પેન્ટ્રી કાર અને બે સેકન્ડ ક્લાસ કમ લગેજ કમ ગાર્ડ વાન અને દિવ્યાંગ મૈત્રીપૂર્ણ કમ્પાર્ટમેન્ટનો સમાવેશ થાય છે. આ ટ્રેનો નોન-એસી સેગમેન્ટના મુસાફરોને વિશ્વ કક્ષાની આધુનિક અને આરામદાયક રેલ મુસાફરીનો અનુભવ પ્રદાન કરીને સામાન્ય લોકોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ડિઝાઇન અને ઉત્પાદિત કરવામાં આવી છે.

# જૂનાગઢની આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલની હોસ્ટેલમાં વિદ્યાર્થીને માર મારવાનો વીડિયો વાઈરલ થતાં વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢમાં આવેલી આલ્ફા ઇન્ટરનેશન સ્કૂલની હોસ્ટેલ ફરી વિવાદોમાં સપડાઈ હતી. થોડા દિવસ પહેલા જ ૧૭ વર્ષીય વિદ્યાર્થી પર હુમલાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો, ત્યારે હવે આ જ હોસ્ટેલમાં એક વિદ્યાર્થીઓ મળીને એક વિદ્યાર્થીને માર મારી રહ્યા હોવાનું સામે આવતા ભારે ચકચાર મચી ગઈ હતી, આ ઘટનાથી વાલીઓમાં ભારે રોષ વ્યાપ્યો હતો તેમજ હોસ્ટેલના સંચાલન અને વિદ્યાર્થીઓની સુરક્ષા સામે ગંભીર સવાલો ખડા કર્યા હતા.

મળતી વિગતો અનુસાર આ ઘટના જૂનાગઢના મધુરમ ચોકડી નજીક આવેલી આલ્ફા ઇન્ટરનેશનલ સ્કૂલની છે. સ્કૂલની હોસ્ટેલમાં પાંચથી છ જેટલા વિદ્યાર્થીઓએ મળીને એક વિદ્યાર્થીને ગંભીર રીતે માર માર્યો હોવાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. ત્યારબાદ આ વીડિયો ૩૦ ઓગસ્ટના રોજ વિદ્યાર્થીના વાલીના ધ્યાન પર આવ્યો હતો અને ત્યારબાદ તેમણે આ અંગે પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# ગુજરાતમાં સેમિકન્ડક્ટર ઇન્ડસ્ટ્રીઝના ઝડપથી વધી રહેલા વ્યાપથી જાપાથનીઝ પ્રતિનિધિમંડળ પ્રભાવિત થયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જાપાનના ઈવાટે પ્રીફેક્ચરના વાઇસ ગવર્નર શ્રીયુત સાસાકી જૂનના નેતૃત્વમાં જેઆઈસીએના પ્રતિનિધિ મંડળે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી હતી. આ પ્રતિનિધિ મંડળ નવી દિલ્હીમાં યોજાયેલા સેમિકોન ઇન્ડિયા-૨૦૨૫માં સહભાગી થવા ભારત આવ્યું હતું. આ દરમિયાન તેમણે રાજ્યમાં કાર્યરત જાપાનીઝ સેમિકોન ઇન્ડસ્ટ્રીઝનો મુલાકાત પ્રવાસ યોજ્યો હતો.

આ ડેલિગેશન ધોલેરા એસઆઈઆરમાં કાર્યરત સેમિકોન ઉદ્યોગોની સ્થળ મુલાકાત લઈને ગાંધીનગરમાં મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલને મળ્યું હતું અને રાજ્ય સરકાર દ્વારા જાપાનીઝ ઉદ્યોગોને મળી રહેલા સહયોગ અંગે આભાર વ્યક્ત કર્યો હતો. રાજ્યમાં સેમિકન્ડક્ટર ઇન્ડસ્ટ્રીઝના ઝડપથી વધી રહેલા વ્યાપથી પણ આ ડેલિગેશન પ્રભાવિત થયું હતું

મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ભારત-જાપાન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોથી રાજ્યમાં સેમિકન્ડક્ટર સેક્ટરમાં જાપાનીઝ ઉદ્યોગોને વધુ પ્રોત્સાહન મળશે તેમ બેઠકની ચર્ચા દરમિયાન જણાવ્યું હતું.

આ ઉપરાંત ગુજરાત ચાર સેમિકન્ડક્ટર પ્લાન્ટ ધરાવતું રાજ્ય છે અને સેમિકન્ડક્ટર હબ બનવાની પ્રતિબદ્ધતા સાથે આગળ વધી રહ્યું છે તેવો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 211 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ભાદ્રપદ સુદ-૧૪ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 6 September 2025, Saturday ■ REGD.No. MCS/058/2024-26
શનિવાર, ૬ સપ્ટેમ્બર ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | વીકએન્ડ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈમાં ૩૪ ધડાકાની ધમકી

## પોલીસ હાઈ અલર્ટ પરઃ ૪૦૦ કિલો આરડીએક્સ સાથે ૧૪ ત્રાસવાદી ઘૂસ્યા હોવાનો મેસેજ

મુંબઈઃ ૧૪ આતંકવાદી ૪૦૦ કિલોગ્રામ આરડીએક્સ સાથે મુંબઈમાં પ્રવેશ્યા છે અને તેમણે જુદા જુદા ૩૪ વાહનોમાં આરડીએક્સ મૂક્યો હોવાના કરવામાં આવેલા દાવા બાદ મુંબઈ પોલીસ હાઈ અલર્ટ પર હોવાનું અધિકારીઓએ શુક્રવારે કહ્યું હતું.

ગણેશોત્સવના ૧૦મા દિવસ એટલે કે અનંતચતુર્દશીની સુરક્ષાવ્યવસ્થામાં પોલીસ વ્યસ્ત હોવા વચ્ચે ટ્રાફિક પોલીસ કંટ્રોલરૂમને તેમના વૉટ્સએપ હેલ્પલાઈન નંબર પર આ ધમકીભર્યો સંદેશો મળ્યો હતો.

શનિવારે અનંતચતુર્દશી નિમિત્તે ગણેશ વિસર્જનને ધ્યાનમાં રાખીને લોકોની સુરક્ષા માટે મુંબઈ પોલીસે ૨૧,૦૦૦ કરતાં પણ વધુ પોલીસ અધિકારીઓને વિવિધ સ્થળે ગોઠવી દીધા છે.

ધમકીને મામલે ક્રાઈમ બ્રાન્ચે તપાસ આરંભી દીધી હતી અને એન્ટિ ટેરરિસ્ટ સ્કવૉડ (એટીએસ) અને અન્ય એજન્સીઓને આ ધમકી અંગે માહિતગાર કરી દીધી હતી.

સંદેશો મોકલનારે સંદેશામાં સંગઠનના નામનો 'લશ્કરે જિહાદી' તરીકે ઉલ્લેખ કર્યો હતો.

સંદેશો મોકલનારે દાવો કર્યો હતો કે ૧૪ આતંકવાદી ૪૦૦ કિલોગ્રામ આરડીએક્સ સાથે મુંબઈમાં પ્રવેશ્યા છે તેમ જ તેમણે જુદાં જુદાં ૩૪ વાહનોમાં આરડીએક્સ મૂક્યો છે અને આ વિસ્ફોટો

(જુઓ પાનું ૨) ▸▸




**સુરક્ષાઃ** અનંત-ચતુર્દશીનાં ગણેશ વિસર્જન નિમિત્તે પોલીસે મુંબઈસ્થિત ગિરગાંવ ચોપાટી ખાતે ભીડને અંકુશમાં રાખવા ચાંપતી નજર રાખી રહેલા પોલીસ અધિકારીઓ. દેશની આર્થિક રાજધાનીમાં અનેક ધડાકા કરવાની મળેલી ધમકીને કારણે પોલીસે સલામતી વ્યવસ્થા વધારી છે.

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 98,640/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

### મુંબઈ સમાચાર

મુંબઈ સમાચારની ઑફિસ અનંત-ચતુર્દશી નિમિત્તે તા. ૬-૯-૨૦૨૫, શનિવારે સંપૂર્ણ બંધ રહેવાની હોવાથી તા. ૭-૯-૨૦૨૫, રવિવારનું અખબાર પ્રસિદ્ધ નહીં થાય, તેની વાચકો અને અન્ય લોકોએ નોંધ લેવી.

- વ્યવસ્થાપક

## અમદાવાદના ₹૨૩૦૦ કરોડના ક્રિકેટ સટ્ટાકાંડનો મુખ્ય સૂત્રધાર દુબઈથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સ્ટેટ મોનિટરિંગ સેલે વધુ એક મોટું ઓપરેશન પાર પાડ્યું હતું. ₹ ૨૩૦૦ કરોડથી વધુના માધુપુરા ક્રિકેટ સટ્ટાકાંડના મુખ્ય સૂત્રધાર હર્ષિત જૈનને દુબઈથી ઝડપી પાડ્યો હતો. એસએમસીના ડીઆઈજી નિર્લિપ્ત રાય અને તેમની ટીમે આ ખાસ મિશન પાર પાડ્યું હતું. હર્ષિત જૈન સામે લુકઆઉટ સર્ક્યુલર અને રેડ કોર્નર નોટિસ પણ જાહેર કરવામાં આવી હતી. હર્ષિત જૈન દુબઈથી ડિપોર્ટ થયા બાદ અમદાવાદ એરપોર્ટ પર ઉતરતાં જ એસએમસી દ્વારા તેની ધરપકડ કરવામાં આવી હતી. હર્ષિતની પૂછપરછ દરમિયાન અનેક ચોંકાવનારા ખુલાસા થઈ શકે છે.

હર્ષિત જૈનની ધરપકડ બાદ પોલીસને તેની પાસેથી સટ્ટાકાંડના નાણાકીય વ્યવહારો, તેમાં સંકળાયેલા મોટા માથાઓ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલી રહેલા રેકેટ વિશે મહત્ત્વપૂર્ણ માહિતી મળવાની આશા છે આ ધરપકડથી ક્રિકેટ સટ્ટાકાંડના મૂળ સુધી પહોંચવામાં અને આવા ગુનાઓ પર અંકુશ લગાવવામાં પોલીસને મદદ મળશે.

આરોપી છેલ્લાં એક વર્ષથી ફરાર હતો. દુબઈથી તેની ધરપકડ કરવામાં આવી હતી. હર્ષિતની ઓફિસમાંથી ૨૨૦૦ કરોડથી વધુનો સટ્ટો પણ ઝડપાયો હતો. આ કેસમાં ૩૫થી વધુ આરોપીઓ ઝડપાઇ ચુક્યા છે. હર્ષિતના પકડાયા બાદ હવે સકંજો સૌરભ અને અમિત મજેઠિયા સુધી પહોંચશે. આ સહિત અન્ય બુકીઓને પણ પકડવામાં આવશે. વિદેશ ગયેલા બુકીઓને પકડવા માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૮ માર્ચ ૨૦૨૩ના રોજ અમદાવાદ પીસીબીની ટીમે ભૂતપૂર્વ પીઆઈ તરલ ભટ્ટના નેતૃત્વ હેઠળ માધુપુરામાં દરોડા પાડ્યો હતો. આ રેડમાં મહાવીર એન્ટરપ્રાઇઝના નામે ચાલતા સટ્ટા-હવાલા નેટવર્કનો પર્દાફાશ થયો હતો.પોલીસ તપાસમાં આરોપીની ઓફિસમાંથી ₹૨૨૦૦ કરોડથી વધુના સટ્ટાનું રેકોર્ડિંગ મળી

(જુઓ પાનું ૨) ▸▸

## રવિવારનું ચંદ્રગ્રહણ ઘણું લાંબું થશે

બેંગલૂરુ: ખગોળશાસ્ત્રીએ માહિતી આપી છે કે ૨૦૨૨ પછીનું સૌથી લાંબું પૂર્ણ ચંદ્ર ગ્રહણ સાત અને આઠ સપ્ટેમ્બર વચ્ચેની રાતમાં થવાનું છે.

ખગોળશાસ્ત્રીઓએ વધુમાં માહિતી આપી હતી કે ૨૭ જુલાઈ, ૨૦૧૮ પછી પ્રથમ વખત આખું ચંદ્ર ગ્રહણ દેશના બધા ભાગોમાં દેખાશે.

એસ્ટ્રોનોમિકલ સોસાયટી ઑફ ઈન્ડિયાની શિક્ષણ સમિતિનાં સભ્ય અને પુણેની નેશનલ સેન્ટર ફોર રેડિયો એસ્ટ્રોફિઝિક્સનાં એસોસિયેટ પ્રોફેસર દિવ્યા ઓબેરોયે કહ્યું હતું કે તમારે આગામી ચંદ્રગ્રહણ માટે ૩૧

(જુઓ પાનું ૨) ▸▸

## સોનાનો ભાવ નવી ટોચ પર

નવી દિલ્હીઃ રાજધાની દિલ્હીમાં શુક્રવારે ૯૯.૯ ટકા પ્યોરિટી ધરાવતા સોનાનો ભાવ પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૯૦૦ વધીને રૂ. ૧,૦૬,૯૭૦ની નવી ટોચની સપાટીએ પહોંચ્યો હતો. સ્ટોકિસ્ટો દ્વારા કરવામાં આવી રહેલી નવી ખરીદી અને મક્કમ ગ્લોબલ ટ્રેન્ડને પગલે સોનાનો ભાવ વિક્રમજનક સર્વોચ્ચ સપાટીની નજીક પહોંચી ગયો છે.

ટ્રેડરોના મતાનુસાર ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરે યોજાનારી આર્થિક નીતિવિષયક નિર્ણય લેતી બેઠકમાં આરબીઆઈ વ્યાજદરમાં ઘટાડો કરે એવી શક્યતા હોવાની માન્યતાને પગલે સોનાનાં ભાવમાં આગઝરતી તેજી જોવા મળી રહી છે.

ઑલ ઈન્ડિયા સરાફ એસોસિયેશનના જણાવ્યાનુસાર ૯૯.૫ ટકા પ્યોરિટી ધરાવતા સોનાનો ભાવ (બધા કરવેરા ગણીને) પણ શુક્રવારે પ્રતિ ૧૦ ગ્રામ રૂ. ૯૦૦ વધીને રૂ. ૧,૦૫,૨૦૦ થઈ ગયો હતો.

જોકે દિલ્હીમાં ચાંદીનો ભાવ શુક્રવારે પ્રતિકિલોગ્રામ રૂ. ૧,૨૫,૬૦૦ રહ્યો હોવાનું એસોસિયેશને કહ્યું હતું. (એજન્સી) ■

## ડૉલર સામે રૂપિયો નવા તળિયે જઈને પાછો ફર્યો

મુંબઈઃ ભારત પર અમેરિકા વધુ ટૅરિફ લાદે એવી શક્યતા અને વિદેશી રોકાણ સતત પાછું ખેંચાઈ રહ્યું હોવાનાં ભય વચ્ચે શુક્રવારે ડૉલર સામે રૂપિયો પંદર પૈસા ઘટીને અત્યાર સુધીની સૌથી નીચલી સપાટીએ એટલે કે રૂ. ૮૮.૨૭ (પ્રોવિઝનલ) પર પહોંચ્યો હતો, પણ અંતે રૂ. ૮૮.૦૯એ બંધ રહ્યો હતો. ફોરેક્સ ટ્રેડરોના મતાનુસાર ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો પણ રૂપિયાને વધુ નબળો પડતો અટકાવી નહોતો શક્યો. ઈન્ટરબૅન્ક ફૉરેન એક્સચેન્જમાં ડૉલરની સામે રૂપિયો રૂ. ૮૮.૧૧ પર ખૂલ્યો હતો અને ઈન્ટ્રા ડે દરમિયાન રૂ. ૮૮.૩૮ની નિમ્ન સપાટીને સ્પર્શ્યા બાદ રૂ. ૮૮.૨૭ની અત્યાર સુધીની સૌથી નીચલી સપાટી પર બંધ રહ્યો હતો. ગુરુવારે રૂપિયો ડૉલર સામે ૧૦ પૈસા ઘટીને રૂ. ૮૮.૧૨ પર બંધ રહ્યો હતો.

અગાઉ બીજી સપ્ટેમ્બરે રૂ. ડૉલર સામે રૂ.

(જુઓ પાનું ૨) ▸▸

મુંબઈ સમાચાર
શરૂ થઈ રહી છે
એક નવી ધારાવાહિક
નવલકથા
ઉત્તેજના
ઉત્કંઠા
રોમાંચ જગાડતી
એક દિલધડક કથા...
સોમ થી શનિ
રોજ એક તાજું પ્રકરણ
તમારી આતુરતાનો અંત ટૂંક સમયમાં...!

## માતા વૈષ્ણોદેવી યાત્રા સતત ૧૧મા દિવસે રહી સ્થગિત

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના રિયાસી જિલ્લામાં માતા વૈષ્ણો દેવીની ગુફા મંદિરની તીર્થયાત્રા શુક્રવારે સતત ૧૧મા દિવસે સ્થગિત રહી હતી. ૨૬ ઓગસ્ટના રોજ ભૂસ્ખલનમાં ૩૪ લોકોનાં મોત થયાં હતાં અને ૨૦ અન્ય ઘાયલ થયા હતા. દસ દિવસના ભારે વરસાદ, અચાનક પૂર અને ભૂસ્ખલન પછી હવામાનમાં નોંધપાત્ર સુધારો થયો હોવા છતાં અધિકારીઓએ યાત્રા ફરી શરૂ કરવા અંગે હજુ સુધી કોઈ નિર્ણય લીધો નથી.

એક અધિકારીએ જણાવ્યું હતું કે ''યાત્રા હજુ પણ સ્થગિત છે. ગયા અઠવાડિયે અધિકારીઓ દ્વારા યાત્રાળુઓની સલામતીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો. યાત્રા ફરી શરૂ કરવાનો નિર્ણય

(જુઓ પાનું ૨) ▸▸

## ૪૫ શિક્ષકને રાષ્ટ્રીય અવૉર્ડ

નવી દિલ્હી : રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શિક્ષણ અને અધ્યાપનમાં અનુપમ યોગદાન આપનાર દેશના ૪૫ શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક અવૉર્ડ એનાયત કર્યા હતા. શિક્ષણની મૌલિક રીતથી માંડીને વિપરિત સંજોગોમાં વિદ્યાર્થીના વિકાસ માટે સમર્પિત રહેનાર શિક્ષકોને અવૉર્ડ એનાયત કરાય છે. અવૉર્ડવિજેતાઓમાં પ્રથમ પેઢીના અભ્યાસુને પ્રેરણા આપે અને મૌલિક અધ્યાપન શાસ્ત્ર વડે યુવાનોના મગજને વિકસિત કરનારાઓનો સમાવેશ થાય છે.

એવૉર્ડવિજેતાઓમાં ડૉક્ટર લકીરેડ્ડી હનિમરેડ્ડી ગવર્નમેન્ટ ડિગ્રી કૉલેજના ફેકલ્ટી એમ. દેવેન્દ્ર કુમારનો સમાવેશ થાય છે. (એજન્સી) ■

## યુકેનાં નાયબ વડાં પ્રધાનનું ટૅક્સચોરી બદલ રાજીનામું

લંડનઃ યુનાઈટેડ કિંગડમનાં નાયબ વડા પ્રધાન એન્જેલી રાયનરે શુક્રવારે રાજીનામું આપ્યું હતું. એક સ્વતંત્ર તપાસમાં માલૂમ પડ્યું હતું કે તાજેતરના ઘરની ખરીદી પર સરકારી પ્રધાનો માટે જરૂરી નૈતિક ધોરણનું પાલન કર્યું નથી. બુધવારે એન્જેલાએ કબૂલાત કરી હતી કે ઈંગ્લેન્ડના દક્ષિણના તટના હોવેના એપાર્ટમેન્ટની ખરીદી વખતે પૂરતો વેરો ભર્યો નહોતો. રાયનરે ત્યાર બાદ તેમનો પ્રધાનમંડળના ધોરણ અંગેનો કેસ સ્વતંત્ર સલાહકાર લૌરી મેગ્નસને આપ્યો હતો. લૌરીએ શુક્રવારે યુનાઈટેડ કિંગડમના વડા પ્રધાન કૈર સ્ટાર્મરને અહેવાલ સોંપ્યો હતો. યુકેમાં સંપત્તિની ખરીદીમાં લેવી ચાર્જ કરવામાં આવે છે. વૈભવશાળી ઘરો (જુઓ પાનું ૨) ▸▸

## અમિત શાહ આજે ગણેશ વિસર્જનમાં ભાગ લેવા માટે હૈદરાબાદ જશે

હૈદરાબાદઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ શનિવારે ગણેશ વિસર્જન કાર્યક્રમમાં ભાગ લેવા માટે હૈદરાબાદની મુલાકાત લેશે. આ માહિતી તેલંગાણા ભાજપના પ્રમુખ એન. રામચંદર રાવે આપી હતી.

રામચંદર રાવના જણાવ્યા અનુસાર શાહ શહેરના મોઝમજાહી બજારમાં ગણેશ વિસર્જન દરમિયાન લોકોને સંબોધિત કરશે. તેલંગાણા ભાજપના પ્રમુખે જણાવ્યું કે ગણેશ વિસર્જન હૈદરાબાદના સૌથી મોટાં આયોજનો પૈકીનું એક છે. અમને ખુશી છે કે અમિત શાહ આ કાર્યક્રમમાં હાજરી આપવા માટે સંમત થયા છે.

ભાજપનાં સૂત્રોએ જણાવ્યું કે જાહેર સભા પહેલા શાહ ભાગ્યનગર ગણેશ ઉત્સવ સમિતિની ૪૬ વર્ષની સફર પર એક પ્રદર્શનીનું ઉદઘાટન કરશે. શાહ

(જુઓ પાનું ૨) ▸▸

## ભારત સાથેની મિત્રતા ગુમાવીઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકા અને ભારત વચ્ચેના સંબંધ પાછલા બે દાયકાના સંભવિત સૌથી ખરાબ તબક્કામાં પહોંચી ગયા હોવા વચ્ચે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે અમે ભારત સાથેની મિત્રતા ગુમાવી છે. ચીનને કારણે અમેરિકાએ ભારત અને રશિયાને ગુમાવી દીધા છે, એમ તેમણે કહ્યું હતું.

ચીનના ટિઆન્જિન શહેરમાં તાજેતરમાં જ પૂરી થયેલી એસસીઓની શિખર પરિષદ દરમિયાન ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીનના પ્રમુખ શી જિનપિંગ વચ્ચે જોવા મળેલી મિત્રતા બાદ ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર મૂકેલી પૉસ્ટમાં અમેરિકાએ ભારત સાથેની મિત્રતા ગુમાવી દીધી હોવાનું જણાવ્યું હતું. ચીનને લીધે અમેરિકાએ ભારત અને રશિયાને ગુમાવી દીધા હોવાનું જણાઈ રહ્યું છે એમ જણાવી ટ્રમ્પે આશા વ્યક્ત કરી હતી કે આ ત્રણે દેશ વચ્ચેના સંબંધ લાંબા સમય સુધી ટકી રહે અને સમૃદ્ધ બને. રશિયા પાસેથી ક્રૂડ તેલ ખરીદવાને પગલે ટ્રમ્પે ભારતથી આયાત કરવામાં આવતા માલસામાન પર પચાસ ટકા ટૅરિફ લાદવાની કરેલી જાહેરાત બાદ બંને દેશ વચ્ચેના સંબંધ વધુ વણસ્યા હતા. ■

## દક્ષિણ ગુજરાતમાં સિઝનનો ૧૦૦ ટકાથી વધુ વરસાદ

### ગુજરાતમાં ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાએ ફરી જમાવટ કરી છે. આ દરમિયાન હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. રાજ્યના કેટલાક જિલ્લામાં રેડ એલર્ટ જાહેર કરાયું હતું. હવામાન વિભાગ દ્વારા માછીમારોને ૯ સપ્ટેમ્બર સુધી દરિયો ન ખેડવા સલાહ આપવામાં આવી હતી.

સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર મુજબ રાજ્યમાં સિઝનનો ૯૫.૮૯ ટકા વરસાદ વરસ્યો છે. દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૦૧.૨૮ ટકા અને સૌરાષ્ટ્રમાં સૌથી ઓછો ૮૬.૫૧ ટકા વરસાદ પડ્યો છે. પૂર્વ મધ્યમાં ૯૯.૩૧ ટકા, ઉત્તર ગુજરાતમાં ૯૭.૩૩ ટકા અને કચ્છમાં ૮૮.૨૫ ટકા વરસાદ વરસ્યો છે. સરદાર સરોવર ડેમ તેની કુલ સંગ્રહ ક્ષમતાનો ૯૧.૪૬ ટકા ભરાયેલો છે. જ્યારે રાજ્યનાં અન્ય ૨૦૬ જળાશયોમાં ૮૩.૧૯ ટકા જળસંગ્રહ છે. રાજ્યના ૧૧૮ ડેમ હાઇ એલર્ટ પર છે, ૮૫ ડેમ ૧૦૦ ટકાથી વધુ ભરાયેલા છે. ૧૫

(જુઓ પાનું ૨) ▸▸

## દેશમાં કુલ મૃત્યુમાંથી એક તૃતીયાંશ હૃદયરોગને કારણે

નવી દિલ્હીઃ ભારતમાં હૃદય રોગ મૃત્યુદરનું મુખ્ય કારણ હોવાનું એક રિપોર્ટમાં સામે આવ્યું છે. જે લગભગ ૩૧ ટકા મૃત્યુ માટે જવાબદાર છે. ભારતના રજિસ્ટ્રાર જનરલ હેઠળ સેમ્પલ રજિસ્ટ્રેશન સર્વે દ્વારા રજૂ કરવામાં આવેલા નવીનતમ આંકડામાં આ માહિતી બહાર આવી છે.

બુધવારના રોજ પ્રકાશિત થયેલા 'ધ કોઝ ઓફ ડેથ રિપોર્ટઃ ૨૦૨૧-૨૦૨૩'માં જણાવાયું છે કે દેશમાં મૃત્યુનું મુખ્ય કારણ બિન-ચેપી રોગો છે, જે કુલ મૃત્યુના ૫૬.૭ ટકા છે. ચેપી રોગો, માતૃત્વ, પ્રસૂતિ અને પોષણ સંબંધિત સ્થિતિઓ

(જુઓ પાનું ૨) ▸▸

## એર ઈન્ડિયાની ફ્લાઈટના એન્જિનમાં સર્જાઈ ખામી

### વિમાનનું કરાયું ઈમરજન્સી લેન્ડિંગ

ઈન્દોરઃ એર ઇન્ડિયા એક્સપ્રેસની દિલ્હી-ઇન્દોર ફ્લાઇટનું ઇન્દોર એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. લેન્ડિંગ પહેલાં પાઇલટે એન્જિનમાં ટેકનિકલ ખામી સર્જાયા બાદ એટીસીને જાણ કરી હતી અને ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. વિમાનમાં ૧૬૧ મુસાફરો સવાર હતા. એક રિપોર્ટ અનુસાર, દિલ્હીથી ઇન્દોર આવી રહેલી એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટ નંબર આઇએક્સ-૧૦૨૮ ના પાઇલટને લેન્ડિંગ પહેલાં એન્જિનમાં ટેકનિકલ ખામી હોવાની માહિતી મળી હતી. આ પછી સુરક્ષાના કારણોસર શુક્રવારે સવારે વિમાનને ઇન્દોર એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. એટીસી કંટ્રોલ તરફથી માહિતી મળતા જ ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સ અને સીઆઇએસએફની ટીમો એરપોર્ટ પર તહેનાત કરવામાં આવી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે દિલ્હી-ઇન્દોર એર ઇન્ડિયા એક્સપ્રેસ ફ્લાઇટમાં ૧૬૧ મુસાફરો સવાર હતા. ફ્લાઈટના એન્જિનમાં ખામી સર્જાતા પાઇલટે ઈમરજન્સી કોલ કરવો પડ્યો હતો, પરંતુ

(જુઓ પાનું ૨) ▸▸

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ગણેશ વિસર્જને બ્લાસ્ટની ધમકી, લોકોની સતર્કતા જરૂરી

**શનિવારે** ગણપતિ વિસર્જન હોવાથી આખો દેશ ગણેશમય છે ત્યારે જ મુંબઈમાં ગણેશ ઉત્સવના સમાપન સમયે ડઝનબંધ બોમ્બ બ્લાસ્ટ કરીને ભારે તબાહી વેરવાની ધમકી આપતો મેસેજ મળતાં મુંબઈ પોલીસ દોડતી થઈ ગઈ છે. ધમકીભર્યા મેસેજમાં દાવો કરવામાં આવ્યો છે કે ૩૪ વાહનોમાં ‘સુસાઈડ બોમ્બર’ મૂકવામાં આવ્યા છે. ગણેશ વિસર્જન વખતે જ આ બોમ્બ ફૂટશે અને આખા શહેરને હચમચાવી નાખશે. ૧૦ દિવસનો ગણેશ ઉત્સવ હવે આખા દેશમાં ઉજવાય છે પણ મુંબઈમાં અલગ જ માહોલ હોય છે. મુંબઈ માટે તો ગણેશ વિસર્જન સૌથી મોટો તહેવાર છે અને ગણેશ વિસર્જનના દિવસે આખું મુંબઈ હિલોળે ચડે છે. ભગવાન ગણેશની હજારો મૂર્તિનાઓના વિસર્જનના ઉત્સવમાં લાખો લોકો ભાગ લે છે ત્યારે જ મુંબઈમાં મોતનો નગ્ન નાચ ખેલવાની ધમકી આપતો વોટ્સએપ મેસેજ પોલીસને મળતાં મુંબઈ હાઈ એલર્ટ પર છે.

ગણેશ ઉત્સવના છેલ્લા દિવસે એટલે અનંત ચતુર્દશીના દિવસે હુમલા કરવાની ધમકી આપતો મેસેજ ટ્રાફિક-પોલીસના સત્તાવાર વ્હોટ્સએપ નંબર પર મળ્યો છે. મેસેજમાં દાવો કરવામાં આવ્યો છે કે, મુંબઈમાં ૩૪ વાહનમાં હ્યુમન બોમ્બ મૂકવામાં આવ્યા છે અને તેમના વિસ્ફોટથી આખું મુંબઈ હચમચી જશે. મુંબઈમાં વિસ્ફોટ કરવા માટે ૪૦૦ કિલો ર્ઙ્ઘડ નો ઉપયોગ કરાશે અને ૧ કરોડ લોકોના જીવ જઈ શકે છે. ‘લશ્કર-એ-જેહાદી’ નામના કોઈએ નામ પણ સાંભળ્યું નથી એવા સંગઠન તરફથી અપાયેલી ધમકીમાં એવો દાવો પણ કરાયો છે કે, ૧૪ પાકિસ્તાની આતંકવાદી ભારતમાં ઘૂસી ગયા છે કે જે ભારતે કદી ના જોઈ હોય એવી તબાહી વેરશે.

આ ધમકી પછી મુંબઈ પોલીસ ધંધે લાગી ગઈ છે. એક તરફ જે વોટ્સએપ નંબર પરથી આ મેસેજ મોકલવામાં આવ્યો છે તેને ટ્રેસ કરવાના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે ને બીજી તરફ કોમ્બિંગ અને સર્ચ ઓપરેશન શરૂ કરાયાં છે. મુંબઈ ભારતનું સૌથી ગીચ વસતી ધરાવતું શહેર છે ને ગણેશ ઉત્સવના કારણે આખા શહેરમાં હકડેઠઠ ભીડ જામેલી હોય છે તેથી સર્ચ ઓપરેશન અઘરું છે પણ તેના વિના છૂટકો નથી કેમ કે આ મુદ્દો લોકોના જીવ સાથે સંકળાયેલો છે તેથી તેમાં કોઈ ચાન્સ ના લઈ શકાય.

મુંબઈ પોલીસ સતર્કતા બતાવી રહી છે એ જરૂરી છે કેમ કે મુંબઈ પહેલેથી આતંકવાદીઓના ટાર્ગેટ પર રહ્યું છે. મુંબઈ જેટલા ભીષણ આતંકવાદી હુમલા બીજા કોઈ શહેરમાં થયા નથી. મુંબઈને ટાર્ગેટ કરીને આખા ભારતમાં ખોફ ફેલાવી શકાય છે એ તો મુંબઈને વારંવાર ટાર્ગેટ કરવાનું કારણ છે જ પણ મુંબઈ દેશની આર્થિક રાજધાની હોવાથી મુંબઈમાં અશાંતિ સર્જીને દેશના અર્થતંત્રને ફટકો મારવાની મેલી મુરાદ પણ તેની પાછળ હોય છે. ભૂતકાળમાં દેશના જ ગદ્દારોની મદદથી આ મેલી મુરાદને બર લાવવામાં આતંકવાદી સફળ પણ થયા છે. ૧૯૯૩ના બોમ્બ બ્લાસ્ટ કે ૨૦૦૮નો ભીષણ હુમલો તેનાં ઉદાહરણ છે. કેન્દ્રમાં ભાજપની સરકાર આવી પછી મુંબઈ પર આતંકવાદી હુમલો થયો નથી એ સારું છે પણ તેના કારણે સાવ નચિંત ના થઈ જવાય. દેશમાં હજુ ગદ્દારો ભરેલા જ છે ને તક મળે તો દેશને બરબાદ કરવાની તક છોડે તેમ નથી એ જોતાં તમામ સાવચેતી જરૂરી છે.

ગણેશ વિસર્જન સમયે જ બ્લાસ્ટની ધમકી અપાઈ છે તેથી તેની ગંભીરતા વધી જાય છે કેમ કે એ વખતે સૌથી વધારે ભીડ હોય છે. આ ખતરાને સમજીને પોલીસ તો પોતાનું કામ કરી જ રહી છે પણ લોકો પણ સમજદારીથી કામ લે એ જરૂરી છે. આતંકવાદીઓની ધમકીથી ડરીને લોકો ઘરોમાં ભરાઈ રહે એ શક્ય નથી પણ બહાર નીકળે ત્યારે લોકો શિસ્ત અને સંયમ બતાવે ને પોલીસને સહકાર પણ આપે એ જરૂરી છે. વધારે ભીડ હોય એ વખતે નાનો કાંકરીચાળો પણ મોટી દુર્ઘટના સર્જી શકે એવો આપણો અનુભવ છે. ભારતમાં ધાર્મિક પ્રસંગે ઊમટતી ભીડ વખતે નાની અફવાના કારણે પણ લોકો ડરીને ભાગવા માંડે ને ધક્કામુકીમાં મોટા પ્રમાણમાં લોકોના જીવ ગયા હોય એવી ઘટનાઓનો તોટો નથી. ગણેશ વિસર્જન દરમિયાન બોમ્બ ના મુકાયા હોય પણ આ રીતે લોકોમાં ગભરાટ ફેલાવીને ધક્કામુક્કી કરાવવાનો કારસો હોય એવું પણ બને તેથી સાવચેતી જરૂરી છે. કંઈ પણ શંકાસ્પદ દેખાય તો લોકો તરત પોલીસને જાણ કરવાની સતર્કતા બતાવે એ જરૂરી છે.

આમ તો ભારતમાં છેલ્લા કેટલાક સમયથી ખોખલી ધમકીઓ આપીને પોલીસ અને એજન્સીઓને દોડતા કરવાનો વાવર છે અને આ ધમકી પણ એ જ પ્રકારની સાબિત થાય એવી આશા રાખીએ. થોડાક સમય પહેલાં ફ્લાઈટ્સમાં બોમ્બ મુકાયા હોવાના ફોન લગભગ દરરોજ આવતા. ફલાણી ફ્લાઈટમાં બોમ્બ મુકાયો છે ને ઢીંકણી ફ્લાઈટને ઉડાવી દઈશું એ પ્રકારના સાવ ખોટ્ટેખોટ્ટા ફોન કરાતા તેમાં પોલીસ ને બીજી એજન્સીઓ તો ધંધે લાગતી જ પણ સામાન્ય લોકો પણ પરેશાન થઈ જતાં હતાં. પોલીસ બોમ્બ છે કે નહીં તેની તપાસ કરે તેમાં ફ્લાઈટ મોડી પડે ને લોકોનો સમય બગડતો. કલાકોની તપાસ ને આખું વિમાન ઉપરનીચે કર્યા પછી કશું ના મળે એવું તમામ કેસોમાં બનેલું તેથી આ બધી ધમકીઓ સાવ પોકળ સાબિત થઈ હતી છતાં હજુ નવી ધમકી આવે તો તેને ગંભીરતાથી લેવી જ પડે કેમ કે સવાલ લોકોની સલામતીનો છે.

મુંબઈમાં પણ થોડા સમય પહેલાં આ રીતે છત્રપતિ શિવાજી ટર્મિનસને ઉડાવી દેવાની ધમકી મળી જ હતી. ૨૬ જુલાઈએ ધમકી મળેલી કે, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)ને બોમ્બથી ઉડાવી દેવામાં આવશે. ધમકી આપનારે કહેલું કે, સ્ટેશન પર બોમ્બ મૂકવામાં આવશે અને જોરદાર ધડાકા થશે. આ ધમકીના પગલે દોડતી થયેલી પોલીસે આખું સ્ટેશન ફેંદી નાખ્યું હતું પણ પોલીસને તપાસમાં કંઈ શંકાસ્પદ મળ્યું નહોતું. આ પ્રકારની ધમકીઓ બીજાં શહેરોમાં પણ મળી છે પણ કશું થયું નથી.

આ પ્રકારની ધમકીઓ આપનારા વિકૃત માનસિકતા ધરાવનારા લોકો હોય છે. આ લોકોમાં કશું કરવાની તાકાત હોતી નથી તેથી પોકળ ધમકીઓ આપીને અને લોકોને પરેશાન કરીને પિશાચી આનંદ મેળવે છે. તેમની માનસિકતા આપણે બદલી શકવાના નથી પણ આ ધમકી પણ પોકળ સાબિત થાય ને ગણેશ વિસર્જનનો ઉત્સવ નિર્વિઘ્ને પાર પડે એવી આશા રાખીએ.

## પહેલા પાનાનું ચાલુ

### રવિવારનું ચંદ્રગ્રહણ

ડિસેમ્બર, ૨૦૨૮ સુધી રાહ જોવી પડશે.

તેમણે કહ્યું હતું કે ગ્રહણ વિરલ અવકાશી ઘટના હશે. દરેક અમાસ કે પૂનમે ગ્રહણ થતા નથી, કારણ કે ચંદ્રની કક્ષા પૃથ્વીની કક્ષાથી પાંચ ડિગ્રી ઢળેલી છે. જ્યારે પૃથ્વી સૂર્ય અને ચંદ્રની વચ્ચે આવે છે ત્યારે ચંદ્રગ્રહણ થાય છે. ચંદ્રગ્રહણ સાત સપ્ટેમ્બરે રાતના ૮.૫૮ કલાકે શરૂ થશે.

સાયન્સ કોમ્યુનિકેશન્સના એજ્યુકેશનના વડા નિરજ મોહન રામાનુજમે કહ્યું હતું કે આ ગ્રહણ જોવા માટે કોઈ ઉપકરણની જરૂર નહીં પડે. તે નરી આંખે જોઈ શકાય છે. આ ગ્રહણમાં રાતો ચંદ્ર જોવા મળે છે. આંશિક ગ્રહણ સાત સપ્ટેમ્બરે રાતના ૯.૫૭ કલાકેથી દેખાશે. પૂર્ણ ગ્રહણ રાતના ૧૧.૦૧ કલાકથી ૧૨.૨૩ કલાકે જોવા મળશે. આંશિક તબક્કો ૧.૨૬ કલાકે પતશે. ગ્રહણ આઠ સપ્ટેમ્બરે ૨.૨૫ કલાકે બંધ થશે.

શનિવારથી હિન્દુ ધર્મ માટે જાણીતા ત્રણ મોટા અવસર આવી રહ્યા છે. છ સપ્ટેમ્બરે અનંત ચતુર્દશી ઉજવવામાં આવશે. આ દિવસે ગણેશોત્સવની પૂર્ણાહુતિ થાય છે. મહારાષ્ટ્રમાં તો આ ઉત્સવનો ઘણો મહિમા છે. ‘લાલબાગ ચા રાજા’ જેવાં મોટાં મંડળોના ગણપતિને આ દિવસે આખરી વિદાય આપવામાં આવે છે. આ દિવસે પરિવારમાં સુખ, શાંતિ સમૃદ્ધિ આવે એવી પ્રાર્થના કરવામાં આવે છે. સામાન્ય રીતે વહેતાં પાણીમાં મૂર્તિનું વિસર્જન કરવાનું શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે. જોકે હવે સમુદ્ર કે નદીમાં પ્રદૂષણ ન થાય એ માટે પાલિકા દ્વારા કૃત્રિમ તળાવો ઊભાં કરવામાં આવ્યાં છે. ઘરે પણ એક સ્વચ્છ પાત્રમાં પાણી ભરીને ગણેશની મૂર્તિનું વિસર્જન કરી શકાય.

ભાદરવા મહિનાની પૂનમનું ધાર્મિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે. આ દિવસે ભારતમાં દેખાનારું આ વર્ષનું છેલ્લું ગ્રહણ એટલે કે પૂર્ણ ચંદ્રગ્રહણ હોવાથી આ દિવસનું મહત્ત્વ વધી જાય છે. આ દિવસે સૂર્ય અને ચંદ્ર વચ્ચે પૃથ્વી આવીને ચંદ્રને ઢાંકી દેશે. આથી દાન , સત્કર્મ, સ્નાન, ઉપવાસ અને મંત્રજાપનું અનેરું મહત્ત્વ છે. ગ્રહણના દિવસે કરેલા મંત્રજાપનું સામાન્ય જાપ કરતાં અનેક ગણું ફળ મળે છે, એમ કહેવાય છે. ગ્રહણ દરમિયાન આહાર લેવાની મનાઈ છે. ગ્રહણના સૂતક કાળ દરમિયાન મંદિરોનાં દ્વાર બંધ થઈ જાય છે. આ ગ્રહણ ભારતમાં દેખાવાનું હોવાથી એનું સૂતક પાળવાનું છે. ૨૧ સપ્ટેમ્બરે સૂર્યગ્રહણ છે, પરંતુ એ ભારતમાં દેખાવાનું નથી.

ચંદ્રગ્રહણ સાત અને આઠ સપ્ટેમ્બરની રાત વચ્ચે થશે. એની શરૂઆત સાત સ્પેટમ્બરના રોજ રાત્રે ૯.૫૬ કલાકથી થશે. ગ્રહણનો મધ્ય ભાગ ૧૧.૪૧ કલાકે હશે. આ ગ્રહણ ૧.૨૬ કલાકે સમાપ્ત થશે. આ પૂર્ણ ચંદ્રગ્રહણ એશિયા, હિન્દ મહાસાગર, એન્ટાર્કટિકા, પ્રશાંત મહાસાગર, ઓસ્ટ્રેલિયા અને યુરોપમાં દેખાશે. સૂચક નવ કલાક પહેલાં એટલે કે બપોરે ૧૨.૫૬ કલાકે શરૂ થશે અને ગ્રહણના અંત સાથે એની સમાપ્તી થશે.

આઠ સપ્ટેમ્બરે પિતૃપક્ષ એટલે કે શ્રાદ્ધ પક્ષની પ્રતિપદા છે. પિતૃપક્ષ અશ્વિન કૃષ્ણ પક્ષના અમાસ સુધી ચાલે છે. શ્રાદ્ધ પક્ષનો અંત ૨૧ સપ્ટેમ્બરે આવશે. પિતૃપક્ષમાં પૂર્વજોનું સ્મરણ કરીને તેમને તર્પણ, પિંડદાન, ધૂપ અને ધ્યાન અર્પણ કરવાનો રિવાજ છે. પિતૃપક્ષમાં પિતૃઓનું ધ્યાન ધરવાથી પરિવારમાં સુખ રહે છે અને સારી સંતતિ મળે છે.

દરમિયાન ભારતના વડા પ્રધાન નરકેન્દ્ર મોદીએ ઓનમ નિમિત્તે કેરળના લોકોને શુભેચ્છા પાઠવી હતી.

સાતમી સપ્ટેમ્બરના રોજ ભારતમાં પૂર્ણ ચંદ્રગ્રહણ દેખાશે. આ ચંદ્રગ્રહણ ખગોળશાસ્ત્રીઓ અને વિજ્ઞાન ઉત્સાહીઓ માટે બ્લડ મૂન ( રેડ મૂન) જોવા માટેની વિશેષ તક બની રહેશે. આ વર્ષે ભારતમાંથી બહુ ઓછા ગ્રહણો દેખાયા. તેથી, ચંદ્રગ્રહણ જોવાની આ એક સારી તક હશે.

ગ્રહણ રાત્રે ૯.૨૭ વાગ્યે શરૂ થશે અને ૧૨.૨૨ વાગ્યા સુધી દેખાશે. આ ગ્રહણ કુલ પાંચ કલાક અને ૨૭ મિનિટ સુધી દેખાશે, જેમાં છાયાકલ્પની શરૂઆત રાત્રે ૯ વાગ્યે થશે. ખંડગ્રાસ ગ્રહણ સવારે ૯.૫૭ વાગ્યે શરૂ થશે જ્યારે ખગ્રાસ ગ્રહણ રાત્રે ૧૧ વાગ્યે શરૂ થશે, અને તે રાત્રે ૧૨:૨૨ વાગ્યા સુધી દેખાશે. આ સમય દરમિયાન, ચંદ્ર લાલ દેખાશે, તેથી જ તેને બ્લડ મૂન અથવા રેડ મૂન કહેવામાં આવે છે.

ખગ્રાસનો સમયગાળો બે કલાક અને ૭ મિનિટનો રહેશે. જો આકાશમાં વાદળછાયું વાતાવરણ ન હોય, તો તે જગ્યાએ ખૂબ જ સુંદર ગ્રહણ જોઈ શકાય છે.

આ વર્ષનું છેલ્લું સૂર્યગ્રહણ ૨૧ સપ્ટેમ્બરના રોજ દેખાશે, પરંતુ તે ભારતમાં જોવા નહીં મળે. આ સૂર્યગ્રહણ ફક્ત ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલિયા, પેસિફિક, એટલાન્ટિક અને ન્યુઝીલેન્ડના કેટલાક ભાગોમાં જ દેખાશે. ■

### દક્ષિણ ગુજરાતમાં

ડેમમાં ૨૫ ટકાથી ઓછો જળસંગ્રહ છે.

ગુજરાતમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૧૬ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. અરવલ્લીના ધનસુરામાં સૌથી વધુ ૪.૩૭ ઇંચ, ધનસુરામાં ૨.૭૬ ઇંચ, કડાણામાં ૨.૬૮ ઇંચ, સોનગઢમાં ૨.૫૨ ઇંચ, વિસાવદરમાં ૨.૪૦ ઇંચ, સૂત્રાપાડામાં ૨.૦૯ ઇંચ, લુણાવાડામાં ૨.૦૧ ઇંચ, ઉચ્છલમાં ૨.૦૧ ઇંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં એક તાલુકામાં ચાર ઇંચથી વધારે, સાત તાલુકામાં બે ઇંચથી વધારે વરસાદ નોંધાયો હતો. જ્યારે ૨૮ તાલુકામાં એક ઇંચથી વધારે વરસાદ વરસ્યો હતો.

ખેડામાં ૫, આણંદમાં ૪, અરવલ્લીમાં ૧૧, સાબરકાંઠામાં ૧, વડોદરામાં ૪, છોટાઉદેપુરમાં ૨૬, ભરૂચમાં ૧૩, નર્મદામાં ૩, મહિસાગરમાં ૩, પંચ મહાલમાં ૧, દાહોદમાં ૯, સુરતમાં ૪૬, તાપીમાં ૨૫, નવસારીમાં ૧૪, વલસાડમાં ૧૧, ડાંગમાં ૪, રાજકોટમાં ૧, જામનગરમાં ૧, ભાવનગરમાં ૨, જૂનાગઢમાં ૮, અમરેલીમાં ૨, પોરબંદરમાં ૨૫ મળી કુલ ૨૧૯ રોડ રસ્તા બંધ છે.

વડોદરા નજીક આવેલા સિંધરોટ ગામમાં મહીસાગર નદીના પૂરના પાણી ઘૂસી જતાં ૧૨૫ જેટલાં ઘરો, મંદિરો, દુકાનો અને સ્કૂલ પાણીમાં ડૂબી ગયાં છે, જ્યારે ગ્રામજનો અને પશુઓનું સ્થળાંતર કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઉપરવાસમાં વરસાદને પગલે વડોદરાની હેરણ નદીમાં પાણીની ભરપૂર આવક થતા અરણિયાને જોડતા કોઝવે ઉપરથી પાણી પસાર થતા ગામ સંપર્ક વિહોણું થયું હતું. હેરણ નદી બંને કાંઠે વહેતા આસગોલ અને અરનિયા ગામ થયા સંપર્ક વિહોણા હતા.

નર્મદા ડેમમાંથી પાણી છોડાતા નર્મદા નદી બે કાંઠે વહેતી થઈ હતી. જેને લઈ ચાણોદ પાસે મલ્હાર રાવ ઘાટના ૯૫ પગથિયા પાણીમાં ગરકાવ થઈ ગયા હતી. નર્મદા, વડોદરા અને ભરૂચ જિલ્લાના કાંઠા વિસ્તારોને સાવધ રહેવા એલર્ટ અપાયું હતું. ભરૂચના ગોલ્ડનબ્રિજ નજીક નર્મદા નદીની ભયનજક સપાટી ૨૪ ફૂટ પર પહોંચી હતી. જેને લઈ તંત્ર દ્વારા નદી કાંઠા વિસ્તારના ગામોને એલર્ટ કરાયા હતા. તાપીના ઉકાઈ ડેમમાં પાણીની જોરદાર આવક થતાં ૧૨ દરવાજા ખોલી તાપી નદીમાં ૧ લાખ ૬૩ હજાર ૧૪૮ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. ઉકાઈ ડેમની સપાટી ૩૩૭.૯૦ ફૂટ પહોંચી હતી.

વરસાદના કારણે મહીસાગર જિલ્લામાં આવેલ મહી નદી પરનો તંત્રોલી પુલ બંધ કરવામાં આવ્યો હતો. મલેકપુરથી ખાનપુરને જોડતા પુલ પર મહી નદીના પાણી ફરી વળતા પુલ બંધ થતાં લોકોને ૨૦થી ૨૫ કિલોમીટર ફેરો કરી જવાનો વારો આવ્યો હતો. ■

### દેશમાં કુલ

૨૩.૪ ટકા મૃત્યુ માટે કારણ બને છે. જે ૨૦૨૦-૨૦૨૨(કોવિડથી પ્રભાવિત) સમયગાળામાં અનુક્રમે ૫૫.૭ ટકા અને ૨૪.૦ ટકા હતા.અહેવાલમાં જણાવ્યા અનુસાર એકંદરે હૃદય રોગ મૃત્યુનું મુખ્ય કારણ છે. જે લગભગ ૩૧ ટકા લોકોનો ભોગ લે છે. ત્યારબાદ શ્વસન ચેપ(૯.૩ ટકા), જીવલેણ એટલે કે અસાધ્ય અને અન્ય નીઓપ્લાસ્મ(૬.૪ ટકા) અને શ્વસન રોગ(૫.૭ ટકા) આવે છે. ૩૦ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં જીવનશૈલી સંબંધિત હૃદયરોગ મૃત્યુનું મુખ્ય કારણ છે. જ્યારે ૧૫-૨૯ વર્ષના આયુ વર્ગમાં મૃત્યુનું સૌથી સામાન્ય કારણ ઇરાદાપૂર્વકની ઇજાઓ અને આત્મહત્યા છે.

અહેવાલમાં મૃત્યુનાં અન્ય કારણોમાં પાચન રોગો(૫.૩ ટકા), અજ્ઞાત કારણોસર આવતો તાવ(૪.૯ ટકા), મોટર વાહન અકસ્માતો સિવાય અજાણતા પહોંચેલી ઇજાઓ(૩.૭ ટકા), ડાયાબિટીસ(૩.૫ ટકા) અને જનનાંગ રોગો(૩.૦ ટકા)નો સમાવેશ થાય છે. અહેવાલમાં જણાવાયું છે કે ઇજાઓથી ૯.૪ ટકા મૃત્યુ થાય છે અને અસ્પષ્ટ કારણોથી ૧૦.૫ ટકા મૃત્યુ થાય છે. જો કે અસ્પષ્ટ કારણોમાંથી મોટાભાગના મૃત્યુ વૃદ્ધાવસ્થા(૭૦ વર્ષ કે તેથી વધુ)માં થાય છે.■

### માતા વૈષ્ણોદેવી

તમામ પાસાઓનું મૂલ્યાંકન કર્યા પછી યોગ્ય સમયે લેવામાં આવશે.'' એમ અધિકારીએ જણાવ્યું હતું.

કોવિડ-૧૯ મહામારી પછી આ સૌથી લાંબા સમય સુધી યાત્રા સ્થગિત રહી હતી જેમાં અધિકારીઓ યાત્રાળુઓની સલામતીને પ્રાથમિકતા આપે છે અને કટરામાં ક્ષતિગ્રસ્ત રસ્તાઓ અને કોમર્શિયલ માળખાઓનું સમારકામ કરવામાં આવી રહ્યું છે.

૨૬ ઓગસ્ટના રોજ કટરા ક્ષેત્રના ત્રિકુટ પહાડીઓમાં અધકુવારી ખાતે ભૂસ્ખલનમાં ૩૪ શ્રદ્ધાળુઓના મોત થયા હતા અને ૨૦ અન્ય ઘાયલ થયા હતા. તે જ દિવસે યાત્રાને આગામી આદેશ સુધી સ્થગિત કરવામાં આવી હતી. દરમિયાન માતા વૈષ્ણો દેવી મંદિરના બેઝ કેમ્પ, જમ્મુ અને કટરા વચ્ચે સ્થાનિકો અને ફસાયેલા મુસાફરોની અવરજવરને સરળ બનાવવા માટે શરૂ કરાયેલી લોકલ ટ્રેન સેવાઓ સ્થગિત રહી હતી. ■

### ઍર ઈન્ડિયાની

વિમાનને તરત જ સુરક્ષિત રીતે લેન્ડ કરવામાં આવ્યું હતું તેમણે કહ્યું હતું કે વિમાન પોતાના નિર્ધારિત સમયથી ૨૦ મિનિટ મોડું દેવી અહિલ્યાબાઈ હોલકર એરપોર્ટ પર ઊતર્યું હતું, કારણ કે હવામાં ઓઇલ ફિલ્ટરમાં શંકાસ્પદ સમસ્યા આવી હતી અને વિમાનમાં સવાર તમામ મુસાફરો સુરક્ષિત છે.

એરપોર્ટના ડિરેક્ટર વિપિનકાંત સેઠે પીટીઆઇને જણાવ્યું હતું કે, દિલ્હીથી ઇન્દોર આવી રહેલા એર ઇન્ડિયા એક્સપ્રેસ વિમાનના એક એન્જિનમાં ટેકનિકલ ખામી હોવાની માહિતી મળ્યા બાદ અમે તમામ સાવચેતી રાખી અને વિમાન સવારે ૯:૫૫ વાગ્યે ઇન્દોર એરપોર્ટ પર ઊતર્યું હતું. ફ્લાઇટના ક્રૂ સભ્યો અને તમામ ૧૬૧ મુસાફરો સંપૂર્ણપણે સુરક્ષિત છે

સેઠે જણાવ્યું હતું કે વિમાનના પાઇલટે એર ટ્રાફિક કંટ્રોલ (એટીસી) ને ‘પાન-પાન’ સિગ્નલ મોકલ્યો હતો, ત્યારબાદ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી) મુજબ એરપોર્ટ પર આગ અને તબીબી વ્યવસ્થા કરવામાં આવી હતી. આ ઘટના વિશે વાત કરતા એર ઇન્ડિયા એક્સપ્રેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, ‘‘ઇન્દોરમાં ઉતરતી વખતે શંકાસ્પદ ઓઇલ ફિલ્ટર સમસ્યાને કારણે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજરનું પાલન કરીને વિમાનને સુરક્ષિત લેન્ડ કરાયું હતું. અમારા પાઇલટ્સે આવા સાવચેતીભર્યા પગલાં લેવા માટે સારી તાલીમ મેળવી છે.'' ■

### મુંબઈમાં

સમગ્ર દેશને હચમચાવી નાખશે.

મુંબઈમાં શનિવારે ગણોશોત્સવના દસમા દિવસની ઉજવણી કરવામાં આવશે અને આ નિમિત્તે લાખો લોકો શહેરના રસ્તાઓ અને ગલીએ ગલીએ ઉમટી પડવાના હોવાને કારણે પોલીસ સુરક્ષાવ્યવસ્થામાં વ્યસ્ત છે.

પોલીસ ધમકીભર્યા સંદેશાનો સ્રોત શોધવાની સાથે સાથે શહેરમાં કોઈપણ પ્રકારની અણછાજતી ઘટના ન બને તે માટે સાવચેતીનાં તમામ પગલાં લઈ રહી છે.

શહેરના ચાવીરૂપ સ્થળોએ સુરક્ષાવ્યવસ્થા સઘન કરવામાં આવી છે અને વિવિધ સ્થળે કોમ્બિંગ ઑપરેશન હાથ ધરવામાં આવી રહ્યાં છે.

પોલીસે લોકોને અફવાઓથી દોરવાઈ ન જવાની અપીલ કરી છે અને કોઈપણ પ્રકારની શંકાશીલ હિલચાલ દેખાય તો પોલીસને તાત્કાલિક જાણ કરવાની વિનંતી કરી છે. (એજન્સી) ■

### અમદાવાદના

આવ્યું હતું. આ સમગ્ર રેકેટ બેંક ટ્રાન્ઝેક્શન્સ અને હવાલા મારફતે ચાલતું હતું.

પોલીસને એક મોબાઈલ એપ્લિકેશન પણ મળી હતી, જેના માધ્યમથી બુકીઓ સટ્ટો રમાડતા હતા. તેઓ એજન્ટો મારફતે આઈડી બનાવી લોકોને સટ્ટો રમવા માટે જોડતા હતા. આ કેસના મુખ્ય આરોપી હર્ષિત જૈન છેલ્લાં એક વર્ષથી પોલીસને ચકમો આપી રહ્યો હતો. પોલીસે તેની સામે લુકઆઉટ સર્ક્યુલર અને રેડ કોર્નર નોટિસ પણ બહાર પાડી હતી. આખરે, ગુજરાત સ્ટેટ મોનિટરિંગ સેલે દુબઈ પોલીસના સહકારથી ઓપરેશન પાર પાડીને વહેલી સવારે ૪ વાગે હર્ષિત જૈનને દુબઈથી ડિપોર્ટ કરાવ્યો હતો. અમદાવાદ એરપોર્ટ પર ઉતરતા જ તેની ધરપકડ કરવામાં આવી હતી. ■

### અમિત શાહ આજે

પાર્ટીના નેતાઓ સાથે એક બેઠક પણ કરશે. ત્યારબાદ તેઓ સશસ્ત્ર સીમા દળ(એસએસબી)ની ૨૮મી બટાલિયનના મુખ્યાલયનો વર્ચ્યુઅલ શિલાન્યાસ કરશે.

આ દરમિયાન રાવે કેન્દ્ર સરકારના જીએસટી સ્લેબ ઘટાડવાના પગલાનું સ્વાગત કર્યું હતું. તેમ જ જીએસટી દરોમાં ઘટાડાને એક ‘ઐતિહાસિક નિર્ણય’ ગણાવ્યો હતો. તેમણે કહ્યું કે જીએસટીમાં ફેરફારથી જરૂરી ચીજવસ્તુઓના ભાવ ઘટશે અને તેનાથી ગરીબ અને મધ્યમ વર્ગને ફાયદો થશે.

બીઆરએસના ભૂતપૂર્વ નેતા કે. કવિતા વિશે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે ભાજપમાં ભ્રષ્ટ લોકો માટે કોઇ સ્થાન નથી પછી ભલે તે કવિતા હોય કે અન્ય કોઇ હોય. કેસીઆરના નેતૃત્વ હેઠળના બીઆરએસમાંથી સસ્પેન્ડ થયા બાદ કવિતાએ બુધવારે પાર્ટીમાંથી રાજીનામાની જાહેરાત કરી હતી. ■

### ડૉલર સામે

૮૮.૧૫ની સૌથી નીચલી સપાટીએ બંધ રહ્યો હતો.

ટ્રમ્પ ભારતના આઈટી સેક્ટર પર વધુ ટૅરિફ લાદે એવી અફવાને પગલે અત્યાર સુધીની સૌથી નીચલી સપાટી પર બંધ રહ્યો હતો. આ અફવાને કારણે આઈટી ક્ષેત્રની કંપનીના શેરના ભાવમાં પણ ઘટાડો થયેલો જોવા મળ્યો હતો. (એજન્સી) ■

### યુકેનાં નાયબ વડાં

અને સેકન્ડરી રેસિડન્સમાં ઊંચા દરે લેવી લગાડવામાં આવે છે. અહેવાલો સૂચવે છે કે રાયનરે યોગ્ય લેવી એટલે કે સ્ટેમ્પ ડ્યુટી ન ભરીને ૪૦,૦૦૦ પાઉન્ડનો વેરો બચાવ્યો હતો.

રાયનર મજૂર સરકારમાં આવાસ ખાતું સંભાળતા હતા. તેમની સ્પષ્ટ વકતાની છાપ હતી. તેમણે રૂઢિચુસ્ત વહીવટીતંત્રમાં જાણીબુઝીને વેરો ઓછો ભરનારનો વિરોધ કર્યો હતો. મજૂર પક્ષે જુલાઈ ૨૦૨૪માં સત્તા મેળવી હતી. (એજન્સી) ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન - સૌર શરદઋતુ, શનિવાર, તા. ૬-૯-૨૦૨૫, અનંત ચતુર્દશી, શ્રી ગણેશ વિસર્જન

- ભારતીય દિનાંક ૧૫, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ-૧૪
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૪
- પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૩મો દએપદીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર ઘનિષ્ઠા રાત્રે ક. ૨૨-૫૫ સુધી, પછી શતભિષા.
- ચંદ્ર મકરમાં સવારે ક. ૧૧-૨૦ સુધી, પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૭-૩૯, રાત્રે ક. ૧૯-૦૧.
- ઓટઃ બપોરે ક. ૧૪-૦૦, મધ્યરાત્રિ પછી ક. (તા. ૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - ચતુર્દશી. અનંત ચતુર્દશી, શ્રી ગણેશ વિસર્જન, હર્ષલ વક્રી સવારે ક. ૧૦-૨૩, પંચક પ્રારંભ સવારે ક. ૧૧-૨૦. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રે ક. ૨૫-૪૧, સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુનીમાં, વાહન મહિષી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી ગણેશ મહાઉત્સવ સમાપન, શ્રી ગણેશ વિદાય વિશેષ અર્ચના પૂજા, મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાલ ચાલીસા, સુંદર કાંડ, વાંચન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સર્વદેવ પ્રતિષ્ઠા, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, બગીચો બનાવવો, ખેતીવાડીના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ હર્ષલ સ્તંભી થઈ વક્રી થશે.

ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

**દક્ષિણાયન - સૌર શરદઋતુ, રવિવાર, તા. ૭-૯-૨૦૨૫, પૌષ્ઠપદી પૂર્ણિમા, અંબાજીનો મેળો, ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં દેખાશે).**

- ભારતીય દિનાંક ૧૬, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ સુદ-૧૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૫
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૨મો ગોવાદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૫મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર શતભિષા રાત્રે ક. ૨૧-૪૦ સુધી, પછી પૂર્વાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૫, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૦, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ગ

- ભરતીઃ સવારે ક. ૦૯-૦૭, રાત્રે ક. ૨૦-૫૦
- ઓટઃ બપોરે ક. ૧૫-૨૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૫ (તા. ૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, ‘વિશ્વાવસુ’નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - પૂર્ણિમા. વ્રતની પૂનમ, પૌષ્ઠપદી પૂર્ણિમા, ભાગવત સપ્તાહ સમાપ્તિ, સંન્યાસીના ચાતુર્માસ સમાપ્તિ, અંબાજીનો મેળો, ગોત્રિ-રાત્રિ વ્રત સમાપન, અન્વાધાન, ઈન્દ્ર ગોવિંદપૂજા (ઓરિસ્સા), નારાયણગુરુ જયંતી (કેરાલા), પંચક, ભદ્રા સમાપ્તિ બપોરે ક. ૧૨-૪૧. ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં દેખાશે), સૂર્ય મહાનક્ષત્ર પૂર્વાફાલ્ગુનીમાં, વાહન મહિષી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ કુળદેવી, કુળદેવતા સ્થાનક, દર્શન યાત્રા, નદી, સરોવર, સમુદ્ર સ્નાન, ખગ્રાસ ચંદ્રગ્રહણ દેખાવાનું હોઈ નિયમ પાલન પાળવા. ગ્રહણ સ્નાનનો મહિમા, ગ્રહણ પર્વકાળમાં ઈષ્ટ દેવતા, ગુરુ મંત્રના જાપ, અનુષ્ઠાન, શિવધ્યાન, પંચાક્ષર મંત્ર જાપ આ ગ્રહણ કુંભ રાશિ, પૂર્વાભાદ્રપદા નક્ષત્રમાં થાય છે. દેખાવાનાં સ્થળોઃ મુંબઈ, યુરોપ, એશિયા, ઓસ્ટ્રેલિયા, આફ્રિકા, પેસિફિક, એટલાન્ટિક, હિન્દ મહાસાગર, આર્કટિક એટલાન્ટિકા. ગ્રહણ સ્પર્શઃ ક. ૨૧-૫૭, ગ્રહણ મધ્યઃ ૨૩-૪૧, ગ્રહણ મોક્ષઃ ક. ૨૫-૨૬
- આચમનઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ, ગપ્પા મારવાની આદત.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ પ્રતિયુતિ, ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી ઉત્તરે થશે. ખગ્રાસ ચંદ્રગ્રહણ (ભારતમાં દેખાશે.)
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■




# તમારા હૃદયને જાણોઃ સાદી ટેસ્ટ તમારી જિંદગી બચાવી શકે છે

મુંબઈમાં હૃદયરોગ એ મૃત્યુનું મુખ્ય કારણ બની રહે છે, જે ચેતવણી આપ્યા વગર ઘણીવાર ત્રાટકે છે. છાતીમાં બેચેની, શ્વાસમાં તકલીફ, ચક્કર આવવા અને થાક એ તાણ હેઠળનું હૃદય મદદ માંગી રહ્યું છે એમ કહેવાય.

સદ્નસીબે, અદ્યતન ટેકનોલોજી તકલીફને વહેલી પારખી લે એવા સાધનો આપે છે. દેશભરની ક્લિનિક્સમાં અને વિશેષ કરીને ડૉ. તનય પાડગાંવકરની ઓપેરા હાઉસ ખાતેની ક્લિનિક્સમાં તેઓ પ્રિવેન્ટીવ અને કોમ્પ્લેક્સ મિનિમલી ઈનવેઝીવ હાર્ટ સર્જરીમાં નિપુણતા સાથેના ઈન્ટરવેનશનલ કાર્ડિયોલોજિસ્ટ છે. તેઓ કહે છે, ''નિયમિત કાર્ડિયેક પરીક્ષણ, લક્ષણો ગંભીર થઈ જાય તે પહેલાં જીવન-રક્ષક જાણકારી આપે છે.''

જ્યારે ઘણા દર્દીઓને ચિહ્નો દેખાયા પછી હૃદયમાં પરીક્ષણ માટે કહેવામાં આવે છે, પણ વહેલી તપાસ પરિણામોને બદલી શકે છે. ડૉ. પાડગાંવકર લોકોને સંકેતોને નહીં અવગણવા વિનંતી કરે છે.


સંકેતો જેવા કેઃ

- **છાતીમાં બેચેની અથવા દબાણ**
- **પાલ્પિટેશન અથવા અનિયમિત ધબકારા**
- **શ્વાસમાં તકલીફ, ખાસ કરીને પરિશ્રમ બાદ**
- **ન સમજાય તેવો થાક કે ચક્કર આવવા**
- **પગ કે ઘૂંટીમાં સોજો**
- **હૃદયરોગનો કૌટુંબિક ઈતિહાસ**
- **ડાયાબિટીસ કે હાઈ બી.પી. જેવી વર્તમાન પરિસ્થિતિ**

''આ લક્ષણો કદાચ સામાન્ય લાગે,'' તેઓ કહે છે, ''પણ તમારું હૃદય તમારું ધ્યાન ખેંચવા માગતું હોય એના હોઈ શકે.''

**હૃદયની ચાર આવશ્યક ટેસ્ટ્સ જે હાર્ટ એટેકને રોકવામાં મદદ કરી શકે અને ક્યારે એ કરાવી લેવી જોઈએ તેને ધ્યાનથી જોઈએ.**






## ૧ ઈ.સી.જી. (ઈલેક્ટ્રોકાર્ડિઓગ્રામ) નિદાનનું પહેલું પગથિયુંઃ

ઈલેક્ટ્રોકાર્ડિઓગ્રામ (ઈ.સી.જી.) કાર્ડિયોલોજીમાં નિદાન માટે સૌથી વધુ વપરાતા સાધનોમાંનું એક છે. આ નોન-ઈનવેઝિવ ટેસ્ટ હૃદયની ઈલેક્ટ્રિકલ પ્રવૃત્તિઓની નોંધ રાખે છે અને અસામાન્ય રીધમ, પહેલાંના હાર્ટ એટેક અથવા ઈસ્કેમિયાના આગોતરા લક્ષણોને દર્શાવે છે.

''ઘણીવાર તે તપાસની પહેલી લાઈન હોય છે, જ્યારે દર્દી છાતીના દુઃખાવાની કે પાલ્પિટેશનની જાણ કરે છે,'' ડૉ. પાડગાંવકર સમજાવે છે. એમની ક્લિનિકમાં, અત્યાધુનિક સાધનો દ્વારા આ ટેસ્ટ કરવામાં આવે છે અને પરિણામો તાત્કાલિક જોવામાં આવે છે. ''ઝડપ અને ચોક્સાઈ એ ચાવી છે,'' તેઓ ઉમેરે છે. ''અમે ખાતરી કરીએ છીએ કે રિપોર્ટનો અર્થ દર્દી ત્યાં અને ત્યારે જ સમજે.'' ઈ.સી.જી. ફક્ત થોડીક મિનિટો જ લે છે અને વધુ ગંભીર પરિસ્થિતિ માટેની નિર્ણાયક આગોતરી ચેતવણી આપી શકે છે.

## ૨ 2D એકોકાર્ડિયોગ્રાફીઃ હૃદયને ગતિમાં જોવું

ઈ.સી.જી. જે ઈલેક્ટ્રિકલ પ્રવૃત્તિને માપે છે, તેનાથી વિપરીત રીતે 2D ઈકો અલ્ટ્રાસાઉન્ડ તરંગોના ઉપયોગથી હૃદયની જીવંત તસવીર આપે છે. વાલ્વનું કાર્ય, દીવાલની ક્ષતિ અને પમ્પિંગ ક્ષમતાની આકારણી માટે આ નોન-ઈન્વેઝિવ ટેસ્ટ છે.

''એ હૃદયને વાસ્તવિક પરિસ્થિતિમાં જોવા જેવું છે.'' ડૉ. પાડગાંવકર કહે છે. ''એ કેટલી સારી રીતે સંકુચન પામી શકે છે, કોઈ વાલ્વમાં લીકેજ છે કે નહીં, અને કોઈ ચેમ્બર પહોળું થયું છે કે નહીં તે આપણે માપી શકીએ છીએ.''

એમની ક્લિનિક હાઈ-રિઝોલ્યુશન ઈમેજિંગ સિસ્ટમ સાથે સજ્જ છે અને તેઓ વ્યક્તિગત દરેક ઈકોકાર્ડિયોગ્રામ કરે છે. દર્દીને એમના હૃદયની પરિસ્થિતિ અંગે સોનોગ્રાફી શું દર્શાવે છે તેની સ્પષ્ટ, સરળ ભાષામાં સમજણ આપવામાં આવે છે.

આ ટેસ્ટ ખાસ કરીને જેમને ઊંચો રક્તદાબ હોય, હૃદયના અવાજો, શ્વાસની તકલીફના કે પગના સોજાનાં લક્ષણો હોય તેમના માટે ભલામણ કરવામાં આવે છે.

## ૩ ટ્રેડમીલ સ્ટ્રેસ ટેસ્ટઃ દબાણની પરિસ્થિતિમાં હૃદય કેવી પ્રતિક્રિયા આપે છે

શારીરિક શ્રમ વખતે હૃદય કેવું કામ કરે છે તેનું ટ્રેડમીલ સ્ટ્રેસ ટેસ્ટ મૂલ્યાંકન કરે છે. ટ્રેડમીલ પર દર્દી વધતી ઝડપે ચાલતો જાય છે ત્યારે તેમના ઈ.સી.જી., હૃદયના ધબકારા અને રક્તદાબનું સતત નિરીક્ષણ રાખવામાં આવે છે.



''હૃદયની કેટલીક સમસ્યાઓ સ્ટ્રેસ દરમ્યાન જ દેખાતી હોય છે,'' ડૉ. પાડગાંવકર નોંધે છે. ''વ્યાયામ દરમ્યાન કે દાદરા ચઢતી વખતે છાતીમાં બેચેની જેવાં લક્ષણો દર્દીમાં દેખાય ત્યારે આ ટેસ્ટ વિશેષ કરીને ઉપયોગી છે.''

સલામતીનના પ્રોટોકોલ્સ સાથે, સંપૂર્ણ દેખરેખના વાતાવરણમાં એમની ક્લિનિકમાં આ ટેસ્ટ કરવામાં આવે છે. ડૉ. પાડગાંવકર પોતે જ ટેસ્ટ કરે છે અને ડેટાનું અર્થઘટન કરે છે, ઘણીવાર ઈ.સી.જી.માં ચૂકી જવાયેલા હાર્ટ બ્લોકેજીસને શોધી કાઢે છે.

સીમારેખાવાળા ઈ.સી.જી. કે મધ્યમ જોખમવાળા દર્દીઓ માટે ટ્રેડમીલ ટેસ્ટ આગવું મહત્ત્વનું પગથિયું બની શકે છે.

## ૪ એંજીયોગ્રાફીઃ હાર્ટ બ્લોકેજીસ માટે સોનેરી પ્રમાણભૂત ટેસ્ટ

નોન-ઈનવેઝિવ ટેસ્ટ જ્યારે બ્લોકેજીસ સૂચવે ત્યારે કોરોનરી એંજીયોગ્રાફીની ભલામણ કરી શકાય. આ મિનિમલી ઈનવેઝિવ પ્રક્રિયામાં બ્લોકેજીસને પારખવા હૃદયની ધમનીમાં વિપરીત રંગ દાખલ કરી એક્સ-રે ઈમેજીસ લેવામાં આવે છે. દર્દી સંપૂર્ણ સભાન અવસ્થામાં હોય છે અને પ્રક્રિયા દરમ્યાન ડૉ. પાડગાંવકર સાથે વાત કરી શકે છે.



હાર્ટ બ્લોકેજીસના નિદાન માટે એંજીયોગ્રાફી સોનેરી પ્રમાણ બની રહે છે. ડૉ. પાડગાંવકર, જેમણે હજારો એંજીયોગ્રાફી કરી છે, તેઓ સમયસરની દરમ્યાનગીરીની અગત્યતા પર ભાર મૂકે છે.

''ક્યારેક દદીઓ એસિડિટી કે થાક છે એવું સમજીને આવતાં હોય છે-અને અમને જટિલ બ્લોકેજીસ મળે છે,'' તેઓ સમજાવે છે- ''એંજીયોગ્રાફી તેમની સારવારની પદ્ધતિ અને તેથી તેમની જિંદગી બદલી શકે છે.''

ડૉ. પાડગાંવકર, યુ.એસ.એ. અને યુરોપની ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીમાં ફેલોશિપ સાથે, **બ્રિચ કેન્ડી, સૈફી અને ભાટિયા** જેવી ટોચની હૉસ્પિટલો ખાતે જમણા હાથના આગળના ભાગ દ્વારા નિયમિત રીતે એંજીયોગ્રાફી કરે છે અને દર્દીઓને એ જ દિવસે રજા આપે છે. ડૉ. તનય પાડગાંવકરની ઓપેરા હાઉસની ક્લિનિક ખાતે હૃદયને લગતી બધી ટેસ્ટ્સ ઈ.સી.જી., 2D ઈકો, ટ્રેડમીલ સ્ટ્રેસ ટેસ્ટ અને એંજીયોગ્રાફી ઉપલબ્ધ છે અથવા સરળતાથી સંકલિત કરી શકાય છે. અદ્યતન ટેક્નોલોજી સાથે અને ''પ્રથમ-દર્દી''ના અભિગમ સાથે ક્લિનિક ગુણવત્તામાં બાંધછોડ કર્યા વગર કાર્યક્ષમતા પર ભાર મૂકે છે.

કાર્ડિયોવેસ્ક્યુલર સંભાળમાં ઊંડી કુશળતા અને વિગતવાર સમજણ, શાંત વર્તન માટે દર્દીઓ ઘણીવાર ડૉ. પાડગાંવકરની પ્રશંસા કરતાં હોય છે. દરેક કન્સલટેશન ફક્ત નિદાન માટે નહીં પણ શિક્ષિત કરવા આયોજિત કરવામાં આવે છે.

''અમે ફક્ત રિપોર્ટ્સ નથી આપતાં,'' તેઓ કહે છે, ''અમે સમજણ આપીએ છીએ. એ રીતે લોકો તેમના હૃદયની તંદુરસ્તીની જવાબદારી લેતાં થાય છે.''

Know yr Dr.
નામઃ ડૉ. તનય પાડગાઁવકર
માનદ્ પદવીઃ ઇન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ M.D., D.M., FSCAI (USA), FESC (EUROPE)
એડ્રેસઃ ૧૨૦૭/૧૨૦૭એ, પંચરત્ન, ઓપેરા હાઉસની સામે, ગિરગાંવ, મુંબઈ ૪૦૦ ૦૦૪.
કોન્ટેક્ટ નંબરઃ 98208 22666
વેબસાઈટઃ www.drtanayp.com

# ભિવંડીમાં ગૃહિણી અને તેની ત્રણ વર્ષની પુત્રી પાંચ દિવસથી ગુમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભિવંડીમાં ભાડાના ઘરમાં રહેતી ૨૮ વર્ષની ગૃહિણી અને તેની ત્રણ વર્ષની પુત્રી છેલ્લા પાંચ દિવસથી ગુમ છે. ગૃહિણીના પતિએ આ પ્રકરણે નારપોલી પોલીસ સ્ટેશનમાં મિસિંગની ફરિયાદ નોંધાવી હોવાથી પોલીસ પણ બંનેની શોધ ચલાવી રહી છે.

નારપોલી પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર વિજય કડબાનેએ જણાવ્યું હતું કે મહિલા અને તેની પુત્રીનો હજી સુધી કોઇ પત્તો લાગ્યો નથી અને બંને જણ સીસીટીવી કેમેરામાં પણ નજરે પડી નથી. મહિલાનો મોબાઇલ પણ બંધ છે. અમારી ટીમ તેમને શોધી રહી છે.





ભિવંડીમાં કાલ્હેર ખાતેના જય માતાદી કોમ્પ્લેક્સમાં પેટોનિયા બિલ્ડિંગમાં રહેતો અને થાણેના ઉપવન ખાતે વર્કશોપ ધરાવતો ઋષી રાજકુમાર વિશ્વકર્મા (૩૩) ૩૧ ઑગસ્ટે સવારના ૧૧.૩૦ વાગ્યે કામે જવા માટે નીકળ્યો ત્યારે તેણે પત્ની પ્રિયા (૨૮)ને કહ્યું હતું કે તું જમવાનું સમયસર બનાવતી નથી, જેને કારણે મને કામ જતા મોડું થાય છે. પતિની આ વાત પ્રિયાને લાગી આવી હતી. ઋષી કામે ગયા બાદ તેણે પ્રિયાને કૉલ કરીને વાતચીત કરી હતી. થોડા સમય બાદ ઋષીએ ફરી પ્રિયાને કૉલ કર્યો હતો, પણ તેનો કૉલ લાગ્યો નહોતો.

દરમિયાન વારંવાર કૉલ કરવા છતાં પ્રિયાનો મોબાઇલ નોટરિચેબલ આવતો હોવાથી ઋષી ત્વરિત ઘરે પહોંચ્યો હતો. તેણે પડોશીઓને પ્રિયા વિશે પૂછતાં તેમણે કહ્યું હતું કે ફૂલો તળાવમાં પધરાવવા જઇ રહ્યાનું કહીંને પ્રિયા પુત્રી શાનવી (૩)ને લઇ ઘરેથી નીકળી હતી. શાનવીને ગાર્ડનમાં ફરાવવા લઇ રહી હોવાનું પણ પ્રિયાએ કહ્યું હતું.

ઋષીએ ઘરમાં થોડા સમય બંનેની રાહ જોયા છતાં તેઓ પાછી ન ફરતાં તેણે પુર્ણા, કાલ્હેર, કશેળી ખાતે તેમની શોધ ચલાવી હતી, પણ કોઇ જ પત્તો ન લાગતાં ઋષી તેના મિત્રને લઇ નારપોલી પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને બંનેની મિસિંગની ફરિયાદ નોંધાવી હતી.

ઋષી વિશ્વકર્માએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મારી પત્ની અને માસૂમ પુત્રી છેલ્લા પાંચ દિવસથી ગુમ છે અને હું તેમની સતત શોધ ચલાવી રહ્યો છું. મને બંનેની ખૂબ જ ચિંતા થઇ રહી છે. મેં સગાંવહાલાં, મિત્રો અને પરિચિતોને કૉલ કરી બંને વિશે પૂછ્યું હતું, પણ કોઇ જ માહિતી મળી નહોતી. પોલીસ પણ બંને જણની શોધ ચલાવી રહી છે અને તેમણે સીસીટીવી કેમેરાના ફૂટેજ પણ ચકાસ્યા હતા. ઋષી વિશ્વકર્માની પત્ની પ્રિયા અને પુત્રી શાનવી વિશે કોઇ પણ માહિતી મળે તો ૭૭૩૮૫૮૬૯૪૬ પર સંપર્ક કરવો. ■

### ઉપનગરીય રેલવે નેટવર્ક વધારવાનો પ્રયાસ

# એમયુટીપી-થ્રી માટે વધુ ₹ ૧૪૩ કરોડનું ભંડોળ

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે શુક્રવારે મુંબઈ અર્બન ટ્રાન્સપોર્ટ પ્રોજેક્ટ (એમયુટીપી)-થ્રી હેઠળ કામ કરવા માટે મુંબઈ રેલવે વિકાસ કોર્પોરેશન (એમઆરવીસી) ને કુલ ૧૪૩.૧૭ કરોડ રૂપિયાનું ભંડોળ આપ્યું છે, જેનો હેતુ ઉપનગરીય રેલવે નેટવર્ક પર ભીડ ઓછી કરવાનો છે.

શહેરી વિકાસ વિભાગ દ્વારા જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર)માં જણાવાયું છે કે એશિયન ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ બેંક લોનમાંથી વધારાની કેન્દ્રીય સહાય તરીકે ૧૨૪.૪૮ કરોડ રૂપિયાની રકમ જાહેર કરવામાં આવી છે જે એમએમઆરડીએ દ્વારા એમઆરવીસીને આપવામાં આવશે. ઉપરાંત જુલાઈ ૨૦૨૫ માં ૧૮.૬૯ કરોડ રૂપિયા રિલીઝ કરવામાં આવ્યા હતા. આ સાથે એમયુટીપી-૩ પ્રોજેક્ટ હેઠળ એમઆરવીસીને ટ્રાન્સફર કરવામાં આવેલી કુલ રકમ અત્યાર સુધી ૧,૨૮૯.૭૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ભંડોળ ઉપનગરીય સેવાઓના વિસ્તરણ, ટ્રેક વધારવા અને રોલિંગ સ્ટોકની ખરીદી સહિતના ચાલુ કાર્યોને વેગ આપશે, જે મુંબઈના વિસ્તરતા મેટ્રોપોલિટન ક્ષેત્રની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે મહત્વપૂર્ણ છે. જોકે, જીઆર મુજબ ભંડોળ વિતરણ માટે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી આવશ્યક છે.

નવેમ્બર ૨૦૧૬ માં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા રૂ. ૧૦,૯૪૭ કરોડના ખર્ચ સાથે મંજૂર કરાયેલ એમયુટીપી-૩, ભારતીય રેલ્વે અને એમઆરવીસી દ્વારા સંયુક્ત રીતે ૫૦:૫૦ ખર્ચ-વહેંચણી પેટર્નમાં અમલમાં મૂકવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ મુંબઈની વધુ પડતી બોજવાળી ઉપનગરીય રેલ્વે સિસ્ટમમાં ક્ષમતા વધારવા અને મુસાફરોની સલામતી સુધારવા માટે રચાયેલ છે, જે દરરોજ ૮૦ લાખથી વધુ મુસાફરોનું પરિવહન કરે છે.

નાણાકીય માળખાના ભાગ રૂપે, એઆઈઆઈબી એ ઓગસ્ટ ૨૦૨૦ માં કેન્દ્ર, મહારાષ્ટ્ર સરકાર અને એમઆરવીસી વચ્ચે થયેલ કરાર મુજબ આશરે ૫૦૦ મિલિયન અમેરિકી ડોલરની (આશરે રૂ. ૩,૫૦૦ કરોડ) ની લોન આપી છે. આ લોનની ચુકવણી, જેમાં વ્યાજ અને લીઝ ચાર્જનો સમાવેશ થાય છે, તે ઉપનગરીય ટ્રેન ટિકિટો પર વસૂલવામાં આવતા સરચાર્જ દ્વારા કરવામાં આવશે, એમ જીઆરમાં નોંધવામાં આવ્યું છે. રાજ્ય સરકારે બંને સંસ્થાઓ પર ભંડોળના વપરાશ અને પરત ચુકવણી માટે કડક શરતો પણ લાગુ કરી છે. (પીટીઆઈ)■

### બોગસ ડૉક્ટરોનો કેસ

# ચાર હૉસ્પિટલોના આઇસીયુમાં ખાનગી કોન્ટ્રાક્ટરોની સેવાઓ બંધ

મુંબઈઃ સાંતાક્રુઝ સ્થિત વી. એન. દેસાઈ હૉસ્પિટલના આઇસીયુમાં કામ કરતા બોગસ ડૉક્ટરોના કેસની નોંધ લેતા મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને આ હૉસ્પિટલ અને અન્ય ત્રણ હૉસ્પિટલોના આઇસીયુમાં સેવાઓ પૂરી પાડતા કોન્ટ્રાક્ટરનો કોન્ટ્રાક્ટ ન લંબાવવાનો નિર્ણય લીધો છે. તેથી ૩૦ ઓગસ્ટથી ચાર હૉસ્પિટલોમાં આ કોન્ટ્રાક્ટર દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓ બંધ કરી દેવામાં આવી છે અને મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવો કોન્ટ્રાક્ટ બહાર પાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ભારત રત્ન ડો. બાબાસાહેબ આંબેડકર હૉસ્પિટલ (કાંદિવલી શતાબ્દી)માં ૧૫ બેડનું ઇન્ટેન્સિવ કેર યુનિટ અને ૧૫ બેડનું સર્જિકલ ઇન્ટેન્સિવ કેર યુનિટ, વી. એન. દેસાઈ હૉસ્પિટલમાં ૧૦ બેડનું ઇન્ટેન્સિવ કેર યુનિટ, બાન્દ્રાની ભાભા હૉસ્પિટલમાં ૧૨ બેડનું ઇન્ટેન્સિવ કેર યુનિટ અને ક્રાંતિજ્યોતિ મહાત્મા જ્યોતિબા ફૂલે હૉસ્પિટલમાં ૧૦ બેડનું ઇન્ટેન્સિવ કેર યુનિટ છે. આ ચારેય હૉસ્પિટલોના આઇસીયુમાં ડૉક્ટરો પૂરા પાડવાનો કોન્ટ્રાક્ટ સાઈ સંજીવની કંપની પાસે હતો. જોકે, થોડા દિવસો પહેલા એવું બહાર આવ્યું હતું કે આ કંપનીએ વી. એન. દેસાઈ હોસ્પિટલને બોગસ ડોક્ટર સેવાઓ પૂરી પાડી હતી. આ સંદર્ભમાં મ્યુનિસિપલ કોર્પોરેશને બોગસ ડૉક્ટર અને કોન્ટ્રાક્ટર સામે પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાવી નથી. જોકે, આ ચારેય હોસ્પિટલોના કોન્ટ્રાક્ટને ન લંબાવવાનો નિર્ણય લીધો છે અને ૩૦ ઑગસ્ટથી તેમની સેવાઓ બંધ કરી દીધી છે. ■

# 'લાગણી જોડાઈ ગઈ હોવાથી બાળકને માતાપિતાના બદલે દાદીમાને સોંપી ન શકાય'

### તેમ છતાં હાઈ કોર્ટે દાદીને પૌત્રને મળવાની મંજૂરી આપી

મુંબઈઃ મુંબઈ હાઈ કોર્ટે એક મહિલાને તેના પાંચ વર્ષના પૌત્રને તેને જન્મ આપનાર માતા-પિતાને સોંપી દેવાનો આદેશ આપ્યો છે. બાળક દાદીમા સાથે હળીમળી ગયું છે એ કારણસર તેમને બાળકને પોતાની પાસે રાખવાનો અધિકાર નથી મળી જતો એમ વડી અદાલતે જણાવ્યું છે. બાળકના માતા-પિતા સેરેબ્રલ પાલ્સીથી પીડિત તેના જોડિયા ભાઈની સારવારમાં વ્યસ્ત રહેતા હોવાથી બાળકની દેખરેખ દાદીમા કરી રહ્યા હતા.

જોકે પ્રોપર્ટીને મુદ્દે વિવાદ થતા બાળકના પિતાએ પોતાની ૭૪ વર્ષની માતાને બાળકનો કબજો સોંપવા કહ્યું હતું. દાદીમાએ પૌત્રને આપવાની ના પાડી ત્યારે પિતાએ હાઇકોર્ટના દરવાજા ખટખટાવ્યા હતા. જોકે, બાળકની દાદીએ પોતાના દીકરાની અરજીનો વિરોધ કરી દાવો કર્યો હતો કે પોતે જન્મથી જ બાળકની સંભાળ રાખી રહી છે અને બંનેને એકબીજા માટે અપાર લાગણી છે.

ન્યાયમૂર્તિ રવિન્દ્ર ઘુગે અને ન્યાયમૂર્તિ ગૌતમ અનખડની ખંડપીઠે ગુરુવારે નોંધ્યું હતું કે દાદીને બાળક માટે મમત્વ થાય એ સમજી શકાય, પરંતુ આવા લાગણીના સંબંધોને કારણે બાળકને જન્મ આપનારા માટે પિતાને બદલે તેમને બાળકનો કબજો રાખવાનો અધિકાર નથી મળી જતો.

અદાલતે વધુમાં જણાવ્યું હતું કે માતા-પિતાને સોંપવાથી બાળકના ઉછેરમાં ઉણપ રહેશે કે અન્ય કોઈ સમસ્યા ઊભી થશે એવું દર્શાવી શકાય તો જ માતા-પિતાના અધિકાર પર કાપ મૂકી શકાય છે બાળકના માતા-પિતા વચ્ચે કોઈ વૈવાહિક વિખવાદ નથી. પિતા મુંબઈ મહાનગરપાલિકામાં નોકરી કરે છે. તેઓ બાળકની સંભાળ રાખવામાં અસમર્થ છે એવું કહી નથી શકાતું.

બાળકના માતા-પિતા અને દાદી વચ્ચેના વિવાદને કારણે બાળકને માતા પિતાને સોંપવાનો ઇનકાર નથી કરી શકાતો. સંપત્તિ સંબંધિત વિવાદોને કારણે માતા-પિતાને તેમની કાયદેસરની કસ્ટડીથી વંચિત ન રાખી શકાય.

અદાલતે દાદીને બે અઠવાડિયામાં અરજદારને બાળક સોંપી દેવાનો આદેશ આપ્યો હતો. જોકે, અદાલતે દાદીને બાળકની મુલાકાત લેવાની મંજૂરી આપવાનો નિર્દેશ માતા-પિતાને આપ્યો હતો. (પીટીઆઈ)■

# ખાડીમાં પડેલા 'તે' યુવકનો મૃતદેહ ૨૪ કલાકે મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણે અને કલવા વચ્ચે આવેલી ખાડીમાં ગુરુવારે બપોરના પડી ગયેલા મુલુંડના ૧૯ વર્ષના યુવકનો મૃતદેહ છેક ૨૪ કલાક બાદ ખાડીમાંથી માછીમારોને હાથ લાગ્યો હતો. પોસ્ટમાર્ટમ બાદ તેના મૃતદેહને પરિવારને સોંપવામાં આવ્યો હતો.

થાણે ડિઝાસ્ટર મેનેજમેન્ટના અધિકારી યાસીન તડવીએ જણાવ્યું હતું કે ગુરુવારે બપોરના એક વાગ્યાની આસપાસ કલવાના ઘોલાઈ નગરમાં રહેતો ૧૯ વર્ષનો આકાશ શર્મા મુલુંડથી કલવા ટ્રેનમાં આવતા સમયે ટ્રેનમાં દરવાજા પાસે ઊભો હતો ત્યારે બેલેન્સ ચૂકી જતા ચાલતી ટ્રેનમાંથી વિટાવા ખાડીમાં પડી ગયો હતો. ગુરુવાર બપોરથી તેની શોધખોળ ચાલી રહી હતી તે છેક ૨૪ કલાકની ભારે જહેમત બાદ શુક્રવારે બપોરના ૧૨.૩૦ વાગ્યાની આસપાસ તેનો મૃતદેહ હાથ લાગ્યો હતો. ગુરુવાર બપોરથી ફાયરબ્રિગેડ, પોલીસ સહિત ડિઝાસ્ટર કંટ્રોલે સ્થાનિક માછીમારોની મદદથી ખાડીમાં આકાશનો મૃતદેહ શોધવાનું કામ હાથ ધર્યું હતું. ગુરુવારે અંધારુ થયા બાદ તેને શોધવાનું બંધ કરવામાં આવ્યા બાદ શુક્રવાર વહેલી સવારના ચાર વાગ્યાથી સવારના ૭.૩૦ વાગ્યા સુધી તેને ફરી શોધવાનું કામ હાથ ધરવામાં આવ્યુ હતું. તે છેક બપોરના ૧૨.૩૦ વાગે સ્થાનિક માછીમાર પ્રથમેશ ખારકર અને જીતુ ખારકર તથા સુરેશ વિટાવકરને ખાડીમાંથી આકાશનો મૃતદેહ હાથ લાગ્યો હતો. જે બાદમાં રેલવે પોલીસને સોંપવામાં આવ્યો હતો. પોસ્ટ માર્ટમ બાદ તેનો મૃતદેહ પરિવારને સોંપવામાં આવ્યો હતો.■

# થાણેમાં સેક્સ રેકેટ ચલાવવા બદલ અભિનેત્રીની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લામાં સેક્સ રેકેટ ચલાવવા અને ઉભરતી મહિલા કલાકારોને દેહવ્યાપારમાં ધકેલવા બદલ ૪૧ વર્ષની અભિનેત્રીની ધરપકડ કરવામાં આવી હતી. સેક્સ રેકેટ વિશે માહિતી મળ્યા બાદ પોલીસ ટીમે બે બોગસ ગ્રાહક તૈયાર કર્યા હતા, જેમણે બાદમાં આરોપી અનુષ્કા મોની મોહન દાસનો સંપર્ક સાધ્યો હતો. અનુષ્કાએ બંનેને બુધવારે મુંબઈ-અમદાવાદ હાઇવે પર કાશીમીરા વિસ્તારમાં મૉલ નજીક મળવા માટે બોલાવ્યા હતા. દરમિયાન પોલીસ ટીમે ત્યાં અગાઉથી છટકું ગોઠવ્યું હતું અને બંને બોગસ ગ્રાહક પાસેથી રૂપિયા લેતી વખતે અનુષ્કાને રંગેહાથ પકડી પાડી હતી. પોલીસે ત્યાંથી બે યુવતીનો પણ છુટકારો કરાવ્યો હતો, જેઓ ટીવી સિરિયલ અને બાંગ્લા સિનેમામાં સક્રિય હતી, એમ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (મીરા-ભાયંદર વસઇ-વિરાર) મદન ભલ્લાળે જણાવ્યું હતું.■

# શિક્ષકોને કાયમી થવા અથવા પ્રમોશન માટે ટીઈટી પાસ થવું ફરજિયાત

## નહીં તો રાજીનામું આપી દેવા સુપ્રીમ કોર્ટનો આદેશ

નાગપુરઃ શિક્ષકોએ નોકરીમાં કાયમી થવા માટે અથવા બઢતી માટે શિક્ષક પાત્રતા પરીક્ષા (ટીઇટી) આપવી અને તેમાં પાસ થવું ફરજિયાત છે, એવો ચુકાદો સુપ્રીમ કોર્ટે સોમવારે આપ્યો. આ ચુકાદો મહારાષ્ટ્ર, તમિળનાડુ સહિતના કેટલાક રાજ્યો દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીઓ પર આપવામાં આવ્યો હતો, જેમાં પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો કે આ પરીક્ષા આપવી ફરજિયાત છે કે નહીં.

નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશને ૨૦૧૦ માં એક થી આઠ ધોરણના શિક્ષકોની નિમણૂક માટે લઘુત્તમ શૈક્ષણિક લાયકાત નક્કી કરી હતી. તે પછી નેશનલ કાઉન્સિલ ફોર ટીચર એજ્યુકેશને ટીઇટી ની પરીક્ષા શરૂ કરી હતી.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે કહ્યું કે જે શિક્ષકોના નિવૃત્તિ માટે પાંચ વર્ષ બાકી છે તેઓ જ પરીક્ષા આપ્યા વિના તેમનો સેવા સમયગાળો પૂર્ણ કરી શકશે, પરંતુ જેમની નિવૃત્તિ માટે પાંચ વર્ષથી વધુ સમય બાકી છે, તેમના માટે ટીઇટી પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે. જે લોકો માટે આ શક્ય ન હોય, તેઓએ રાજીનામું આપવું જોઈએ અથવા નિવૃત્તિના લાભો લઈને ફરજિયાત નિવૃત્તિ (વીઆરએસ) સ્વીકારવી જોઈએ, એમ પણ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું. ■

# પાલિકાની ઘોર બેદરકારીઃ કૂપરમાં મહિલા દર્દીને ઉંદર કરડયો

મુંબઈઃ કૂપર હૉસ્પિટલમાં મહિલા દર્દીને ઉંદર કરડયો હોવાનો ચોંકાવનારો બનાવ બન્યો છે. મહિલા દર્દીની તબિયત હાલ સ્થિર છે, જોકે આ બનાવ બાદ દર્દીની સંબંધીઓએ હૉસ્પિટલ પ્રશાસનને આડે હાથ લીધું હતું. મરોલમાં શિવાજી નગર પરિસરમાં રહેતી ૮૫ વર્ષની ઈંદુમતી કદમને શ્વાસની તકલીફ તથા તેને શનિવારે સાંજે કૂપર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેના પર આઈસીયુમાં સારવાર ચાલી રહી હતી અને તબિયતમાં હળવો સુધારો થતા તેને જનરલ વોર્ડમાં શિફ્ટ કરવામાં આવી હતી. એ દરમ્યાન તેને બુધવારે રાતના જમણા હાથમાં ઉંદર કરડયો હતો.

તેના સંબંધીઓના કહેવા મુજબ દવાને કારણે મોટાભાગે તે સૂતી રહેતી હોવાથી ઉંદર કરડયો હોવાનું તેણે ધ્યાનમાં આવ્યું નહોતું. ગુરુવારે સવારના તેનો પૌત્ર વોર્ડમાં આવ્યો ત્યારે તેના ધ્યાનમાં આવતા તેણે નર્સનું ધ્યાન દોર્યું હતું. ઈંદુમતીના સંબંધીના કહેવા મુજબ તેને ડાયાબિટીઝ હોવાને કારણે ઉંદરોએ તેનો હાથ કરડી નાખ્યો છે તેને જલદી સારો થવામાં સમય લાગશે.

આ બાબતે હૉસ્પિટલ પ્રશાસનને ફરિયાદ કરવામાં આવી છે. આ બનાવ બાદ પાલિકાના ઉચ્ચ અધિકારીએ હૉસ્પિટલની મુલાકાત લીધી હતી અને સંબંધિત અધિકારીઓને યોગ્ય પગલા લેવાનો આદેશ આપ્યો હોવાનું જાણવા મળ્યું હતું. ■

# નવાબ મલિકને ક્લિન ચીટ : સમીર વાનખેડેની બહેનની વિરોધ અરજી

મુંબઈઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી)ના વરિષ્ઠ નેતા નવાબ મલિક વિરુદ્ધ ‘કોઈ પણ જાતની પૂર્વગ્રહ વિના’ બદનક્ષીની ફરિયાદની તપાસ કરવામાં પોલીસ નિષ્ફળ રહી હોવાનો આરોપ વરિષ્ઠ આઇઆરએસ અધિકારી અને એનસીબીના ભૂતપૂર્વ ઝોનલ ડિરેક્ટર સમીર વાનખેડેની બહેન યાસ્મીન વાનખેડેએ કર્યો છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન મલિક દ્વારા તપાસ ‘પ્રભાવિત અને અમુક અંશે પણ નિર્દેશિત’ હોવાનું જણાય છે એવો દાવો પણ તેમણે કર્યો હતો.

યાસ્મીન વાનખેડેએ ૨૦૨૧માં નોંધાવેલી ફરિયાદમાં મલિક પર વિવિધ ટવિટ્સ અને ટેલિવિઝન ઇન્ટરવ્યુમાં પોતાની સામે ખોટા, બદનક્ષીકારક અને નિંદાકારક આક્ષેપો મૂકવાનો આરોપ મૂક્યો હતો. ત્યારબાદ બાન્દ્રા મેજિસ્ટ્રેટ કોર્ટે કોડ ઓફ ક્રિમિનલ પ્રોસિજર (સીઆરપીસી)ની કલમ ૨૦૨ હેઠળ તપાસનો આદેશ આપી પોલીસને રિપોર્ટ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

અદાલતને સુપરત કરેલા રિપોર્ટમાં પોલીસે મલિકને ક્લિનચીટ આપતાં જણાવ્યું હતું કે પ્રથમ દૃષ્ટિએ તેની સામે કોગ્નિઝેબલ કે નોન-કોગ્નિઝેબલ ગુનાના કોઈ પુરાવા નથી. રિપોર્ટમાં મલિકના નિવેદનને ટાંકીને કહેવામાં આવ્યું છે કે તેમની પોસ્ટ્સ અને પ્રેસ કોન્ફરન્સ તે સમયે એક રાજકીય પક્ષના પ્રવક્તા તરીકેની તેમની ફરજનો એક ભાગ હતા.

મલિકે પોલીસને જણાવ્યું હતું કે યાસ્મીન વાનખેડે પ્રત્યે તેમને કોઈ વ્યક્તિગત દુશ્મનાવટ નથી.

આ મામલાની આગામી સુનાવણી ૨૨ સપ્ટેમ્બરે થશે. (પીટીઆઈ) ■

# ઉલ્હાસનગરમાં મહિલા વકીલની આત્મહત્યાઃ પાંચ સામે ગુનો

થાણેઃ ઉલ્હાસનગરમાં મહિલા વકીલ અને સામાજિક કાર્યકરે આત્મહત્યા કર્યા બાદ પોલીસે પાંચ જણ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

એનજીઓ સાથે સંકળાયેલી મહિલા વકીલ સરિતા પુરુષોત્તમ કહાનચંદાની (૫૧)એ ઉલ્હાસનગરમાં ગયા સપ્તાહે ઇમારતના સાતમા માળેથી ઝંપલાવી જીવાદોરી ટૂંકાવી હતી.

મૃતદેહને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા બાદ વિઠ્ઠલવાડી પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે એડીઆર દાખલ કરવામાં આવ્યો હતો.

વકીલના અંતિમસંસ્કાર પર બાદ તેના પતિને સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં પાંચ જણનાં નામ લખવામાં આવ્યાં હતાં અને તેઓ વકીલને માનસિક ત્રાસ આપતા હતા, એવો દાવો કરવામાં આવ્યો હતો.

દરમિયાન વિઠ્ઠલવાડી પોલીસે વકીલને આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવા બદલ પાંચ આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. આ પ્રકરણે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની ધરપકડ કરવામાં આવી ન હોવાનું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

# બહેનના ઘરમાંથી ૨૪.૪૨ લાખના ઘરેણાં-રોકડ ચોર્યાઃ મહિલાની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લામાં પોતાની બહેનના ઘરમાંથી ૨૪.૪૨ લાખ રૂપિયાનાં ઘરેણાં-રોકડ ચોરવા બદલ ૨૯ વર્ષની મહિલાની ધરપકડ કરવામાં આવી હતી.

મુંબ્રા વિસ્તારમાં ૩૧ ઑગસ્ટે ચોરીની ઘટના બની હતી અને પોલીસે આ પ્રકરણે નવી મુંબઈમાં રહેતી મહિલાને ઝડપી પાડી હતી.

મુંબ્રામાં રહેનારી ફરિયાદી ઘર લૉક કરીને પોતાની માતાને મળવા માટે ગઇ હતી. એ સમયે કોઇએ ડુપ્લિકેટ ચાવીની મદદથી ઘરમાં પ્રવેશ મેળવ્યો હતો અને ઘરેણાં તથા રોકડ સહિત ૨૪.૪૨ લાખ રૂપિયાની મતા ચોરી હતી.

મુંબ્રા પોલીસ સ્ટેશનના સિનિયર ઇન્સ્પેક્ટર અનિલ શિંદેએ જણાવ્યું હતું કે ઘરમાં ફોર્સ એન્ટ્રીના કોઇ નિશાન ન હોવાથી ગુનામાં કોઇ જાણભેદુનો હાથ હોવાની શંકા ગઇ હતી.

પોલીસે બાદમાં ટેક્નિકલ પુરાવા, મોબાઇલ ફોન એનાલિસિસ અને સીસીટીવી ફૂટેજને આધારે તપાસ કરીને ગુનામાં સંડોવાયેલી મહિલાને આઠ કલાકમાં ઝડપી પાડી હતી.

પૂછપરછમાં મહિલાએ પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે બાદમાં તેણે ગુનાની કબૂલાત કરી હતી, જેને પગલે તેની ધરપકડ કરવામાં આવી હતી. (પીટીઆઇ) ■

# વિનામૂલ્યે એગ્રી પમ્પ વીજ પુરવઠા માટે બે હજાર કરોડ મંજૂર

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે બુધવારે કૃષિ પંપ ગ્રાહકો માટે બનાવવામાં આવેલી મુખ્ય પ્રધાન બળિરાજા વિનામૂલ્યે વિદ્યુત યોજના હેઠળ મહાડીસ્કોમ અથવા રાજ્યની વીજ વિતરણ કંપનીને રૂ.બે હજાર ૧૭૨ કરોડની ફાળવણીને મંજૂરી આપી હતી. સરકારે જણાવ્યું હતું કે ૨૦૨૫-૨૬માં કૃષિ પંપ ગ્રાહકો માટે મુખ્યમંત્રી બળિરાજા ફ્રી ઇલેક્ટ્રિસિટી/કન્સેશનલ ટેરિફ સ્કીમ હેઠળ લાભ આપવા માટે એડજસ્ટમેન્ટ દ્વારા એમએસઇડીસીએલને બે હજાર ૧૭૨ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી દીધી છે. (પીટીઆઈ) ■

## જૈન મરણ

**વિસા પોરવાડ વટા ગોરવાડ ખૂણી જૈન**

મૂળ ગામ બુહારી હાલ કાંદિવલી, નલિનકાંત મગનલાલ શાહ (ઉં. વ. ૭૭) તે સ્મિતાબેનના પતિ. રોઝી અને રાહુલ (રીંકુ)ના પિતા. પ્રદીપકુમાર તથા અનિશાના સસરા. સ્વ. ડો. જયંતીલાલ કેશવલાલ શાહના જમાઇ. તા. ૪-૯-૨૫ ગુરુવારે અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી દશા ઓશવાળ જૈન**

ગામ વરાડીયા હાલ ગોરેગાંવ (વે.) કીર્તિકુમાર ધનજી નાથાભાઇ મોમાયા (ઉં. વ. ૭૮) તે સ્વ. મધુબેન ધનજી મોમાયાના સુપુત્ર સ્વ. વિશાખાબેનનાં પતિ. જય તથા શ્વેતા યશેશ લોડાયાના પિતાશ્રી. તે સ્વ. શામજી જેઠાભાઇ પટેલ (ડુમરા)ના જમાઇ. મંજુલા હરીશ પોલડીયા, હીના તિલકચંદ છેડા, તનુજા, પ્રફુલ્લ ખોનાનાં ભાઇ. તે નમ્રતા તથા યશેશ પ્રફુલ લોડાયાનાં સસરાજી. શુક્રવાર તા. ૫-૯-૨૫નાં અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે. ઠે. ચંદ્રભુવન ૨જે માળે, રૂમ. નં. ૯, હીરજી નેણશી કંપાઉન્ડ, તુલસી ટાવર પાસે, એમ.જી. રોડ, ગોરેગાંવ (વે.).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

શિહોર નિવાસી હાલ વિલેપાર્લે સ્વ. કુસુમબેન પ્રતાપભાઇ લલ્લુભાઇ વાસાના સુપુત્ર મિનેષભાઇ (ઉં. વ. ૬૨) સ્નેહાબેનના પતિ. અમીષ તથા પ્રિયંકાના પિતાશ્રી. જયોતિ અને મિતેનકુમારના સસરા. વિમલભાઇ અને પલ્લવીબેન (દેવુબેન) હરીશકુમારના ભાઇ. સ્વ. જયંતીલાલ લલ્લુભાઇના ભત્રીજા. ભાવનગરવાળા સ્વ. મણિલાલ મૂળચંદના જમાઇ. ગુરુવાર, તા. ૪-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તેમ જ સાદડીની પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાના ભાડીયા હાલે મોટા આસંબીયાના સંદીપ તલકશી રાંભીયા (ઉં. વ. ૫૦) તા. ૪-૯-૨૫ના રોજ અવસાન પામેલ છે. સ્વ. મંઠાબેન તલકશીના પુત્ર. ચૈતાલીના પતિ. ભવ્યના પિતા. સ્વ. મીના શાંતીલાલ છેડા, અ.સૌ. લતા જયંતીલાલ દેઢીયા, અ.સૌ. લીના પ્રફુલ દેઢીયા, સ્વ. શૈલેષના ભાઇ. માતુશ્રી દમયંતીબેન હરખચંદના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. સંદીપ રાંભીયા, એ-૫૬, પુષ્પાપાર્ક, એસ.વી.રોડ, બોરીવલી (વે.).

શેરડી (ઇંદોર)ના શામજી દેવજી ભાણજી (ઉ. ૯૫) તા ૩-૯-૨૫ના અવસાન પામ્યા છે. સ્વ મણીબેનના પતિ. વેલબાઈના પુત્ર. ગઢ મોંઘીબેન નાગશીના જમાઈ. હેમંત-લતા, રીટા ભાવેશ, કેતન-મીલન, કિરીટ-પ્રિતિ, મુકેશ-વિનીતાના પિતા. ડુંગરશી, સુશીલા શામજી, લક્ષ્મી લક્ષ્મીચંદના ભાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. કેતન શાહ, બી-૫૦૩ માંગલ્ય કો.હા.સો., જી.વી.એસ. રોડ ૪, મુલુંડ (ઇ.) ૪૦૦૦૮૧.

મોટા લાયજાના માતુશ્રી ચંચળબેન જગશીભાઈ છેડા (ઉ.વ. ૮૩) તા. ૩/૯/૨૦૨૫ના અવસાન પામેલ છે. હીરબાઈ જેઠાભાઈના પુત્રવધુ. જગશીભાઈના ધર્મપત્ની. કિશોર, વિજય, મીનાના માતુશ્રી. મોટા લાયજાના વેલબાઈ ખીમજી થોભણના સુપુત્રી. શાંતિલાલ, નવીન, નેમચંદ, લક્ષ્મી, લીલા, દમયંતી, સુશીલાના બેન. પ્રા. રવિવાર, તા. ૭/૯/૨૦૨૫. ૧૦.૩૦ થી ૧૨. સ્થળ : યોગી સભાગૃહ, ૧લે માળે, દાદર-ઈસ્ટ.

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ કાંદિવલી સ્વ. કિશોરકાંત વાડીલાલ શાહ (ખંધાર)ના ધર્મપત્ની ઇન્દિરાબેન (ઉં. વ. ૯૨) ગુરુવાર તા. ૪-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પંકજભાઇ, સ્વ. હેમંતભાઇ, અ. સૌ. સ્મીતાબેન દિનેશભાઇ શાહ, સ્વ. સંગીતાબેન સવાઇલાલ પારેખના માતુશ્રી. અ. સૌ. તરલીકાબેન પંકજભાઇ શાહ, સ્મિતાબેન હેમંતભાઇ શાહના સાસુમા. લખતર નિવાસી સ્વ. સમતાબેન હિંમતલાલ શાહના દીકરી. અ. સૌ. હેતલ, સૌરભ, ઝરણા, અર્પીતા, ધર્મિષ્ઠા, ધ્રુવીના દાદી. જીજ્ઞા સૌરભ શાહના વડ સાસુમાં. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

## હિન્દુ મરણ

સ્વ. ચંપાબેન ચતવાણી જે. દલસુખભાઇના પત્ની. શૈલેષભાઇના માતુશ્રી. હાર્દિક તથા પ્રશાંતના દાદી. જેસ્ટારામભાઇ, દિલીપભાઇ તથા અશોકભાઇના ભાભી. તે સ્વ. વ્રજલાલ કાનજીભાઇ કોટકના બેન. તા. ૪-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. જેનું ઉઠમણું તા. ૬-૯-૨૫ શનિવારના ૫.૦૦ કલાકે. ઠે. કષ્ટ ભંજન મહાદેવ મંદિર, સિંચાઇ નગર, એરપોર્ટ રોડ, રાજકોટ.

**ઘોઘારી દશા શ્રીમાળી વણીક**

મુળ મહુવા વતની હાલ વિરાર પ્રકાશભાઇ મહેતા (ઉં. વ. ૬૬) તા. ૫-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રસીકલાલ અમૃતલાલ મહેતાના સુપુત્ર. હર્ષાબેનના પતિ. જતીનભાઇ તથા અમીબેન હાર્દિકકુમાર કામદારના પપ્પા. જીનલના સસરા. હર્ષીલના દાદા. ધીરજલાલ શામળજીભાઇ કામદારના જમાઇ. બીપીનભાઇ, રામકૃષ્ણભાઇ, નલીનીબેન હસમુખરાય શાહ, ગીતાબેન નરેશકુમાર રાઠોડના ભાઇ. પ્રાર્થનાસભા તા. ૭-૯-૨૫ બપોરે ૩થી ૫. ઠે. અમૃતબાગ હોલ પહેલે માળે, એમ. જી. કમ્પાઉન્ડ, વિરાર (વેસ્ટ), રેલવે સ્ટેશન.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ મઉ મોટી હાલ મુલુંડ સ્વ. જશોદાબેન રવજીભાઇ મજેઠીયાના મોટા સુપુત્ર રમેશભાઇ મજેઠીયા (ઉં. વ. ૭૪) તે મંજુલાબેનના પતિ. શૈલેશ, હિતેશ તથા હીનાબેન રાજેશકુમારના પિતાશ્રી. તે દામજીભાઇ હેમરાજભાઇ, સ્વ. અરવિંદભાઇ, ભાનુબેન લીલાધરના ભાઇ. તથા હરેશભાઇના મોટાભાઇ. તે સ્વ. ચાગબાઇ દેવજી ભીન્ડે (કચ્છ ગામ વાડા પદ્ધર)ના જમાઇ. શુક્રવાર, તા. ૫-૯-૨૫ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા રવિવાર, તા. ૭-૯-૨૫ના ૧૦.૩૦થી ૧૨. ઠે. કચ્છી લોહાણા મહાજન વાડી, પવાણી હોલ, આર.આર. ટી. રોડ મુલુંડ (વે). લૌકિક વ્યવહાર સદંતર બંધ છે. બૈરાઓએ તે જ દિવસે આવી જવું.

**ઝા. સ. તા. ઔ. મંડળ**

કાંદિવલી નિવાસી સ્વ. ગીતાબેન હિંમતલાલ રાવલના સુપુત્ર ભુપેનભાઇ રાવલ (ઉં. વ. ૬૯) તા. ૫-૯-૨૫ના શુક્રવારના કૈલાસવાસ પામ્યા છે. તે સ્વ. સરોજબેનના પતિ. સ્વ. તારાગૌરી નંદકિશોર રાવલના જમાઇ. તે પ્રતીક (રવિ)ના પિતા. તથા નિધિના સસરા. તે જયશ્રીબેન, રાજીવભાઇ, સ્વ. અતુલભાઇના મોટાભાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**હાલાઇ લોહાણા**

બળેજ નિવાસી હાલ બીલીમોરાના રશ્મીકાંત (ઉં. વ. ૬૭) તે સ્વ. મણીબેન વલ્લભદાસ ગોવિંદજી કોટેચાના પુત્ર. સુધાના પતિ. અર્જુન, કેવીન, રિદ્ધિના પિતાશ્રી. પ્રવીણ, લલીત, અ. સૌ. ગીતા શરદકુમાર રૂઘાણી, મુકેશના ભાઇ. તે સ્વ. પુનીબેન પ્રભુભાઇ રાઠોડના જમાઇ. નીતા તથા સંધ્યાના જેઠ. તા. ૪-૯-૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખવામાં આવેલ નથી.

**કપોળ**

ભાવનગરવાળા સ્વ. શાંતાબેન ભગવાનદાસ વોરાના સુપુત્ર જસવંત વોરા (ઉં. વ. ૮૪) ગુરુવાર, તા. ૪-૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અ. સૌ. વંદના વોરાના પતિ. તે રાજેન, વિનેષ, ડો. મિતેષના પિતાશ્રી. તે ગીતા, પુષ્પા, હેમાલીનાં સસરા. સ્વ. જવાહરભાઇ, સ્વ. ધીરજલાલ, રસીકભાઇ તથા સ્વ. દમયંતીબેન જેઠાલાલ ગાંધીના ભાઇ. મકનદાસ છગનલાલ મહેતા (રાજુલાવાળા)નાં જમાઇ. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૮-૯૨૫ના ૪થી ૬. ઠે. પાવનધામ, મહાવીર નગર, પાવનધામ રોડ, સચીન તેંડુલકર જીમખાનાની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઇ ભાટીયા**

રાજેશ ઉદેશી (ઉં. વ. ૬૮) તે સ્વ. ડુંગરશી જમનાદાસ તથા સ્વ. પુષ્પાબેન ડુંગરશી ઉદેશીના સુપુત્ર. સ્વ. માનસિંગભાઇ વિઠ્ઠલદાસ, સ્વ.નરેન્દ્રભાઇ, સ્વ. હરિશભાઇ, પુષ્પસેનભાઇ, ભરતભાઇ તેમ જ પ્રદીપભાઇના ભાઇ. તે સ્વ. રશ્મિ (મધુબેન) રમેશભાઇ કાપડિયાના ભાઇ. તે સ્વ. દ્વારકાદાસભાઇ પુરષોતમના દોહિત્રા. ગુરુવારે તા. ૪-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

**ગુર્જર સુતાર**

અશોક છનિયારા (ગજજર) (ઉં. વ. ૬૫) મુળગામ મોરબી હાલ ઘાટકોપર તે સ્વ. હીરાભાઇ તથા સ્વ. ઉર્મિલાબેનના પુત્ર. નીતાબેનના પતિ. મધુબેન ધોળકીયા, બીપીનભાઇ અને મહેશભાઇના ભાઇ. વિધી ગજજર ગદાણીના પિતા. નિશાંત ગદાણીના સસરા. મનહરભાઇ હરજીવન ધોળકીયાના સાળા. તા. ૧-૯-૨૫ સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૫-૯-૨૫ના શુક્રવારે હતી.

**બ્રહ્મક્ષત્રિય**

યજ્ઞેશ ઠાકોર ૫ સપ્ટેમ્બર ૨૦૨૫ના અવસાન પામ્યા છે. અંતિમ યાત્રા શનિવારે તા. ૬-૯-૨૫ના સવારે ૧૦ વાગે વરલી સ્મશાન ભૂમિએ પહોંચશે. મંજરી ઠાકોર, પ્રીતિ અને રવીન્દ્ર વીરકર, કૃણાલ અને વરખા ઠાકોર, શ્રુતિ અને દીપક મેહરા, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટીયા**

અ. સૌ. રૂકમા કાપડીયા તે કિરીટ રામદાસ કાપડીયાના ધર્મપત્ની. સ્વ. રજનીબેન તથા સ્વ. રામદાસ કાપડીયાના પુત્રવધૂ. સ્વ. જગતસિંહ અને સ્વ. ભાનુમતિ મર્ચન્ટના પુત્રી. સ્વ. ખ્યાતિ અને શ્વેતા મેહુલ મર્ચન્ટના માતુશ્રી. સ્વ. જવાહીર ભરત, દેવી હમીર અને કિન્નરીના બેન. ઓમના નાની. તા. ૩-૯-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠીયા બ્રહ્મક્ષત્રિય**

મૂળ સાવરકુંડલા હાલ દહીંસર, સ્વ. કિશોરકુમાર શામજીભાઈ ખખ્ખરના ધર્મપત્ની ગં.સ્વ રોહિણીબેન તા. ૪/૯/૨૫ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. તે અલ્પા પ્રિયાંક જોશી, કિન્નરી બિમલ રસપુત્રા, કશ્યપના માતૃશ્રી. કવિતાના સાસુ. વસંતગૌરી રામજી મૂળજી સિંઘવડના દિકરી. પ્રભુદાસ માધવજી પડિયાના ભાણેજ. લૌકીક ક્રિયા બંધ રાખેલ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ કાંદિવલી, સ્વ. શાંતિકુમાર ત્થા સ્વ. શાંતાબેન દેસાઈના જ્યેષ્ઠ પુત્ર મધુસૂદન દેસાઈ (ઉં. વ. ૮૬) તે સ્વ. નંદિનીબેન (નલીબેન) ના પતિ. રાહુલ-સ્વ. પ્રિતી, વિપુલ - અલ્પા, ભૈરવી - ભરત સરવૈયાના પિતા. અશ્વિન - વિણાના મોટાભાઈ, જાફરાબાદવાળા (વાંઢવાળા) સ્વ. દ્વારકાદાસ ગોકળદાસ ગોરડિયાના જમાઈ. નલીબેન - સ્વ. કીર્તિકુમાર દોશી, સ્વ. પ્રવિણા - સ્વ. કિરીટકુમાર મુની, મૃદુલા - બકુલેશ વોરાના મોટાભાઈ તા. ૫-૯-૨૫ને શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૭-૯-૨૦૨૫ના ૪ થી ૬. હાલાઈ લુહાણા બાળાશ્રમ હોલ, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, અતુલટાવર પાસે, કાંદિવલી વે.

**વ્યાસ નાયક ભોજક બ્રાહ્મણ**

ગામ કડી હાલ બોરીવલી, નીલકંઠ ડાહ્યાલાલ વ્યાસ (ઉં. વ. ૭૪) ગુરુવાર, તા. ૪-૯-૨૫ના દેવલોક પામ્યા છે. તે શર્મિષ્ઠાબેનના પતિ. માનસી જિગર જોશી, મનાલી તુષાર પંડયાના પિતા. ઘનશ્યામભાઈ, મુકેશભાઈના ભાઈ. નૈતિક કિશોર વ્યાસના કાકા. કમલેશભાઈ નર્મદાશંકરના બનેવી. મિશુભના નાના. ટેલિફોનિક બેસણું રવિવાર, ૭-૯-૨૫ના ૩ થી સાંજે ૬.

છેલ્લા પાનાનું ચાલુ

### પૂજા ખેડકરની

નિયુક્તિ થાય છે, એ રાજ્યના મુખ્ય પ્રધાન, નાયબ મુખ્ય પ્રધાન અને અન્ય લોકો વિશે વિગતવાર માહિતી મેળવવાની સંબંધિત અધિકારીઓ પાસેથી અપેક્ષા રાખવામાં આવે છે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશને તેમના દસ્તાવેજોની ચકાસણી કરવી જોઈએ. જો કોઈ આઇપીએસ અધિકારીને ખબર ન હોય કે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન કોણ છે, તો શું તેને તેમના શિક્ષણનું દુર્ભાગ્ય કહેવું જોઈએ? તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારને પણ સંબંધિત મહિલા અધિકારી દ્વારા બદનામ કરવામાં આવ્યા હતા.

સોલાપુરના કુર્દુ ગામમાં ગેરકાયદે ખનન પ્રકરણમાં નાયબ પોલીસ અધિક્ષક અંજના કૃષ્ણાએ કાર્યવાહી કર્યા પછી, ત્યાંના એક કાર્યકર્તાએ અજિત પવારનો સીધો તેમના મોબાઇલ ફોન પર સંપર્ક કર્યો. અજિત પવાર અને સંબંધિત મહિલા અધિકારી વચ્ચેની વાતચીતની એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઇ હતી. તે વીડિયો ક્લિપમાં થયેલી વાતચીતથી રાજ્યમાં વિવાદ થયો હતો. ■

### વિસર્જન વખતે

સામનો કરવો પડશે. બ્લોકના સમયગાળા દરમિયાન કર્જત અને ખોપોલી વચ્ચેની સ્થાનિક લોકલ ટ્રેન સર્વિસ બંધ રહેશે. લોકો ફક્ત કર્જત સુધી મુસાફરી કરી શકશે. જોકે ખોપોલી- સીએસએમટી લોકલ ટ્રેનની મુસાફરી રદ કરવામાં આવશે. તહેવારોના દિવસોમાં મધ્ય રેલવે પ્રશાસન બ્લોક લઈ રહ્યું હોવાથી મુસાફરોએ પ્રચંડ રોષ વ્યક્ત કર્યો હતો.

કર્જત યાર્ડ સુધારણાની કામગીરી માટે છઠ્ઠી સપ્ટેમ્બરને શનિવારે બપોરે અઢી વાગ્યાથી સાડા ચાર દરમિયાન કર્જત અપ માર્ગ અને નાગનાથ કેબિન વચ્ચે બ્લોક અમલમાં આવશે. આ સમયગાળા દરમિયાન કર્જત - ખોપોલી લોકલ ટ્રેન બંધ કરવામાં આવશે. કર્જતથી ખોપોલી જતી લોકલ ટ્રેન બપોરે ૩.૩૯ વાગ્યે બંધ કરવામાં આવશે. ખોપોલીથી કર્જત જતી લોકલ ટ્રેન બપોરે ૨.૫૫ વાગ્યે બંધ કરવામાં આવશે.

રવિવારથી મંગળવાર (૭ સપ્ટેમ્બરથી ૯ સપ્ટેમ્બર) સુધી દરરોજ બપોરે અઢી વાગ્યાથી સાંજના પાંચ વાગ્યા સુધી કર્જત અપ માર્ગથી નાગનાથ કેબિન સુધી બ્લોક રહેશે. આ બ્લોકના કારણે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી ખોપોલી જતી લોકલ ટ્રેન સતત ત્રણ દિવસ સુધી બપોરે ૧૨.૨૦ કલાકે કર્જત સુધી દોડશે. કર્જત અને ખોપોલી વચ્ચે લોકલ ટ્રેન રદ કરવામાં આવશે. સાંજે સાડા ચારે ખોપોલી-છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ લોકલ કર્જતથી ખોપોલીને બદલે સાંજે ૪.૫૭ વાગ્યે ઉપાડશે. આ લોકલ ખોપોલી અને કર્જત વચ્ચે બંધ કરવામાં આવશે. ■

### રાજ્યના પ્રધાન

આપ્યો છે, તેઓ પોતે વિદેશી અને મોંઘા માલનો ઉપયોગ કરે છે. નરેન્દ્ર મોદી જર્મન બનાવટની બીએમડબ્લ્યુ કાર, ઇટાલિયન બનાવટનો જ્યોર્જિયો અરમાની સૂટ વાપરે છે. તેઓ અમેરિકન કંપની કેનેથ કોલના જૂતા, ઇટાલિયન કંપનીની ઘડિયાળ, અમેરિકન કંપની કોપર વિઝનના ચશ્મા અને અમેરિકન કંપનીનો આઇફોન વાપરે છે. તેઓ ૮,૦૦૦ કરોડ રૂપિયાના વિમાનનો ઉપયોગ કરે છે. એવી ચર્ચા છે કે તેઓ જે મશરૂમ ખાય છે તે પણ વિદેશથી આવે છે, એમ સચિન સાવંતે કહ્યું હતું. ■

### અજિત પવારને

જણાવ્યું હતું કે ‘મુર્રમ’ માટી (લાલ માટી)ના ગેરકાયદેસર ખોદકામને કારણે સરકારી તિજોરીને નુકસાન થાય છે. આ વાત જાહેરમાં આવી હોવાથી અજિત પવારને સરકારમાં રહેવાનો કોઈ અધિકાર નથી. અગાઉ ઘણા (નેતાઓ)એ આવા કિસ્સાઓને કારણે નૈતિક ધોરણે રાજીનામું આપવું પડ્યું હતું. તમે આખા રાજ્યને લૂંટી રહ્યા છો. પ્રધાનોને શરમ આવવી જોઈએ.’

વીડિયોમાં પવાર કથિત રીતે સોલાપુર જિલ્લામાં મુર્રમ માટીના ગેરકાયદેસર ખોદકામ સામે કાર્યવાહી કરી રહેલી મહિલા આઈપીએસ અધિકારીને ઠપકો આપી રહ્યા છે. વીડિયો અનુસાર પવારે એનસીપીના એક કાર્યકર્તાના ફોનથી કરમાલાના સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી અંજના કૃષ્ણા સાથે વાત કરી હતી. જોકે, મહિલા અધિકારી પવારના અવાજને ઓળખી નહોતી શકી. ત્યારબાદ પવાર પોલીસ અધિકારીને વીડિયો કોલ કરી મુર્રમ માટીના ગેરકાયદેસર ખોદકામ સામે કાર્યવાહી બંધ કરવા કડક શબ્દોમાં જણાવે છે. આ માટીનો ઉપયોગ રસ્તાના બાંધકામમાં વ્યાપકપણે કરવામાં આવે છે. (પીટીઆઈ) ■

### આજે બાપ્પાનું

ફોર્સની ૧૪ કંપની, સેન્ટ્રલ આર્મ્સ પોલીસ ફોર્સની ચાર કંપની, ક્વિક રિસ્પોન્સ ટીમ, રાયટ્સ કન્ટ્રો ફોર્સ, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવોડ, કોમ્બેટ, ડેલ્ટા, એન્ટિ-ડ્રોન સ્કવોડ તથા હોમગાર્ડસની મદદ લેવામાં આવી છે.

જોઇન્ટ પોલીસ કમિશનર (કાયદો-વ્યવસ્થા) સત્યનારાયણ ચૌધરીએ જણાવ્યું હતું કે શહેરના વિવિધ દરિયાકિનારા, અન્ય જળાશયો અને ૨૦૫ કૃત્રિમ તળાવોમાં ૬,૫૦૦ સાર્વજનિક ગણેશ મંડળોની મૂર્તિઓ અને ૧.૭૫ લાખ ઘરની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે. પોલીસ મુંબઈ મહાનગરપાલિકાની મદદથી સુરક્ષા વ્યવસ્થા તૈયાર કરી છે. વિસર્જનના સ્થળે લાઇફ ગાર્ડસને પણ તહેનાત કરવામાં આવશે.

વિસર્જનના માર્ગો પર ૩,૦૦૦થી વધુ ટ્રાફિક પોલીસ કર્મચારીઓ અને ૨૮૫ મહારાષ્ટ્ર સિક્યુરિટી ફોર્સના જવાનોને તહેનાત કરાશે. ટ્રાફિકની સરળ અવરજવર માટે અમુક માર્ગો પર ડાયવર્ઝન અને અમુક માર્ગો બંધ રહેશે, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.

એક અધિકારીના જણાવ્યા અનુસાર પહેલી વાર રૂટ મેનેજમેન્ટ અને ટ્રાફિક સંબંધી અપડેટ્સ માટે પહેલી વાર એઆઇનો ઉપયોગ કરવામાં આવશે. ગિરગામ ચોપાટી પર એઆઇ-આધારિક કન્ટ્રોલ રૂમ બનાવવામાં આવ્યો છે, જ્યારે શોભાયાત્રામાં ભાગ લેનારાં વાહનો માટે અગ્રણી ગણેશ મંડળોને સ્ટિકર્સ સાથે ક્યુઆર કોડ જારી કરવામાં આવ્યા છે, જે પોલીસને વાહનો શોધવામાં અને ભીડ પર નજર રાખવામાં મદદરૂપ થશે. ■

### વરસાદ પણ

જોકે બપોર બાદ વરસાદે વિરામ લીધો હતો. હવામાન વિભાગે આજે મુંબઈ, થાણે, રાયગઢ માટે યલો અલર્ટ જાહેર કરીને ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. તો પાલઘર માટે ઓરેન્જ અલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન ખાતાના જણાવ્યા મુજબ હાલ બંગાળના ઉપસાગર પર લો પ્રેશર સર્જાયું છે. આ લો પ્રેશર હાલ પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ તરફ સરકી રહ્યું છે. એ સાથે જ નૈઋત્યનું ચોમાસું પણ ફરી મહારાષ્ટ્ર અને ગુજરાતમાં સક્રિય થયું છે. એ ઉપરાંત રાજસ્થાન અને નજીકના આકાશમાં ૫.૮ કિલોમીટર અંતરે અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશનની પણ અસર છે. આ તમામ પરિબળોને કારણે મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં ફરી વરસાદી માહોલ સર્જાયો છે. ■

### આઈપીએસ

ગેરકાયદેસર ‘મુરુમ’ (નરમ) માટીના ખોદકામ સામે કાર્યવાહી કરતી વખતે આઈપીએસ અધિકારી અંજના કૃષ્ણા અને અન્ય અધિકારીઓને કથિત રીતે અવરોધિત કરવા બદલ અનેક વ્યક્તિઓ સામે કેસ નોંધ્યો હતો.

ગુરુવારે સામે આવેલા વાયરલ વીડિયોમાં, પવાર ફોન પર કૃષ્ણાને ધમકાવી રહ્યા હોવાનું સાંભળવા મળ્યું હતું.

‘હું સ્પષ્ટ કરું છું કે મારો ઈરાદો કાયદાના અમલમાં દખલ કરવાનો નહોતો, પરંતુ ત્યાંની સ્થિતિ શાંતીપુર્ણ રહે અને વધુ ન બગડે તે સુનિશ્ચિત કરવાનો હતો, એમ પવારે શુક્રવારે એક નિવેદનમાં જણાવ્યું હતું.

‘હું પારદર્શક શાસન માટે પ્રતિબદ્ધ છું અને ખાતરી રાખું છું કે રેતી ખનન સહિતની દરેક ગેરકાયદે પ્રવૃત્તિ સામે કાયદા મુજબ કડક રીતે કાર્યવાહી કરવામાં આવે,’ એમ પવારે વધુમાં કહ્યું હતું.

મરાઠી ન્યૂઝ ચેનલો દ્વારા પ્રસારિત કરવામાં આવેલા આ વીડિયોમાં કરમાળાના સબ-ડિવિઝનલ પોલીસ અધિકારી અંજના કૃષ્ણા સ્થાનિક એનસીપી કાર્યકરના ફોન પર પવાર સાથે વાત કરતા દેખાય છે. તેણે શરૂઆતમાં પવારનો અવાજ ઓળખ્યો નહોતો.

પવારે ત્યારબાદ પોલીસ અધિકારીને વીડિયો કોલ કર્યો હતો અને કથિત રીતે ગેરકાયદે ખોદકામ સામે કાર્યવાહી બંધ કરવા કડક સ્વરમાં આદેશ આપ્યો હતો.

#### મુરુમ માટીનો ઉપયોગ રસ્તાના બાંધકામમાં થાય છે

આ દરમિયાન બાબા જગતાપ, નીતિન માલી, સંતોષ કાપરે, અન્ના ધાણે અને ૧૫થી ૨૦ અન્ય લોકો સામે ભારતીય ન્યાય સંહિતાની જાહેર સેવકને તેમની ફરજ બજાવવાથી રોકવા માટે હુમલો કરવો અથવા ગુનાહિત બળનો ઉપયોગ કરવો, ગેરકાયદેસર ભેગા થવું અને પર્યાવરણ સંરક્ષણ કાયદાની સંબંધિત કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો, એમ કુર્દુવાડી પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું.

અધિકારીએ જણાવ્યું હતું કે, આ ઘટના ૩૧ ઓગસ્ટે બની હતી જ્યારે મહેસૂલ વિભાગના અધિકારીઓ આઈપીએસ અધિકારી અંજલિ કૃષ્ણા સાથે ગેરકાયદે ખોદકામ સામે કાર્યવાહી કરવા માટે કાપરે પહોંચ્યા હતા.

આરોપીઓએ કાર્યવાહીમાં અવરોધ ઉભો કરવાનો પ્રયાસ કર્યો હોવાનો આરોપ છે, એમ તેમણે જણાવ્યું હતું.

હવે આ કેસના બંને વીડિયો વાયરલ થયા છે. ■

### ખાડાએ લીધો જીવ

પસાર થઈ ગયો હતો.
તેને ઘાટકોપરમાં આવેલી રાજાવાડી હૉસ્પિટલમાં દાખલ કર્યો હતો પણ સારવાર પહેલા જ તેને ડૉક્ટરે મૃત જાહેર કર્યો હતો.
તો સ્વપનીલ પર પવઈમાં આવેલી ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

પોલીસે આ અકસમાત બાદ બેસ્ટના ૫૭ વર્ષના ડ્રાઈવર ઉત્તમ જીજાબા કુમકર સામે કેસ નોંધીને તપાસ આદરી હતી. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|







# પાણી પહેલા પાળ : ૧૯ સપ્ટેમ્બરે એનસીપીની ચિંતન શિબિર

મુંબઈઃ મહારાષ્ટ્ર શાસક ગઠબંધન ભાગીદાર રાષ્ટ્રવાદી કોંગ્રેસ પક્ષ (એનસીપી) રાષ્ટ્રીય વિસ્તરણ માટે આયોજન કરવા અને સાથી પક્ષો સાથે સત્તામાં બે વર્ષ પૂરા થયા છે ત્યારે સંગઠનને વધુ મજબૂત કરવાના આશય સાથે નાગપુરમાં ૧૯ સપ્ટેમ્બરે એક દિવસીય ચિંતન સંમેલનનું આયોજન કરશે.

એનસીપીના પ્રદેશ અધ્યક્ષ સુનિલ તટકરેએ શુક્રવારે જણાવ્યું હતું કે ‘રાષ્ટ્રવાદી ચિંતન શિબિર’માં મનોમંથન કરવામાં આવશે. શિબિરમાં રાષ્ટ્રીય સ્તરે આત્મ નિરીક્ષણ કરી વ્યૂહરચના નક્કી કરવામાં આવશે. આ પ્રયાસોથી પક્ષના સંગઠનાત્મક માળખામાં મહત્વપૂર્ણ પગલાં નક્કી કરી મળી રહેલી તકોનો લાભ કેવી રીતે ઉઠાવવો અને પક્ષને કેવી રીતે વ્યાપક બનાવવો એના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારની અધ્યક્ષતા હેઠળનો પક્ષ શાસક મહાયુતિ ગઠબંધનનો એક ઘટક છે જેમાં ભાજપ અને શિવસેનાનો પણ સમાવેશ થાય છે. આ સંમેલન એવા સમયે યોજાઈ રહ્યું છે જ્યારે મહારાષ્ટ્રમાં ક્વોટા અંગે મરાઠા-ઓબીસીની ખેંચતાણ ચાલી રહી છે અને પક્ષો મુંબઈ મહાનગરપાલિકા સહિત ગ્રામીણ અને શહેરી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી માટે તૈયારી કરી રહ્યા છે.

તટકરેએ વધુમાં જણાવ્યું હતું કે આ ચિંતન શિબિરમાં અમારા વિધાન સભ્યો, સંસદ સભ્યો, વરિષ્ઠ નેતાઓ, યુવા પ્રતિનિધિઓ અને દેશભરના વિચારકો ભેગા થશે. દરેક ઘર, દરેક ગામ અને દરેક મતદાતા સુધી માત્ર સૂત્રોચ્ચાર સાથે જ નહીં, પરંતુ નક્કર કાર્યો કરી કેવી રીતે પહોંચવું એની અમે સાથે મળીને ચર્ચા કરીશું. દિવસભર ચાલનારા આ સંમેલનમાં રાષ્ટ્રીય વિસ્તરણ, યુવાનો અને મહિલા-કેન્દ્રિત નીતિઓ માટે વિવિધ પ્રકારની ચર્ચા થવાની સંભાવના છે. (પીટીઆઈ)■

# મહારાષ્ટ્રના છ શિક્ષકોને ‘રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર ૨૦૨૫’

મુંબઈઃ શિક્ષક દિવસ નિમિત્તે વિજ્ઞાન ભવનમાં આયોજિત એક કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ મહારાષ્ટ્રના છ શિક્ષકોને રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર અર્પણ કર્યો. આમાં શાળા શિક્ષણ ક્ષેત્રે ડો. શેખ મોહમ્મદ વકીઉદ્દીન શેખ હમીદુદ્દીન (જિલ્લા પરિષદ હાઇસ્કૂલ, અર્ધપુર, નાંદેડ), સોનિયા વિકાસ કપૂર (એટોમિક એનર્જી સેન્ટ્રલ સ્કૂલ નં. ૨, મુંબઈ) અને ડો. સાંદીપન ગુરુનાથ જગદાળે (દયાનંદ કોલેજ ઓફ આર્ટ્સ, લાતુર), ડો. નીલાક્ષી જૈન (શાહ અને એન્કર કચ્છી કોલેજ ઓફ એન્જિનિયરિંગ, મુંબઈ), પ્રો. પુરુષોત્તમ પવાર (એસવીપીએમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી એન્ડ એન્જિનિયરિંગ, બારામતી), અને અનિલ રામદાસ જિભકાટે (સંત જગન્નાડે મહારાજ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થા, નાગપુર)નો સમાવેશ થાય છે.

શિક્ષણ મંત્રાલયના શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ૪૫ શાળા શિક્ષકો, ૨૧ ઉચ્ચ શિક્ષણ અને ૧૬ કૌશલ્ય વિકાસ શિક્ષકોનું સન્માન કરવામાં આવ્યું હતું. ■

# પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલની મારપીટઃ ત્રણ મહિલા સહિત પાંચ જણ સામે ગુનો

મુંબઈઃ પોલીસ સ્ટેશનમાં કોન્સ્ટેબલની મારપીટ કરવા બદલ ત્રણ મહિલા સહિત પાંચ જણ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

કાંદિવલીના સમતાનગર પોલીસ સ્ટેશનમાં મંગળવારે રાતે આ ઘટના બની હતી અને પોલીસે પાંચ જણમાંથી બેની ધરપકડ કરી હતી.

ટ્રાફિક કોન્સ્ટેબલે ડ્રન્ક એન્ડ ડ્રાઇવિંગ બદલ આરોપી અજય રમેશ બામણેને પકડી પાડ્યો હતો અને તેને બાદમાં પોલીસ સ્ટેશનમાં લઇ જવામાં આવ્યો હતો. અજય બામણે સાથે કારમાં બીજા બે જણ પણ હાજર હતા.

પોલીસ સ્ટેશનમાં બામણેએ ટ્રાફિક કોન્સ્ટેબલને ગાળો ભાંડી હતી. એ સમયે બામણેના અન્ય બે મિત્ર પણ પોલીસ સ્ટેશનમાં આવી પહોંચ્યા હતા.

સમતાનગર પોલીસ સ્ટેશનના અધિકારીઓએ રોકવાનો પ્રયાસ કરતાં આરોપીઓએ તેમની સાથે ધક્કામુક્કી કરી હતી અને ગાળો ભાંડી હતી.

પોલીસે આ પ્રકરણે ત્રણ મહિલા સહિત પાંચ જણ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમ હેઠળ ગુનો દાખલ કર્યો હતો અને અજય બામણે તથા ગણેશ બામણેની ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■













# મહારાષ્ટ્રમાં ભારે વરસાદથી ૨૯ જિલ્લામાં પાકને નુકસાનઃ કૃષિ પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ છેલ્લા કેટલાક દિવસોથી રાજ્યમાં ચોમાસું ફરી સક્રિય થયું હોવાથી ઘણા જિલ્લાઓ વરસાદથી પ્રભાવિત થઈ રહ્યા છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં પંચનામાનું કામ અંતિમ તબક્કામાં છે અને ખેડૂતોને તાત્કાલિક સહાય પૂરી પાડવામાં આવશે. કોઈપણ ખેડૂત સહાયથી વંચિત રહેશે નહીં અને સરકાર ખેડૂતોની પડખે મજબૂત રીતે ઉભી છે, એમ કૃષિ પ્રધાન દત્તાત્રય ભરણેએ જણાવ્યું હતું. રાજ્યના ૨૯ જિલ્લાના ૧૯૧ તાલુકામાં ભારે વરસાદને કારણે મોટું નુકસાન થયું છે. આ સમયગાળા દરમિયાન વરસાદને કારણે ૬૫૪થી વધુ મહેસૂલ બોર્ડમાં ખરીફ પાકને નુકસાન થયું છે. રાજ્યમાં ૧૪,૪૪,૭૪૯ હેક્ટર (૩૬,૧૧, ૮૭૨.૫ એકર) જમીનને અસર થઈ છે. આમાંથી ૧૨ જિલ્લા એવા છે જ્યાં ૧૦ હજાર હેક્ટરથી વધુ જમીનને અસર થઈ છે. ૧૫ થી ૨૦ ઓગસ્ટ દરમિયાન પડેલા સૌથી વધુ વરસાદથી કૃષિ પાકોને સૌથી વધુ નુકસાન થયું છે, એવી માહિતી કૃષિ પ્રધાને આપી હતી.

સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઃ
નાંદેડ - ૬,૨૦,૫૬૬ હેક્ટર,
વાશિમ - ૧,૬૪,૫૫૭ હેક્ટર,
યવતમાળ - ૧,૬૪,૯૩૨ હેક્ટર,
ધારાશિવ - ૧૫૦,૭૫૩,
બુલઢાણા - ૮૯,૭૮૨ હેક્ટર,
અકોલા - ૪૩,૮૨૮ હેક્ટર,
સોલાપુર - ૪૭,૨૬૬ હેક્ટર,
હિંગોલી - ૪૦,૦૦૦ હેક્ટર.

આ વિસ્તારોમાં સૌથી વધુ અસરગ્રસ્ત પાકમાં સોયાબીન, મકાઈ, કપાસ, અડદ, તુવેર, મગનો સમાવેશ થાય છે. કેટલેક જગ્યાએ શાકભાજી, ફળ, બાજરી, શેરડી, ડુંગળી, જુવાર અને હળદરના પાકને પણ અસર થઈ છે. કુલ અસરગ્રસ્ત જિલ્લામાં નાંદેડ, વાશિમ, યવતમાળ, બુલઢાણા, અકોલા, સોલાપુર, હિંગોલી, ધારાશિવ, પરભણી, અમરાવતી, જલગાંવ, વર્ધા, સાંગલી, અહિલ્યાનગર, છત્રપતિ સંભાજીનગર, જાલના, બીડ, લાતુર, ધુલે, જળગાંવ, રત્નાગીરી, ચંદ્રપુર, સાતારા, નાસિક, કોલ્હાપુર, સિંધુદુર્ગ, ગઢચિરોલી, રાયગઢ અને નાગપુરનો સમાવેશ થાય છે. ■

# મરાઠાઓને છેક ૧૮૮૧થી અનામત મળવી જોઈતી હતીઃ મનોજ જરાંગે

## ઓબીસી નેતાઓને આગળ આવતા રોકવાનો ભૂજબળ પર આરોપ મૂક્યો

છત્રપતિ સંભાજી નગરઃ મરાઠા અનામતના આંદોલનકારી મનોજ જરાંગેએ શુક્રવારે કહ્યું હતું કે મરાઠા સમુદાય છેક ૧૮૮૧થી અનામત માટે પાત્ર હોવા છતાં પ્રગતિવાદી હોવાને કારણે તેમના દ્વારા અગાઉ અનામતની માગણી નહોતી કરવામાં આવી. જોકે હવે મરાઠાઓની આગામી પેઢીઓના ભવિષ્યને સુરક્ષિત કરવા માટે અનામતની જરૂર છે.

મુંબઈમાં પાંચ દિવસની ભૂખ હડતાળ પાછી ખેંચ્યા બાદ જરાંગેને છત્રપતિ સંભાજી નગરની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હૉસ્પિટલમાં સંવાદદાતાઓ સાથેની વાતચીત દરમિયાન તેમણે મહારાષ્ટ્રના પ્રધાન અને અગ્રણી ઓબીસી નેતા છગન ભુજબળ પર ઓબીસીના અન્ય નેતાઓની પ્રગતિ અટકાવવાનો પણ આરોપ કર્યો હતો.

જરાંગેની દલીલ હતી કે મરાઠા સમુદાય ૧૮૮૧થી (હૈદરાબાદ ગેઝેટિયરનો ઉલ્લેખ કરીને) અનામત માટે પાત્ર છે. અમારા પૂર્વજો પ્રગતિશીલ હોવાથી તેમણે અનામતનો લાભ નહોતો લીધો. હવે અમારે આવનારી પેઢીઓ માટે સુરક્ષિત ભવિષ્યની ખાતરી કરવી પડશે. આ કારણસર અનામત અમારા માટે એક આવશ્યકતા બની ગઈ છે. મહારાષ્ટ્ર સરકારે મરાઠાઓને તેમના કુણબી જાતિના પ્રમાણપત્રો આપવા માટે એક સમિતિની રચના કરવાની જાહેરાત કર્યા બાદ જરાંગેએ મંગળવારે દક્ષિણ મુંબઈના આઝાદ મેદાન ખાતે તેમના ઉપવાસ સમાપ્ત કર્યા હતા.

રાજ્ય એ એક સરકારી ઠરાવ (જીઆર) બહાર પાડ્યો હતો જેમાં હૈદરાબાદ ગેઝેટિયરના અમલીકરણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. (પીટીઆઈ)■

પ્રાર્થના સભા



શ્રીમતી. ચંચલબેન જગશીભાઈ છેડા
જગશીભાઈ જેઠાભાઈ છેડાનાં ધર્મપત્ની
19.03.1942 - 03.09.2025
અમારા માતુશ્રી ૩જી સપ્ટેમ્બર ૨૦૨૫ ના રોજે અવસાન પામ્યા છે.
પ્રાર્થના સભા તારીખ: રવિવાર-7 સપ્ટેમ્બર 2025
સ્થળ: યોગી સભાગૃહ, લોકમાન્ય તિલક કોલોની, દાદર, મુંબઈ - 400014
સમય: સવારે 10:30 થી બપોરે 12:00
શોકાકુલ
રીટા કિશોર છેડા અને પરિવાર
રૂપલ વિજય છેડા અને પરિવાર
મીના નીતિન દેઢિયા અને પરિવાર
ARAYA
SUPER SALTS PVT. LTD.

કપોળ મરણ



મધુસૂદનભાઈ દેસાઈ (ઉ.વ.૮૬)
અમરેલીવાળા હાલ કાંદિવલી મુંબઈ સ્વ. શાંતિકુમાર ત્થા સ્વ. શાંતાબેન દેસાઈના જ્યેષ્ઠ પુત્ર, તે સ્વ. નંદિનીબેન (નલીબેન) ના પતિ, તે રાહુલ - સ્વ. પ્રિતી, વિપુલ - અલ્પા ત્થા ભૈરવી - ભરત સરવૈયાના પિતા, તે અશ્વિન - વિણાના મોટાભાઈ, જાફરાબાદવાળા (વાંઢવાળા) સ્વ. દ્વારકાદાસ ગોકળદાસ ગોરડિયાના જમાઈ, તે નલીબેન - સ્વ. કીર્તિકુમાર દોશી, સ્વ. પ્રવિણા - સ્વ. કિરીટકુમાર મુની, મૃદુલા - બકુલેશ વોરાના મોટાભાઈ, અમરેલીવાળા સ્વ. હરગોવિંદાસ લવજી કાણકિયાના ભાણેજ, તે ધૈર્યના દાદા, ગાથા અને દિવાના નાના, તાઃ ૫.૯.૨૦૨૫ ને શુક્રવારે શ્રીજી ચરણ પામ્યા છે.
પ્રાર્થના સભા
રવિવાર, તાઃ ૭.૯.૨૦૨૫ ના રોજ સાંજે ૪ થી ૬ દરમિયાન રાખેલ છે.
સ્થળઃ હાલાઈ લોહાણા બાળાશ્રમ હૉલ, મથુરાદાસ એક્સ્ટેન્શન રોડ, અતુલ ટાવર પાસે, કાંદિવલી (વે) મુંબઈ
Bijal Ads

અશ્રુભરી શ્રદ્ધાંજલિ
મરણ કરતાં સ્મરણ બળવાન છે
મૃત્યુ એક દિન, સ્મરણ નિશદિન



શ્રી આશકરણભાઈ (અશોકભાઈ) શાંતિલાલ શાહ
વતનઃ ધ્રાંગધ્રા દેહવિલયઃ સોમવાર, ૧.૯.૨૦૨૫
મુઠ્ઠી ઉચેરૂ જીવન જીવી.... જીવન ઝળાહળા કરનાર
વ્યવહારે - વિચારે સરળ સ્વભાવી, પ્રખર પ્રભાવી, પરોપકારી,
પરિવારનિષ્ઠ, દાનેશ્વર એવા વિરલ વ્યક્તિત્વયે
દિકરી સેજલને આપીને અમારા ખંધાર પરિવારનું ગૌરવ વધાર્યું,
આવા ધર્મનિષ્ઠ, ધર્માનુરાગી વેવાઈનો આત્મા મોક્ષગામી બને તેવી
નરેન્દ્ર વ્રજલાલ ખંધાર પરિવારની પ્રભુને પ્રાર્થના.
AMAR PLASTIC INDUSTRIES - MUMBAI
www.amarplastic.in | email: reachus@amarplastic.in
Narendra Khandhar +91 9322297999, Dipesh Khandhar +91 9322218859
Bijal Ads

# નાહુર બર્ડ પાર્કની ટેન્ડર પ્રક્રિયામાં ગેરરીતિના આક્ષેપ સામે સુધરાઈની સ્પષ્ટતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પૂર્વ ઉપનગરના નાહુરમાં બનાવવામાં આવી રહેલા બર્ડ આઈવરી પ્રોજેક્ટ (બર્ડ પાર્ક)ના ખર્ચમાં ૬૬ ટકાનો વધારો થયો હોવાની ફરિયાદ બાદ ઝૂ ઓથોરિટીએ સ્પષ્ટતા કરતા કહ્યું હતું કે આ પ્રોજેક્ટમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ આચરવામાં આવી નથી અને ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શિતા અને ન્યાયી સ્પર્ધા સુનિશ્ચિત કરીને તમામ ગાઈડલાઈનનું પાલન કરવામાં આવ્યું હતું. તેમ જ કોઈ પણ કૉન્ટ્રેક્ટરને ધ્યાનમાં રાખીને ટેન્ડર બનાવવામાં આવ્યું નહોતું અને તમામ લોકોને બોલી લગાવવાની છૂટ હતી.

સુધરાઈએ નાહુરમાં એક્ઝોટિક બર્ડ પાક બનાવવા માટે ૧૬૬ કરોડ રૂપિયાની બીડ મગાવી છે. આ પાર્કમાં મકાઉ, ટુકન, હંસ, શાહમૃગ જેવી પ્રજાતિએ હશે, જેમાં સ્ટેનલેસ સ્ટીલ ટેન્સાઈલ વાયર મેશથી કુદરતી લાગે તે મુજબના ઘર બનાવવામાં આવવાના છે. આ પ્રોજેક્ટમાં બગીચો, તળાવ, પક્ષીઓ માટે ઘર, વાડો અને કૃત્રિમ રોકવર્ક પણ ઊભું કરવામાં આવવાનું છે. આ પ્રોજેક્ટમાં પશુચિકિત્સા હૉસ્પિટલ, ક્વોરન્ટાઈન ઝોન સહિત અન્ય સુવિધા પણ હશે. પર્યટકો માટે બર્ડ શો, અંડરગ્રાઉન્ડ પાર્કિંગ, એવી સિસ્ટમ, ઈકો ફ્રેન્ડ્રલી લાઇટિંગની સિસ્ટમ વગેરે પણ હશે. પાલિકાના આ ટેન્ડર સામે સામાજિ કાર્યકર્તાએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પત્ર લખીને ટેન્ડર રદ કરવાની માગણી કરી હતી, જેમાં પ્રોજેક્ટના ખર્ચમાં મૂળ અંદાજિત ૧૦૦ કરોડ રૂપિયાથી માત્ર ચાર મહિનામાં આ રકમ ૧૬૬ કરોડ રૂપિયા સુધી પહોંચી ગઈ હતી, જે ગેરવ્યાજબી હતો. ૬૬ ટકા વધારાને તેમણે સીધી લૂંટ ગણાવી હતી. જોકે ભાયખલા ઝૂના ડિરેક્ટટર સંજય ત્રિપાઠીએ શુક્રવારે ભ્રષ્ટાચાર, પક્ષપાત અને જાહેર ભંડોળણનો દુરઉપયોગના તમામ આરોપોને નકારી કાઢ્યા હતા. તેમ જ ટેન્ડર પ્રક્રિયામાં કોઈ પણ ગેરરીતિ આચરવામાં આવી ન હોવાની સ્પષ્ટતા કરી હતી.

તેમણે લેખિતમાં જણાવ્યું હતું કે ૧૬૬ કરોડ રૂપિયાનો આકંડો તેમનો પોતાનો નથી. આ આંકડો એન્જિનિયરિંગ, પ્રોકરમેન્ટ અને કન્સ્ટ્રકશન ધોરણે ટેન્ડર બનાવવામાં આવ્યો હતો. બિડરોએ ડિઝાઈન, ડ્રોઈંગ અને સ્થળની સ્થિતિનો અભ્યાસ કરવો અને પોતાનો વિગતવાર ખર્ચ અંદાજ સબમીટ કરવાના જરૂરી હતી. ■

## ૪. ધાર્મીક સંબંધી

**સસ્તામાં**
દરેક પૂજા, જ્યોતિષ, લઘુરુદ્ર, વાસ્તુ, કાલસર્પ, રાંદલકથા. 8369339259. (૧૫૩૮૧/એ)

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૯. લગ્ન સંબંધી

**પરિચય સંમેલન**
14/09/2025, રવિવારે, કાંદિવલીમાં સમસ્ત ગુજરાતી સમાજના/ દરેક જ્ઞાતિના કુંવારા/ છુટાછેડા/ વિધવા/ વિધુર માટે. શ્રી હરિઈચ્છા ફાઉન્ડેશન 9082825482. (દહેજ નહીં). (૧૫૩૮૧-સી)

**યુવક - ૧૯૮૯**
**મુંબઈ બોરીવલી સ્થિત, દશા સોરઠિયા વૈષ્ણવ વણિક, સુખી સંપન્ન પરિવારના. ઉંચાઈ ૫.૯, અન્ડર ગ્રેજ્યુએટ, ફેમીલી બિઝનેસ- કેમીકલ ફેક્ટરી ધરાવતા યુવક માટે, વૈષ્ણવ / જૈન પરિવારની યોગ્ય કન્યાના વડિલો સંપર્ક કરે: ૯૯૬૯૫૯૭૦૨૪. (દહેજ નહીં). (બી-૧૬૪૪૨)**

■ MBA, માર્કેટીંગ, 1981, વેરી ઈન્ટેલીજન્ટ દેખાવડીને ક્વોલીફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૨૬૫-ડી)

■ પાર્લામાં 1985/ 5'.6", ફીઝીયોથેરાપીસ્ટ બ્યુટીફુલને ક્વોલીફાઈડ યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૨૬૫-ડી)

■ MBA, 1979, 5', એક્ટીવ જૈનને વેલસેટ શિક્ષિત યુવક આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૨૬૫-ડી)

■ બોસ્ટનમાં 1994, બી.ટેક, MS, સ્માર્ટને ક્વોલીફાઈડ અમેરીકાની કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૨૬૫-ડી)

■ લંડનમાં 1983, સ્માર્ટ, ઓડીયોલોજીસ્ટને ક્વોલીફાઈડ કન્યા આવકાર્ય. 9920817551. (દહેજ નહીં). (૨૬૫-ડી)

**જૈન યુવતિ**
ડિવોર્સી, 1988, 5' 3", MS (USA), સ્લીમ, દેખાવડી માટે યોગ્ય યુવક આવકાર્ય. 9820268069. (દહેજ નહીં). (૧૫૩૮૨/એ)

**SAPTPADI**
**Highly Qualified Jain, Vaishnav, Gujarati, Candidates. "Neela Sheth" - 9833676409 / 7045657510. (No Dowry) (229-A)**

## ૧૦. મહિલાઓ માટે

**કાનનાં મોટા કાણાં**
દવાથી એક જ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૬૪૩૭)

**કાન**
૪૦ વર્ષોના અનુભવી પાસે, દવાથી કાન સીવરાવવા, ઘાટકોપર - અંધેરી - સેન્ડહર્સ્ટ રોડ - વાલકેશ્વર - દાદર - ચૌપાટી. ૯૮૬૯૪૧૬૪૮૧. (બી-૧૬૪૪૧)

**કૉરપોરેટ ગિફ્ટ**
નવરાત્રી તથા દિવાળી નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે મળશે. - 9930310057. (બી-૧૬૪૪૮)

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ ટુરવાલે**
ગંગાસાગર જગન્નાથપુરી, નેપાળ મુક્તિનાથ, અયોધ્યા વારાણસી પ્રયાગરાજ, દક્ષિણ ભારત ૯૮૩૩૭૩૦૬૩૯. (૨૪૬-એ)

**■ ગોકુલ, વૃંદાવન, જતીપુરા, બરસાના-5 દિવસ ઉપડશે-12 સપ્ટેમ્બર: તન્વી ટુર્સ એન્ડ હોલિડેઝ- 9867313091, 9930213091. (બી-૧૬૪૫૦)**

**શ્રીયમુના**
ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છના બેઠકજી, દાર્જીલિંગ, સિક્કીમ, કામાખ્યા, ગોહાટી, શ્રીનાથજી. 9892377559. (૧૫૮૩૮/એ)

**નિઃશુલ્ક જાત્રા**
મુંબઈમાં ૬૫ વર્ષ ઉપરના માટે એક દિવસીય નેરૂલ લોનાવલામાં જૈન દેરાસર જાત્રા. શ્રીમતી કુમુદ હિતેશ ચુનીલાલ પોપટલાલ ગુટકા ૭૩૦૪૪૭૨૫૮૧ ફક્ત વાટ્સએપ. (ફોન કરવો નહીં). (એસડીબી-૨૮૫૭)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૪. નોકરી ખાલી છે

**કેશીયર જોઈએ**
**બોરીવલી (વેસ્ટ) સ્ટેશન નજીક ચાંદીના શોરૂમ માટે કેશીયર-કોમ્પ્યુટરાઈઝડ બીલીંગનું કામ સંભાળી શકે તેવા ગ્રેજ્યુએટ મેલ જોઈએ છે. વય ૨૫થી ૫૦. કામનો સમય- ૧૦.૩૦ થી ૯. બાયોડેટા ફોટો સાથે વોટ્સએપ કરો. 9820295766. (૨૬૨-એ)**

**એકાઉન્ટન્ટ**
**હોસ્ટેલ-વડાલા સ્ટેશન નજીક અમને Tally-Primeનો અનુભવ ધરાવતા એકાઉન્ટન્ટની જરૂરત છે. પગાર અનુભવ મુજબ. CV મનસુખ કોઠારી Whatsapp- 9324374747. (૨૬૮-એ)**

**તક**
"નિવૃત્ત, ગૃહિણી અને વરિષ્ઠ નાગરિકો માટે પાર્ટ / ફુલટાઈમ કામ". "તાલીમ ઉપલબ્ધ". "ઓફિસ સપોર્ટ મળશે". "કોઈ રોકાણ નહીં" :- 8879985966 / 9320132162. (૨૬૭-એ)

**REAL ESTATE**
Sales Wanted 10 Male Candidates to Work at a Reputed Real Estate Company at Juhu Scheme Earn 10 Lacs Annually, on Commission basis. Field Job 10 am to 7 pm Profile - Site Visits, Inspections, Meetings Whatsapp CV 7021919014. (253-A)

**AGARBATTI COMPANY**
Requires Salesman / Salesgirl. Salary Rs. 25,000/- monthly. Fieldwork. Preference given to Candidate from Agarbatti Field. Age not more than 40 yrs. WhatsApp biodata on 9323787959. (266-A)

## ૧૭. જગ્યા આપવી છે

**ગોવાલિયા ટેન્ક**
2 BHK ફુલ્લી ફર્નિશ્ડ ફુલ હવા ઉજાસ 2.85CR negotiable 8369089427. (એસડીબી-૨૮૧૩)

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
રામ કૃષ્ણ મિશન પાસે- નવું બિલ્ડીંગ-૪ બેડરૂમ એરિયા ૧૮૨૫' કારપેટ+ સર્વન્ટ ટોઈલેટ, ૩ પાર્કિંગ, જીમ અને ઓ.સી. સાથે, તુરંત વેચવાનો. ફોનઃ- "ઓનર" 9820156133. (બી-૧૬૩૯૦)

**પાર્લા ઈસ્ટ**
2 BHK સ્પેશીયસ ફ્લેટ. વીરેશ્વર હાઈટસ, સ્ટેશનથી પાંચ મિનિટે. તુરત જ વેચાણ / ભાડેથી આપવાનો છે. યોગેશભાઈ 9820583614. (બી-૧૬૪૩૨)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**રેપ્યુટેડ બિલ્ડર્સના અંડર કન્સ્ટ્રકશન પ્રોજેક્ટમાં - 1 બેડરૂમ, હોલ, કિચન, 475', 499 કારપેટ, 2 બેડરૂમ, હોલ, કિચન - 785' કારપેટ, 3 બેડરૂમ હોલ, કિચન - 1100', 1230', 1370' કારપેટ, 4 બેડરૂમ, હોલ, કિચન, 1410' કારપેટ, 6 બેડરૂમ, હોલ, કિચન - 2200' કારપેટ, વધુ વિગત માટે સંપર્ક - HOME-ALONE PROPERTY - જુગ્નુ શાહ - 9833352224. (૨૧૨-એ)**

**વિલેપાર્લે (વેસ્ટ)**
બજાજ રોડ 18th AVENUE, 2 બેડ- 736 કારપેટ, 3 બેડ - 934 કારપેટ, પઝેશન માર્ચ 2026, જીમ અને રુફ ટોપ ગાર્ડન, સ્ટેશન/સંન્યાસ આશ્રમ નજીક. સંપર્ક: 9136663063. (૨૨૨-એફ)

**વિલેપાર્લા ઈસ્ટ**
**સુંદર હવા ઉજાસવાળો ફ્લેટ. 1050 ૩૧૦૦૦ Per sq feet ૨ પાર્કીંગ સાથે દેરાસરની સામે તુરંતમાં આપવાનો છે. 9619018233. (૩૦૦)**

**મલાડ (ઈસ્ટ)**
પોદાર રોડ, સ્ટેશનથી 2 મિનિટ વોકેબલ, લક્ઝરીયસ 3.5 બેડરૂમ વેચાણથી 2.60 કરોડ નીગોસિબલ, all master bedroom, 2 પાર્કિંગ, હાયર ફ્લોર, ફૂલ્લી ફર્નિશ, રેડી લેવા Joshi estate- 9967664729. (જેપી/૪૫૧૨-ઈ)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઇસન્સથી, 4 બેડરૂમ્સ, વેસ્ટર્લી ફ્લેટ - 1236', 11મો માળો, નવું મકાન, બજાજ રોડ, આપવાનો છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ - ૯૮૧૯૮૭૪૫૧૫. (૨૫૮/એ)**

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી નવું બિલ્ડીંગ 2 બેડરૂમ્સના 2 ફ્લેટ ૭૪૦' ૧૧મે અને ૧૦મો માળ, બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ - ૯૮૧૯૮૭૪૫૧૫. (૨૫૮/બી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી. તિલક રોડ, 2 બેડરૂમ, હોલ, કિચન - 740' કારપેટ. 9821069113, 9870769113. (૨૬૧/બી)

**SANTACRUZ (EAST)**
**સ્ટેશનથી વોકેબલ, NEW CONSTRUCTION 2,3,4 બેડરૂમના લક્ઝરીયસ મોડર્ન એમીનીટીસવાળા ફ્લેટ્સ ઉપલબ્ધ. સંપર્ક : 9769605225. (૨૨૦-એ)**

**વિલેપાર્લે (ઈસ્ટમાં)**
સ્ટેશન, દેરાસર, માર્કેટ નજીક, નવા બંધાતા બિલ્ડીંગમાં 2/3 બેડરૂમ હોલ કિચન હાયરફ્લોરમાં વેચાણથી, પઝેશન ડિસેમ્બર 2025માં, સંપર્ક: ડેવલપર્સ- 9820785555/ 8080745045. Maharera- No. P51800055563. (૨૪૪-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**વિલેપાર્લે (ઈસ્ટ/વેસ્ટ)**
3/ 4/ 5/ 6 બેડ 1000'/ 1500/ 2000/ 2500' જૈન મંદિર પાસે સ્વિમિંગ પૂલ સાથે, જીમ, બેન્કવેટ, ગાર્ડન, 45,000 psf (નિગોશિએબલ) "MIHIR" 7021919015. (૨૫૩-બી)

**જુહુ સર્કલ**
ડી એન નગર @ પ્રોજેક્ટ્સ સાથે ઇન્ફિનિટી પૂલ, જીમ, ટેરેસ, ગાર્ડન, બેન્કવેટ, ઇન્ડોર ગેમ્સ, મીની થિયેટર, ક્રિકેટ ટર્ફ, 3 બેડ 1100/ 1200 4 બેડ 1600/ 2000 5/ 6 બેડ 2200 થી 2500 @ 42000 psf. 12- 18 મહિનામાં કબજો "MIHIR" 7021919015. (૨૫૩-સી)

**સાન્તાક્રુઝ/ ખાર**
લક્ઝરી પ્રોજેક્ટ્સ 3/ 4/ 5/ 6 બેડ/ પેન્ટહાઉસ, ઇન્ફિનિટી પૂલ, જીમ, બેન્કવેટ, મીની થિયેટર, ટેરેસ ગાર્ડન, 2000 થી 6000 કાર્પેટ, મધુપાર્ક પાસે, લિંક રોડની સામે, સી વ્યૂ, એમ્પલ સરફેસ પાર્કિંગ. બજેટ 10- 30 કરોડ. "MIHIR" 7021919015. (૨૫૩-ડી)

**લાલુભાઈ પાર્ક**
રેડી ફ્લેટ્સ 4 બેડરૂમ 1500'-2000' 7-8 કરોડ ફર્નિશ્ડ 3 બેડરૂમ 1100'-1400' @ 42000 psf, 6 મહિનામાં કબજો જીમ + ટેરેસ ગાર્ડન સાથે "MIHIR" 7021919015. (૨૫૩-ઈ)

**સી-ટચ પ્રોજેક્ટ્સ**
2-3 એકર લેઆઉટ 30+ સુવિધાઓ સાથે 180 ડિગ્રી સી વ્યૂ વર્સોવા 1500-5000' (10-30) જુહુ તારા 3000-5000' (25-50) કાર્ટર / બેન્ડસ્ટેન્ડ (50-100) વર્લી પ્રભાદેવી (30-75) 25 થી વધુ વિશિષ્ટ પ્રોજેક્ટ્સ "MIHIR" 7021919015. (૨૫૩-એફ)

**જુહુ ગુલમહોર**
3/ 4/ 5/ 6 બેડરૂમ, 1200-5000' ફૂટ ઊંચા ટાવર, સુવિધાઓ સાથે પૂલ, જીમ, બેન્કવેટ કાર્પેટ, હાયર ફ્લોર, સી વ્યૂ, દર 55000 થી 65000 psf. "MIHIR" 7021919015. (૨૫૩-જી)

**સીટચ ફ્લેટો**
એક્સક્લુઝિવ સી ફેસિંગ ૧૮૦ ડિગ્રી સમુદ્રનો નજારો સાથેના પ્રોજેક્ટસ. પ્રાઈમ લોકેશન્સ: જુહુ, વર્સોવા, કાર્ટર રોડ, બેન્ડસ્ટેન્ડ, પાલી હિલ, પ્રભાદેવી, વર્લી ૩૦૦૦થી ૧૦,૦૦૦ કાર્પેટ સિંગલ ફ્લોર પર. ૨૦ + સુવિધાઓ: બેન્કવેટ, ઈન્ફિનિટી પૂલ, જીમ, ગેમઝોન, બજેટ ૨૫-૧૦૦. માત્ર સાચા ખરીદદારો સંપર્ક 7021919015. (૨૫૩-એચ)

■ સાન્તાક્રુઝ (વેસ્ટ) સાંઈબાબારોડ. ૨ BHK. 1240 સ્કવેર ફીટ. હવેલી અને દેરાસર પાસે, એક કવર્ડ પાર્કિંગ. ફર્સ્ટ ફ્લોર. બે લિફ્ટ. આઉટરાઈટ વેચાણથી. 9819756322, 9820500118. (બી-૧૬૪૦૧)

**મલાડ (વેસ્ટ)**
શામનિરમલ હાઈટ્સ, નર્સિંગ લેન, એસવી રોડ 2 અને 3 BHK OC નજીકમાં અજય રંગવાલા. 9769816633/ 9004398283. (જેપી/૪૫૧૪-એ)

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૧૫૫-એ)

**બોરીવલી (વેસ્ટ)**
**ટીપીએસ 3 બેડરૂમ સેમી ફર્નિશ્ડ ભાડે આપવાનો છે. અંકિતા એસ્ટેટ 9867015566. (૨૪૯-એ)**

**૩ બેડરૂમ**
વેચાણથી કાંદીવલી વેસ્ટ, એસવી રોડ મજીઠીયા હવેલી પાસે, 1230' કારપેટ 3 બાલ્કની રેડી લેવા. A. prop અજય દક્ષિણી, વિરાજ દક્ષિણી 9821695439 કરણ દક્ષિણી 9699269996. (જેપી/૪૫૧૭-સી)

**બોરીવલી (વેસ્ટ)**
2 બેડરૂમ, TPS રોડ, 1.47 કરોડ નિગોસિએબલ, રેડી વેચાણથી લેવા. A. prop અજય દક્ષિણી, વિરાજ દક્ષિણી 9821695439 કરણ દક્ષિણી 9699269996. (જેપી/૪૫૧૭-બી)

**કાંદીવલી (વેસ્ટ)**
1 બેડરૂમ ગ્રીસમાં હાઈટ, એમ. જી. રોડ હાયર ફ્લોર, પોડિયમ પાર્કિંગ સાથે 424' કારપેટ રેડી વેચાણથી લેવા. A. prop અજય દક્ષિણી, વિરાજ દક્ષિણી 9821695439 કરણ દક્ષિણી 9699269996. (જેપી/૪૫૧૭-એ)

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 બેડરૂમ, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હૉટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન- 9920445444. (બી-૧૬૪૫૨)

**ગ્રાન્ટ રોડ**
**સ્લેટર રોડ- તારદેવ 2 BHK ફ્લેટ 720 સ્કે. ફૂટ ફુલી ફર્નીશ્ડ ઓનરશીપ બિલ્ડીંગમાં આપવાનો છે. સંપર્ક- 9820795627. (બી-૧૬૪૫૧)**

**"માટુંગા"**
**"દેરાસર પાસે નવા ટાવરમાં 1/2/3 બેડરૂમના ફ્લેટ્સ ભાડેથી/ આઉટરાઈટથી મળશે." 8591254627. (૨૭૧-એ)**

**બોરીવલી (વેસ્ટ)**
**૩ બીએચકે, ૧૦૦૦' યુઝેબલ કાર્પેટ, ફેક્ટરી લેન, મનુભાઈ જ્વેલર્સની બાજુમાં, ૨.૯૦ કરોડ વેંચાણથી લેવા. ભાનુ પ્રોપર્ટીઝ-. 9967346036, 9820612111. (૨૬૨-બી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી. પ્રાઈમ લોકેશનમાં ૧, ૨, ૩ બેડરૂમ, હોલ, કિચનનાં ફ્લેટો, લીફ્ટ, પાર્કિંગ, રેડી કબજો. લલિત મહેતા- 9323191622, 9819098468. (૨૬૯-એ)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી. ૩ બેડરૂમ, હોલ, કિચન, વિક્રાંત સર્કલ અને વલ્લભબાગ લેન, લીફ્ટ, પાર્કિંગ, નવું બિલ્ડીંગ રેડી. લલિત મહેતા- 9323191622, 9819098468. (૨૬૯-બી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી. 90' રોડ, 2 બેડરૂમ, હોલ, કિચન, 715', નવું બિલ્ડીંગ, લીફ્ટ. પાર્કિંગ, રેડી. લલિત મહેતા- 9323191622, 9819098468. (૨૬૯-સી)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશન, ફુલ્લી ફર્નીશ્ડ, 1 બેડરૂમ, હોલ, કિચન, 450' યુઝેબલ, 1.35 CR, 2 બેડરૂમ, હોલ, કિચન, 710' કારપેટ-2.31 CR, 3 બેડરૂમ, હોલ, કિચન- 1050' યુઝેબલ, 3.15 CR, ૪ બેડરૂમ, હોલ, કિચન- 1250' યુઝેબલ, 4.25 CR, પાર્કિંગ છે. HOMEALONE PROPERTY- જુગ્નું શાહ. 9833352224 (૨૭૦-સી)**

**દેવલાલી**
૨ બેડરૂમ 800', 1040' કારપેટ, ગ્રાઉન્ડ ફ્લોર, ૧ બેડરૂમ-600' કારપેટ, ગ્રાઉન્ડ ફ્લોર, વેચાણથી. પરેશ 9930803959, 9930106054. (૨૭૦-એ)

**કાંદીવલી (વેસ્ટ)**
3 બેડરૂમ એમ. જી. રોડ ઉપર, 2.35 કરોડમાં મળશે. સંજીવ 9821925693. (જેપી/૪૫૧૬-એફ)

**રિડેવલોપમેન્ટ પ્રોજેક્ટ**
બોરીવલી વેસ્ટ, વિજય સેલ્સ સામે, 2 બેડરૂમ વેચાણથી 720' કારપેટ 2 કરોડ (મળશે 980'), ફુલ ચેક શક્ય સંપર્ક ભરતભાઈ. 9619191741- 9821061741. (જેપી/૪૫૧૬-ઈ)

**ખાર (વેસ્ટ)**
ફક્ત ગુજરાતી માટે ૩ બેડરૂમ ૧૧૫૦' કારપેટ અને ૬ બેડરૂમની જોડી એરિયા ૨૩૦૦' કારપેટ, ૬ બાથરૂમ, ૨ કીચન, સ્પેશીયસ હોલ, સેપરેટ સર્વન્ટ ટોયલેટ, ૪ પાર્કિંગ, એરકંડીશન્ડ લોબી, જીમ, સેપરેટ સોસાયટી ઓફિસ. તદ્દન નવું બિલ્ડીંગ, વેચાણથી. "ઓનર"- 9820156133. (બી-૧૬૪૪૭)

**શાંતાક્રુઝ (વેસ્ટ) - લીવલાયસંસથી**
અનટચ ૨ બેડરૂમનો સેમી ફર્નીશ્ડ ફલેટ, ટાગોર રોડ, ૧ પાર્કિંગ, ભાડુ ૧,૨૫,૦૦૦/- ફોનઃ- "પ્રદીપભાઈ" ૯૮૨૦૦૮૬૩૧૩ "સિદ્ધેષ" ૮૮૫૦૦૮૪૭૩૩. (બી-૧૬૪૪૬)

■ માટુંગા પશ્ચિમ 1 બેડરૂમ ફ્લેટ વેજેટરીન પાર્ટીને મળશે 40/1 ડિપોઝિટ 9821559743. (બી-૧૬૪૪૫)

**લોનાવાલા-ખંડાલા**
ફ્લેટો-રોહાઉસ-બંગલાઓ-નાના-મોટા-પ્લોટ લેવા-વેચવા. શ્રીજી- ૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૪૪૪)

**વાલ્કેશ્વર**
પેડર, નેપીયંસી, બ્રીચ કેન્ડી, અલ્ટામાઉન્ટ, તારદેવ, ગોવાલિયા ટેંક, મરીન ડ્રાઈવ, ચર્ચગેટ, કફ પરેડ, આકર્ષક ફ્લેટો/ કોમર્શીયલ લેવા/ વેચવા અને લીવલાઈસન્સથી. હાર્દિક એસ્ટેટ- ૯૮૨૦૦૫૬૫૩૩. (એસડીબી-૨૮૫૫)

**ચોપાટી પાસે બાબુલનાથ નજીક**
જૂના ભાડે (૩૫૦ કાર્પેટ) એક રૂમ અને કિચન (૨૪ કલાક પાણી) (પાર્કીંગ) (રીડેવલપમેન્ટ થશે) વેચાણથી ૧૪૦ લાખ (નેગોશીએબલ) 7045336155. (એસડીબી-૨૮૫૬)

**ભાયંદર (ઈસ્ટમાં)**
બંધાતામાં, એક બેડરૂમ-હૉલ-કિચનના બે ફ્લેટ્સ, ૪૫૦ સ્કે. ફીટ્સ કારપેટ એકના, અરજન્ટ વેચાણથી આપવાના છે. ઓનરશીપ. ૮મે અને ૯મે માળે, પઝેશન ૬ મહિનામાં. જવાહર નગર, બી.પી. ક્રોસ રોડ નં. ૫, બી.એમ.સી. ઓફિસ નજીક. સંપર્ક (માલિક): ૯૮૩૩૯૦૦૮૦૩. (૨૬૬-બી)

**MALAD (WEST)**
**3 Bedroom, 1150' Rera Carpet Adarsh Dugdhaly Road, Higher Floor Dilip 8108307900 (Broker excuse). (249-C)**

**GHATKOPAR (EAST)**
MICL Luxurious Residential Project, 55 Amenities, 11 Towers, 1000' to 4500' Carpet. "SJ Real Estate" - 9022279684. (261/C)

**MAHALAXMI READY OC FLATS**
**Resale and Investors Deals 2, 3 Bed 4.50 Cr., 7.35 Cr. 7 Star Amenities Rooftop Amenities also Byculla 2, 3 Bed with Jain Mandir and 7 Star Amenities Large Layout 3.35 Cr., 4.50 Cr. - 98192 27923. (B-16266)**

**MATUNGA EAST EXCLUSIVE**
**1 Flat Per Floor, Open on all sides, 2000 + usable Large Balcony, Beautiful views Motivated Seller 12 Cr. revised 11.25 Cr. Open to offers 9004078342. (B-16362)**

**KEMPSCORNER**
2 Bed Spacious 3 Bed Possible 1650' Carpet 8 Crore. Ashok 9821036552. (263-A)

**SOUTH MUMBAI**
Ruparel Nova Parel 1 BHK Compact 3205 on 32 Floor on Lease Owner Rent 60000. Prefer Corporate / Family. Ashok 9821036552 / 9820855056. (263-B)

## ૧૭. જગ્યા આપવી છે

**PRABHADEVI**
Avail 2/3 BHK Inder Tower Sale 940 BU - 681' Carpet @ 3.75 Cr. 1 Parking. Furnished. Excellent Natural Light. Raj 9820855056 / 9870246552 (SFRC) (263-C)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૮૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઇસન્સથી ઓફિસ એમ.એલ સ્પેસીસ - ડી જે રોડ, ૧૧૫૦' આપવી છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ - 9819874515. (૨૫૮/સી)**

**બોરીવલીમાં - શોરૂમ**
ભાડાથી - વેસ્ટમાં, સતરા ટાવરમાં, શિંપોલી, (1630' - 3,50,000), અર્જન્ટથી સુનિલભાઈ 9821477177. (૨૫૪-એ)

**B.K.C. જોઈએ**
**1300' કારપેટ ઓફિસ વેંચાણથી / લીઝથી જોઈએ છે. 8879181869. (૨૩૮-સી)**

**"નેશનલાઈઝ"**
બેંક ભાડે લાગેલી વેચાણ, મહાલક્ષ્મી, "નિતીન": 9867222020. (લેવા - વેચવા - લીઝ). (૨૪૦-એ)

**અંધેરી/પાર્લા**
અમારા માનવંતા ગ્રાહક માટે ૧૦૦૦' ઓફીસ અંધેરી સ્ટેશનથી સાકીનાકા સુધી જોઈએ છે તથા પાર્લા (વેસ્ટમાં) સ્ટેશન પાસે ૨૨૦' રેસીડેન્સીઅલ જગ્યા વેચવાની છે. કોમર્શીઅલ શક્ય. સંપર્ક: જીતુભાઈ: ૯૮૨૦૬૧૩૧૨૮. (૨૪૨-એ)

**ખાર વેસ્ટ**
ઓફ લિન્કિંગ રોડ- કોમર્શિયલ જગ્યા, ગ્રાઉન્ડ ફ્લોર- ૧૧૦૦' કારપેટ+ ૪૦૦' બેઝમેન્ટ + ૪૦૦' ઓટલા, તુરંત વેચવાની. ફક્ત જેન્યુન પાર્ટી સંપર્ક:- "ઓનર":- 9820156133. (બી-૧૬૪૧૩)

**દસ હજાર**
ભાડેથી નાની દુકાન મથુરાદાસ રોડ, કાંદિવલી વેસ્ટમાં આપવાની છે. અન્ય પ્રપોઝલ લેવા - આપવા. 9082825482. (૧૫૩૮૧/બી)

**અંધેરી ઈસ્ટ**
2800' + 2800' બે ઓફિસો ભાડેથી/ વેચાણથી કોમર્શિયલ બિલ્ડિંગમાં નવામાં રેડી વિથ OC સ્ટેશને ગંગર- 8080524858. (બી-૧૬૪૨૪)

**ચર્નીરોડ**
સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

**NEW MARINELINES**
Near Patkar Hall, Office 2500' Basement Fully Furnished @ 22000 per feet. Prelease option also available. Ashok 9821036552 Sushant 9870246552. (252-A)

**OUTRIGHT SALE**
Vasan Udyog Opp Pallidum 2000 + 500 attached 1 Parking. Ideal for Garment / Office / Commercial use @ Market Rate. Ashok 9821036552. (252-A)

## ૨૩. મનોરંજન

**"પ્રાર્થના- 6500/-"**
"ગણપતિ", "ભજન", "નવરાત્રી દાંડિયા", "સંગીતસંધ્યા", "લગ્નગીત", "બથડે", "એનિવર્સરી", "ડીજે" :- 9820889938. (૨૨૨/ડી)

**બજેટથી પ્રાર્થનાસભા**
ગણપતિ ભજન, તપસ્યા સાંજી, નવરાત્રી, લગ્નગીત, સંગીત સંધ્યા, બર્થડે. મનસુખભાઈ : 9326801860. (૨૩૮-એ)

## ૨૫. શૈક્ષણીક

**STUDY MBBS**
MBBS in Georgia. Neet Qualify. 9875070837. Vinay Global Education Agent Welcome. (248-A)

## ૩૧. નાણાંકીય

**ખોવાઈ ગયેલા**
શેરો પાછા મેળવવા, ફિઝિકલ શેર ડિમેટ કરવા, મ્યુચ્યુઅલ ફંડમાં અટકાઈ ગયેલા પૈસા પરત મેળવવા - 9820197333. (જેપી/૪૫૦૯-એ)

**IMPOSSIBLE LOANS**
Mortgage - Redevelopment NPA Cases - Home Loan - 50 Cr. to 100 Cr. Bank Settlement Cases. Jalaram Finance 9820441711. (234-A)

# ઉત્તર ભારત જળબંબાકાર: દેશમાં ૨૪ નદી-૫૦ ડેમ પર પૂરનો તોળાતો ખતરો

નવી દિલ્હી: દેશભરમાં વરસાદ અને પૂરે ભારે વિનાશ વેર્યો છે. મોટાભાગની નદીઓ વિકરાળ સ્વરૂપ ધારણ કરીને તબાહી મચાવી રહી છે. હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાંથી છોડવામાં આવેલા પાણીને કારણે પંજાબની મુખ્ય નદીઓ સતલજ, બિયાસ અને રાવીમાં પૂરની સ્થિતિ પેદા થતાં પરિસ્થિતિ વધુ ગંભીર બની છે.

સેન્ટ્રલ વોટર કમિશન (સીડબ્લ્યુસી)ના અહેવાલ મુજબ ભારતની ૨૪ નદીઓમાં ગંભીર પૂરની સ્થિતિ છે, જ્યારે ૩૩ અન્ય નદીઓનું જળસ્તર સામાન્ય કરતાં ઉપર છે. જેમાં બિહાર, ઉત્તર પ્રદેશ, દિલ્હી, જમ્મુ-કાશ્મીર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ અને ઓડિશાની નદીઓમાં પૂરની સ્થિતિ ગંભીર છે. દેશના ઘણા રાજ્યોમાં ભારે વરસાદ અને નદીઓના જળસ્તરમાં વધારો થવાને કારણે પરિસ્થિતિ વધુ વણસી રહી છે.

પંજાબમાં પૂરે હાહાકાર મચાવ્યો છે. હિમાચલ અને જમ્મુ-કાશ્મીરમાંથી છોડવામાં આવેલા પાણીને કારણે પંજાબની મુખ્ય નદીઓ સતલજ, બિયાસ અને રાવી ઉફાણ પર છે. આ દરમિયાન ઉત્તર ભારતના પહાડી રાજ્યો હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આથી બિયાસ, સતલજ, રાવી, ચિનાબ, અલકનંદા અને ભાગીરથી નદીઓમાં જળસ્તર વધુ વધી શકે છે.

પંજાબના તમામ ૨૩ જિલ્લાઓના ૧,૬૫૫ ગામડાઓમાં ૩.૫૫ લાખથી વધુ લોકો પૂરથી પ્રભાવિત થયા છે. રાજ્યની તમામ શાળાઓ, કોલેજો અને યુનિવર્સિટીઓમાં રજાઓ ૩ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે. ૧ ઓગસ્ટથી ૩ સપ્ટેમ્બર સુધી પૂરમાં ૩૭ લોકોનાં મૃત્યુ થયાં છે. સતત ૪ દિવસથી યમુના ખતરાના નિશાનથી ઉપર વહી રહી છે. સીએમ કાર્યાલયથી લઇને નિગમ બોધ ઘાટ, રાજઘાટ, કાશ્મીરી ગેટ આઇએસબીટી, યમુના બજાર, મોનેસ્ટ્રી માર્કેટ જળમગ્ન બન્યા છે. ૧૦,૦૦૦થી વધુ લોકોને તેમના ઘર છોડીને રાહત શિબિરોમાં આશરો લેવાની ફરજ પડી છે.

સેન્ટ્રલ વોટર કમિશન (સીડબ્લ્યુસી)ના અહેવાલ અનુસાર દેશભરના ૫૦ ડેમ અને બેરેજ માટે પૂરની ચેતવણી જારી કરવામાં આવી છે. જેમાં કર્ણાટક, તેલંગાણા, આંધ્ર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, ગુજરાત અને તમિલનાડુના મુખ્ય પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. ગુજરાતમાં આગામી બે થી ત્રણ દિવસમાં નર્મદા, તાપી, સાબરમતી અને બનાસ સહિતની નદીઓમાં જળસ્તર વધવાનું એક અનુમાન છે. પૂર્વીય રાજ્યોમાં પણ સ્થિતિ ગંભીર છે. ઓડિશામાં બુરહાબલંગ, સુવર્ણરિખા, બૈતરણી અને મહાનદી નદીઓ 'સામાન્યથી ઉપર'થી લઇને 'ગંભીર પૂર'ની સ્થિતિમાં છે. જ્યારે બિહારમાં ગંગા અને કોસી ઘણા જિલ્લાઓમાં ભયજનક સપાટીએ વહી રહી છે.

સીડબ્લ્યુસીની આગાહી મુજબ આગામી સાત દિવસ સુધી ઉત્તર પ્રદેશ, બિહાર, આસામ, પશ્ચિમ બંગાળ અને ઓડિશામાં ઘણા સ્થળોએ પૂરની સ્થિતિ 'ગંભીર' અથવા 'સામાન્ય કરતાં વધુ' રહેવાની ધારણા છે. ભારતીય હવામાન વિભાગે ગુજરાત, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાનના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. ■

## ૩૨. જમીન-મિલકત

**રાજકોટની આજુબાજુ**
**ગામ-કાલાવડ રોડ, મોરબી રોડ, જામનગર રોડ, નાના - મોટા ખુલ્લા પ્લોટ, જમીન લેવા - વેચવા: 9082411822 / 9930730755. (૨૬૫-એ)**

**કચ્છ સામખીઆરીમાં**
દરેક-ધંધા માટે જગ્યા તેમજ ખેતર વેચાણથી-ભાડાથી 9022470425 દામજીભાઈ. (૨૬૫-બી)

**PLOTS REQUIRED**
Budget 100-500 Cr. for A+ Category Developer minimum 2500 sqr mtr Prime Location within Bandra to Borivali and South Mumbai only Mihir 7021919014. (253-I)

## ૩૩. ધંધાદારી

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૪૦૪)

**■ આયુર્વેદિક લાકડાની ગાંઠો કાપી પાવડર કરવાની ફેસીલીટી અવેલેબલ છે. સંપર્ક:- હાથી મિલ્સ મઝગાંવ, મુંબઈ 9869830581. (એસડીબી-૨૮૫૩)**

**■ પલવેરાઈજીંગ ગ્રાઈન્ડીંગ, ગાસ્કેટ સ્કેપ કટીંગ, મીક્ષીંગ અને એક્સપોર્ટ માટે જોબવર્ક ફેસીલીટી હાથી મિલ્સ, સીતાફલ વાડી મઝગાંવ, મુંબઈ 9869830581. (એસડીબી-૨૮૫૪)**

■ નોકરી, ધંધો, અભ્યાસ કે લગ્ન કાયદેસર પાસપોર્ટ + વિઝા સાથે દુનિયાભરમાં જવા ઈમ્પોર્ટ, એક્ષપોર્ટનો લાભ TCA - 9377992110, 9867510027. (બી-૧૬૪૨૦)

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**
કમ્પલીટ ઈન્ટિરિયર ડિઝાઈનીંગ અને એક્ઝેક્યુશન પ્રોફેશનલ ટીમ દ્વારા, 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 7,000/-, 3 બેડરૂમ 9,000/-. Helpline 8989282877. (૧૫૩૮૩/બી)

## ૫૧. ખરીદવું છે

**WE BUY OLD WATCHES**
Rolex, Omega, Hublot, Patek Philippe, AP, Breguet, VC, Jaeger, IWC, Cartier: Vipul: 9619303232. (B-16397)

## ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

# નેશનલ હેલ્થ મિશનના કોન્ટ્રેક્ટ પરના ૧૪ હજારથી વધુ કર્મચારીએ આપ્યું રાજીનામું

રાયપુર: છત્તીસગઢ પ્રદેશ નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) કર્મચારી સંઘના એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું કે છત્તીસગઢમાં એનએચએમના ૧૪ હજારથી વધુ કરાર આધારિત અધિકારીઓ અને કર્મચારીઓએ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું છે. કર્મચારીઓ ૧૮ ઓગસ્ટથી તેમની માગણીઓને લઈને હડતાળ પર છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાજ્ય સરકારે આંદોલનમાં મોખરે રહેલા ૨૫ નેશનલ હેલ્થ મિશનના કર્મચારીઓની સેવાઓ સમાપ્ત કરવાનો નિર્ણય લેતા યુનિયને આ નિર્ણય લીધો છે.

હડતાળ પર બેઠેલા કર્મચારીઓનો આરોપ છે કે તેમની લાંબા સમયથી પડતર માગણીઓ - જેમ કે સેવાઓને નિયમિત કરવી અને કામ કરવાની સ્થિતિમાં સુધારો વગેરેને પૂર્ણ કરવાને બદલે સરકારે દંડાત્મક પગલાં લેવાનું પસંદ કર્યું છે. જોકે, રાજ્ય સરકારના અધિકારીઓએ જણાવ્યું હતું કે રાજ્ય આરોગ્ય સમિતિની કારોબારી સમિતિએ ૧૩ ઓગસ્ટના રોજ મળેલી બેઠકમાં એનએચએમ કર્મચારીઓ દ્વારા ઉઠાવવામાં આવેલી ૧૦ માંથી ચાર માગણીઓ સ્વીકારી હતી. તેમણે કહ્યું હતું કે કે ત્રણ વધુ માગણીઓની તપાસ કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે, જ્યારે સેવાઓને નિયમિત કરવા સહિતની બાકીની ત્રણ માગણીઓ સરકારના ઉચ્ચ સ્તરે નક્કી કરવામાં આવશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે વારંવાર નોટિસ આપવા છતાં જ્યારે વિરોધ કરી રહેલા કર્મચારીઓ ફરજ પર પાછા ફર્યા નહીં ત્યારે તેમાંથી ૨૫ કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કરવામાં આવ્યા હતા. ૩ સપ્ટેમ્બરના રોજ બરતરફીનો આદેશ જાહેર કરવામાં આવ્યો હતો.

બરતરફ કરાયેલા કર્મચારીઓમાં છત્તીસગઢ પ્રદેશ એનએચએમ કર્મચારી સંઘના પ્રમુખ ડો. અમિત કુમાર મીરી, મહાસચિવ કૌશલેશ તિવારી અને પ્રાંતીય આશ્રયદાતા હેમંત કુમાર સિન્હાનો સમાવેશ થાય છે.

સિન્હાએ શુક્રવારે પીટીઆઈને જણાવ્યું હતું કે, "પ્રશાસનનું આ દમનકારી પગલું (બરતરફીનો આદેશ) સંપૂર્ણપણે અન્યાયી છે અને સંવાદમાં અવરોધરૂપ છે. આ પગલાથી ગુસ્સે થઈને રાજ્યભરના ૧૪,૬૭૮ એનએચએમ અધિકારીઓ અને કર્મચારીઓએ અત્યાર સુધીમાં રાજીનામું સુપરત કર્યું છે." ■

# વીક એન્ડ

# વિશ્વ વિજેતાઓનો હવે એશિયામાં ડંકો વાગશે?

## સ્પોર્ટ્સમૅન

અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

**ટી-૨૦ના વર્લ્ડ નંબર-વન અને વર્લ્ડ ચૅમ્પિયન ભારતની ટીમ મંગળવારે યુએઈમાં શરૂ થતો એશિયા કપ જીતવા માટે હૉટ-ફેવરિટ છે**




**ભારતીય ટીમ:**

- સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન),
- શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન),
- જિતેશ શર્મા (વિકેટકીપર),
- સંજુ સૅમસન (વિકેટકીપર),
- અભિષેક શર્મા,
- હાર્દિક પંડ્યા,
- તિલક વર્મા,
- રિન્કુ સિંહ,
- શિવમ દુબે,
- અક્ષર પટેલ,
- જસપ્રીત બુમરાહ,
- અર્શદીપ સિંહ,
- હર્ષિત રાણા,
- કુલદીપ યાદવ
- વૉશિંગ્ટન સુંદર.

**ભારતની મૅચોનું શેડ્યૂલ**

| | | |
|---|---|---|
| બુધવાર, ૧૦મી સપ્ટેમ્બર, | રાત્રે ૮.૦૦ વાગ્યાથી | યુએઇ સામે |
| રવિવાર, ૧૪મી સપ્ટેમ્બર | રાત્રે ૮.૦૦ વાગ્યાથી | પાકિસ્તાન સામે |
| શુક્રવાર, ૧૯મી સપ્ટેમ્બર | રાત્રે ૮.૦૦ વાગ્યાથી | ઓમાન સામે |

બરાબર ૨૪ મહિના પહેલાં (સપ્ટેમ્બર, ૨૦૨૩માં) મેન્સ એશિયા કપમાં ભારતે ટાઇટલ જીતી લીધું ત્યારે રોહિત શર્મા ટીમનો કૅપ્ટન હતો અને મોહમ્મદ સિરાજે શ્રીલંકા સામેની ફાઇનલમાં માત્ર ૨૧ રનમાં છ વિકેટ લઈને ભારતને યાદગાર વિજય અપાવ્યો હતો. ફરી એક વાર એશિયા કપ નજીક આવી ગયો છે, પણ આ વખતે મેદાન પર ન તો રોહિત જોવા મળશે અને ન સિરાજ સપાટો બોલાવશે. કારણ એ છે કે આ વખતે એશિયન સ્પર્ધા ટી-૨૦ ફૉર્મેટમાં છે અને રોહિત આ ફૉર્મેટમાંથી નિવૃત્ત થઈ ચૂક્યો છે. સિરાજને ઇંગ્લૅન્ડ સામેના સંઘર્ષપૂર્ણ અને સફળ ટેસ્ટ પ્રવાસ બાદ ટીમમાં નથી લેવામાં આવ્યો.

જોકે આ બે દિગ્ગજ વિના પણ ભારતીય ટીમ ટ્રૉફી જીતી લેવા માટે હૉટ-ફેવરિટ છે. સૂર્યકુમાર યાદવના સુકાનમાં મજબૂત ટીમ યુએઇ પહોંચી ગઈ છે અને સ્પર્ધાના સાત દેશો (ખાસ કરીને પાકિસ્તાન) ટી-૨૦ના વર્લ્ડ નંબર-વન અને વર્લ્ડ ચૅમ્પિયન ભારતની ટીમ સામે કેવી રીતે સાવચેત રહેવું એની મથામણમાં હશે.

આઠ દેશ વચ્ચે ટી-૨૦નો એશિયા કપ મંગળવાર, નવમી સપ્ટેમ્બરે શરૂ થઈ રહ્યો છે. ભારત આ સ્પર્ધાનું મુખ્ય યજમાન છે, પરંતુ તટસ્થ સ્થળે આ રસાકસીભરી સ્પર્ધા રાખવા ભારત અને પાકિસ્તાનના ક્રિકેટ બોર્ડ સહમત થયા હોવાથી યુનાઇટેડ આરબ એમિરેટ્સ (યુએઇ)માં તમામ મૅચો રાખવાનું નક્કી કરાયું છે જેમાં ભારતની બધી મૅચો દુબઈમાં રમાશે.

૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત ચૅમ્પિયન બન્યું હતું. ભારતના ખેલાડીઓ છેલ્લી ૪૦માંથી ૩૫ ટી-૨૦ મૅચ જીત્યા હોવાથી હાલમાં જબરદસ્ત ફૉર્મમાં છે. કૅપ્ટન સૂર્યકુમાર યાદવ ઉપરાંત વર્લ્ડ નંબર-વન ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા, જસપ્રીત બુમરાહ અને શુભમન ગિલ તથા રિન્કુ સિંહ કોઈને કોઈ મૅચ એકલા હાથે જિતાડી શકે એમ છે.

### ટી-૨૦નો એશિયા કપ શા માટે?

ભારત હાલમાં એશિયા કપમાં એક રીતે ડિફેન્ડિંગ ચૅમ્પિયન કહેવાય અને એક રીતે ન પણ કહેવાય. વાત એવી છે કે છેલ્લે ૨૦૨૩માં એશિયા કપ નામની ટૂર્નામેન્ટ વન-ડે ફૉર્મેટમાં રમાઈ હતી જેમાં ભારતે વિજેતાપદ મેળવ્યું હતું એટલે ટીમ ઇન્ડિયા ડિફેન્ડિંગ ચૅમ્પિયન છે. જોકે એના પાછલા વર્ષે (૨૦૨૨માં) એશિયા કપ ટી-૨૦ ફૉર્મેટમાં રમાયો હતો અને એમાં ભારતીય ટીમ ફાઇનલમાં પણ નહોતી પહોંચી શકી. શ્રીલંકાએ ત્યારે ફાઇનલમાં પાકિસ્તાનને પરાસ્ત કર્યું હતું એટલે ખરા અર્થમાં શ્રીલંકા ડિફેન્ડિંગ ચૅમ્પિયન તરીકે યુએઇ આવી છે.

એશિયા કપ ક્યારેક વન-ડેમાં તો ક્યારેક ટી-૨૦ ફૉર્મેટમાં રમાયો છે. ૨૦૨૬નો ટી-૨૦ વર્લ્ડ કપ હવે બહુ દૂર નથી એટલે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) હેઠળ આવતી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)એ એશિયા કપ ટી-૨૦માં રાખ્યો છે.

### ભારત સામે ચાર પડકાર

ટી-૨૦ ફૉર્મેટમાં ભારત વર્લ્ડ નંબર-વન છે. આક્રમક ઓપનિંગ બૅટ્સમૅન અભિષેક શર્મા ટી-૨૦ના બૅટ્સમેનોમાં વર્લ્ડ નંબર-વન છે, જ્યારે હાર્દિક પંડ્યા વર્લ્ડ નંબર-વન ઑલરાઉન્ડર અને વરુણ ચક્રવર્તી વર્લ્ડ નંબર-ફૉર બોલર છે. આમ છતાં, ટી-૨૦ની ગેમમાં કંઈ પણ અણધાર્યું બની શકે અને તરતી રૅન્કવાળી ટીમ ચડિયાતી ટીમને માત આપી શકે એ જોતાં આ વખતના એશિયા કપમાં ભારતીય ટીમે પાકિસ્તાન, શ્રીલંકા, બાંગ્લાદેશ તેમ જ જાયન્ટ-કિલર તરીકે જાણીતા અફઘાનિસ્તાન સામે ખૂબ સાવચેત રહેવું પડશે.

પાકિસ્તાનની ટીમમાં બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાન જેવા મોટા નામવાળા ખેલાડીઓ નથી, પણ સલમાન આગાના નેતૃત્વમાં યુએઇ મોકલવામાં આવેલી યંગ ટીમ રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે ભારત માટે પડકાર ઊભો કરી શકે. શ્રીલંકનો ૨૦૨૨ની સાલમાં વિજેતા બન્યા હોવાથી ચરિથ અસલંકાના નેતૃત્વમાં યુએઇ આવ્યા છે. કામિન્ડુ મેન્ડિસ અને દાસુન શનાકા સહિતના ખેલાડીઓ ધરાવતા ડિફેન્ડિંગ ચૅમ્પિયન શ્રીલંકાને જો કોઈ દેશે આસાનીથી હરાવવાનો મનસૂબો ઘડ્યો હશે તો એણે પસ્તાવું પડશે.

બાંગ્લાદેશની ટીમને પણ નજરઅંદાજ ન કરી શકાય. મેહદી હસન, તાસ્કિન અહમદ અને મુસ્તફિઝુર રહમાન કોઈ પણ હરીફ ટીમની છાવણીમાં સન્નાટો લાવી શકે એમ છે.

અફઘાનિસ્તાનના ખેલાડીઓ પોતાના દેશમાં (૪-૫ સપ્ટેમ્બરે) માત્ર ૨૪ કલાકમાં ચાર વિનાશક ભૂકંપ થયા હોવાથી ખૂબ ચિંતાતુર હશે જ, પરંતુ એ આઘાત છતાં તેઓ ફરી એક વાર એશિયામાં ભારત પછીની શ્રેષ્ઠ ટીમ તરીકે હરીફ ટીમોને પડકારશે તો નવાઈ નહીં લાગે. ગુલબદીન નઇબ, અઝમતુલ્લા ઓમરઝાઈ, રહમનુલ્લા ગુર્બાઝ, નૂર અહમદ, ઇબ્રાહિમ ઝડ્રાન અને મુજીબ-ઉર-રહમાન સારામાં સારી ટીમને ભારે પડી શકે એવા છે. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# જિન્ઝામાં શીખવા મળી કિન્ત્સુગી, તૂટેલી ચીજોને જોડવાની કલા...



**શિન્જુકુમાં** ગોલ્ડન ગાઈ ફૂડ માર્કેટમાં મોડી રાત્રે ૯૦નું કુમાર સાનુનું એક બોલિવૂડ સોંગ ચાલુ હતું. આપણે ત્યાં હાઇવે પર ટ્રક ડ્રાઇવરો વગાડે તેવું. અહીં તેને વર્લ્ડ મ્યુઝિકમાં નોવેલ્ટી તરીકે વગાડવામાં આવતું હશે. અંદર કોઈને એટલું અંગ્રેજી નહોતું આવડતું કે જવાબ આપી શકે કે આ ગીત કોણે પસંદ કર્યું છે. આ જાપાનીઝ બાર અને ફાસ્ટફૂડ વચ્ચે લોકોનો એસોટેરિક મ્યુઝિકનો ટેસ્ટ જરા અલગ જ માહોલ બનાવી રહ્યો હતો. હજી એક વીક પણ નહોતું થયું અને જાણે જાપાનના એક જ શહેરમાં લાઇફટાઇમના અનુભવો થઈ ગયેલા. સ્થાનિકો માટે ગોલ્ડન ગાઈ જરા પ્રોસ્ટિટ્યુશન અને ડાર્ક માહોલ સાથે પણ જોડાયેલો છે. અને બીજી તરફ અહીં દૂર દૂરથી લિમોમાં બેચલર પાર્ટી માટે ગ્રુપ્સ પણ દેખાતાં હતાં. સાથે અમારા જેવાં ટૂરિસ્ટ પણ જલસાથી આંટા મારી રહ્યાં હતાં. શિન્જુકુમાં સ્ટેશનની બહાર એક ખૂણો આવો પણ છે તે પણ જોવા મળી ગયું.

હવે ઓસાકા અને ક્યોટો તરફ જતા પહેલાં છેલ્લો દિવસ ઇમ્પિરિયલ પેલેસમાં વિતાવવાનો હતો, અને ઇમ્પિરિયલ પેલેસ પછી અડધો દિવસ આમ જ રખડપટ્ટીમાં વિતાવવો હતો. હવે તે રખડપટ્ટી કરવામાં સૌથી મોટી લાલચ હતી ત્યાં એક રેસ્ટોરાંમાં સાઉથ ઇન્ડિયન ફૂડની. હવે રામેન, સુશી, તૈયાકી, બધું ખાઈને જરા મનને કંઇ ઘરની યાદ અપાવે તેવું ખાવું હતું. ત્યાં ગુજરાતી થાળી તો મળવાની ન હતી, તો ઢોસા અને મેદુવડાં જ સહી. જિન્ઝાનું શોપિંગ ત્યાંના સાઉથ ઇન્ડિયન ફૂડ કરતાં પણ વધુ મજેદાર બની રહ્યું. ત્યાં યુનિક્લો, દાઇસો, ડોન્કી, મુજી, બધાંની કમસેકમ ત્રણ-ચાર માળની અને ક્યારેક તેનાથી પણ ડબલ કદની ઇમારતો વચ્ચે જાપાનીઝ શોપિંગની મજા જ કંઈ ઓર હતી. તે વચ્ચે ટોક્યોમાં ઘણું અનુભવવાનું રહી પણ જવાનું હતું.

ખાસ તો સુમો રેસલિંગ લાઈવ નહીં જોઈ શકાય તેનો જરા અફસોસ હતો. ટોક્યોની લાઇવ સુમો રેસલિંગની સીઝન માત્ર જાન્યુઆરી, મે અને સપ્ટેમ્બરમાં જ હોય છે. ઓસાકાની સુમો સિઝન માર્ચમાં હોય છે પણ ત્યાંની પણ ટિકિટ અમને હજી સુધી તો ઓનલાઈન મળી ન હતી. આ ઉપરાંત નાગોયામાં જુલાઈ અને ફુકુઓકામાં નવેમ્બરમાં લાઈવ સિઝન હોય છે. એક જમાનામાં ઇન્ટરનેશનલ સ્પોર્ટ્સ ચેનલો ચાલુ થઈ ત્યારે સુમો રેસલિંગ કોને કહેવાય તેની ખબર પડી હતી. સુમો શબ્દનો અર્થ જ જાપાનીઝમાં રેસલિંગ કે કુસ્તી એવો થાય છે. સુમો લડવૈયાઓનો હેવી ડાયેટ, તેમની ખાસ હેર સ્ટાઇલ વગેરે તો ખ્યાતનામ છે જ, પણ નિયમ મુજબ સુમો રેસલરને ડ્રાઇવ કરવાનું અલાઉડ નથી. ૨૦૦૦ની સાલમાં એક સુમો રેસલર સાથેના અકસ્માતમાં એક યુવતીનું મોત થયા પછી આ બેન લાગી ગયું છે. તે સમયે તો અમારા માટે માત્ર રોગ્યોકુ ડિસ્ટ્રિક્ટમાં સુમો અરીના પાસે આંટો તો મારવાનું શક્ય હતું જ.

સુમો રેસલિંગ ન જોવા મળ્યું પણ કિન્ત્સુગી વર્કશોપ અમે ન ચૂક્યાં. ખાસ તો એટલા માટે કે ત્યાં ટૂરિસ્ટ માટે ખાસ ડિઝાઈન કરેલી એક-બે કલાકની કિન્ત્સુગી વર્કશોપ પણ મળી જાય છે. જિન્ઝામાં દાઈવા બિલ્ડિંગમાં એક રૂમમાં પ્રાઇવેટ ક્લાસિસમાં ૯૦ મિનિટ વિતાવવામાં જાણે જિંદગી જોવાનો એક નવો દૃષ્ટિકોણ પણ મળી ગયો હોય તેવું લાગતું હતું. ત્યાં ૬૦ યુરોમાં ટીચરની સાથે એક કિન્ત્સુગી કિટ પણ ઇન્ક્લુડેડ હતી. સોશ્યલ મીડિયા આ શબ્દ અને તેના રેફરન્સથી ભરેલું છે. કોઈ તૂટેલી ચીજને જોડીને તેને ફરી વાપરવાને વધુ રોમેન્ટિસાઇઝ કરવામાં આવે છે. આજકાલ ખરાબ થતા જતા પર્યાવરણમાં કશું પણ ફરી વાપરીને તેની યાદગીરી બનાવી શકાય તેમ હોય તો શું વાંધો.



પહેલાં તો એક મેટલના બાઉલ પર પ્રેકટિસ કરવા મળી. સિરામિકનું એક તૂટેલું બાઉલ ત્યાંથી સાથે પણ લાવવા મળ્યું. અંતે તો જાપાનથી જાતે બનાવેલું સુવિનિયર જ મળી ગયું. કોઈ તૂટીને સંધાયેલી ચીજનું મૂલ્ય ઓર વધી જાય છે તેનો લાઇવ અનુભવ કરવા મળી ગયો. જોકે તેના કારણે હવે ઘરમાં મારાથી સિરામિક દૂર રાખવા માંડ્યાં છે. જરા પણ ક્યાંય તિરાડ દેખાય એટલે હું મારી કિન્ત્સુગી કિટ લઈને તેને ગોલ્ડન સાંધો લગાવવા તૈયાર થઈ જાઉં છું. આમ પણ કિન્ત્સુગીમાં એક્સપર્ટીઝનાં અલગ સ્તર છે. પ્રોફેશનલ લેવલ પર કામ કરનારાંઓનાં આર્ટની પણ અહીં કોઈ કમી નથી. આ પારંપરિક તૂટેલી ચીજોને જોડવાની કલાનાં ખ્યાતનામ કલાકારોને ત્યાં રોકસ્ટાર જેટલું જ માન મળે છે. જોકે જાપાનમાં લોકપ્રિય થવાના રુલ્સ બાકીની દુનિયા કરતાં જરા અલગ લાગે છે. અહીં ઘણી આર્ટ ગેલેરીમાં કિન્ત્સુગીથી બનાવેલાં આર્ટ પીસનાં એક્ઝિબિશન પણ લાગે છે.

જાપાનમાં જાપાનીઝ કલ્ચરનો આવો અનુભવ ધાર્યા કરતાં વધુ ઇન્ટેન્સ બની ગયો હતો.

હજી જિન્ઝામાં જ અમે એક કલાકની વધુ એક વર્કશોપ માટે સજ્જ હતાં. અમારા સમયમાં કાં તો જાપાનીઝ સુશી ક્લાસ લેવો કે પછી કાન્જી કેલિગ્રાફી. અને અમે કાન્જી પર પસંદગી ઉતારી. તે દિવસે ખાણી-પીણીને બદલે લખાણ પ્રત્યે વધુ મન ખેંચાઈ રહ્યું હતું. ખાસ તો એટલા માટે કે પેટ મેદુવડાંથી ભરેલું હતું. એવામાં કાન્જીના અક્ષરોના અર્થ, તેમને કઈ રીતે પીંછીથી ચિત્રોની જેમ બનાવવાં, તેમને ઘૂંટવા માટેની પ્રિન્ટ્સ, અંતે અમારાં જાતે લખેલાં પોસ્ટર, બધું વધુ એક યાદગાર સુવિનિયર બનીને અમારી સાથે આવેલું. એવામાં વોટરકલર બ્રશ અને સ્પેશિયલ પ્રિન્ટિંગ પેપર ઉપરાંત ત્યાં માત્ર ડેકો માટે વપરાંતાં ક્યુટ સ્ટેમ્પ્સ પણ વાપરવા મળ્યાં. ઘણાં લોકો પાતાનાં મનપસંદ કેરેક્ટર કે લખાણનાં સ્ટેમ્પ હાથવગાં જ રાખે.

જાપાન દરેક પગલે અલગ અનુભવોથી સરપ્રાઇઝ કર્યે રાખતું હતું. હવે જાણે અમે દરેક પગલે સરપ્રાઇઝ થવા માટે તૈયાર હતાં. જિન્ઝામાં શોપિંગ જેવી કહેવાતી શૅલો પ્રવૃત્તિઓની સાથે અમે જાપાનીઝ કલ્ચરમાં ત્યાંની પારંપરિક પ્રવૃત્તિઓ સાથે ઊંડા ઊતરી રહ્યાં હતાં તેવું લાગ્યું હતું. હવે ઇમ્પિરિયલ પેલેસનો વારો હતો. ■









મિજાજ મસ્તી
સંજય છેલ
feedback@bombaysamachar.com

# 'ગુરુ દેવો ભવઃ' ફક્ત બોલવાનો કે માનવાનો મંત્ર?



**ટાઇટલ્સઃ**
**ભણતર અને ચણતરમાં પાયો અગત્યનો છે. (છેલવાણી)**

ગઈ કાલે 'શિક્ષક દિવસ' ગયો ને યાદ આવી એક કવિતાઃ

'વીસ વરસ પછી આજે અમારા 'ક્લાસ-ટીચર' મળી ગયા. સહેજ વીલું મોં, પ્રાણ વિનાનાં પગલાં, જૂનો કોટ,

શાળાની નોકરીએ એમને આટલો જ વૈભવ આપ્યો છે. હવે રિટાયર્ડ થયા છે. સિંહ જેવો એમનો રોફ હતો. એમનો અવાજ નહીં, એમની ત્રાડ આખા ક્લાસને ધ્રુજાવતી. એ અમને ઊભા કરતા ને અમે પાટલૂનમાં થરથરતા.

એક દિવસ ખરાબ અક્ષર માટે એમણે મને હાથ પર ફૂટ મારેલું. તે હજી યાદ છે.આજે મને ઢીલા અવાજે કહે, તને તો ખબર છે મારા અક્ષર સુંદર ને મરોડદાર છે, અને હું હિસાબના ચોપડા પણ લખી શકું છું. તારી ફેક્ટરીમાં...'

વિપીન પરીખની 'ફૂટપટ્ટી' નામની આ કવિતા, જેટલી વાર વાંચીએ એટલી વાર આપણાં શિક્ષકો યાદ આવે ને આંખો ભીની થઈ જાય.

કોઇએ કહેલુંઃ 'જો મારી પાસે ખૂબ પૈસા આવે તો હું શું કરું? એક સેનેટોરિયમ કે વિશ્રામગૃહ બનાવું, જ્યાં ગામડાનાં ગરીબ તરછોડાયેલા શિક્ષકોને રાખું. મોટાં રૂમ, મોટી બારીઓ, હવા ઉજાસવાળાં મકાનમાં થાકેલા-હારેલા ને સમાજમાં નક્કામા ગણાતા ટીચર્સને ત્યાં પ્રેમથી સાચવું...એ સેનેટોરિયમમાં લાઈબ્રેરી, મ્યુઝિક રૂમ હોય, ફૂલોનો બગીચો હોય... શિક્ષકોને ખુશહાલ જીવન શું છે-એની ખબર હોવી જોઈએ. એક ઉદાસ બોરિંગ ટીચર, આપણાં બાળકોને શું ભવિષ્ય આપી શકે?'

આ શબ્દો રશિયાનાં જ નહીં, પણ વિશ્વનાં અદ્ભુત વાર્તાકાર ચેખોવે છેક ૧૯૦૦માં, ત્યારનાં રશિયન પ્રાથમિક શિક્ષકો માટે કહ્યા હતા, જે આજે ય શું આપણાં સમાજને લાગુ નથી પડતા?

ચેખોવ કહે છેઃ 'શિક્ષક તો કલાકાર હોવો જોઈએ. જે પોતાનાં કામને પ્રેમ કરતો હોય પણ આપણે ત્યાં શિક્ષક એટલે એક ગામથી બીજે ગામ વેઠિયું કરવા જતો થાકેલો હારેલો માણસ છે, જેને જાણે જીવનમાંથી દેશવટો મળ્યો ના હોય! ગામના વેપારીઓ, પોલીસકર્મીઓ એને હડધૂત કરે છે, 'માસ્તર-માસ્તર' કહીને એના પર ઑર્ડર કરે છે. શા માટે? ખખડધજ મકાનોમાં-તડકો-વરસાદ વેઠીને ભણાવતો શિક્ષક, દિવસે ને દિવસે દુર્બળ અને મરિયલ બનતો જાય છે. એ શું દેશનું ભાવિ બનાવશે?'

દિલ પર હાથ મૂકીને કહેજો કે આઝાદીના ૭૬ વરસ બાદ આપણાં સમાજને પણ આ વાત લાગુ નથી પડતી? ખરેખર તો શિક્ષકો માત્ર સ્કૂલ ક્લાસ રૂમ પૂરતા જ નથી હોતા. તમને પહેલીવાર સાઇકલ શીખવનાર મિત્ર, જિમનેશિયમમાં ડંબેલ્સ પકડતા શીખવનાર ટ્રેનર કે પ્રણયમાં પહેલ કિસ કરતા શીખવનાર પ્રેમી-પ્રેમિકા કે પછી સારા ખરાબ દિવસોમાં તમે જેને સાથ આપ્યો હોય એ જ્યારે દગાબાજી કરે ત્યારે દોરંગી દુનિયાનો દાખલો શીખવનાર દોસ્ત પણ જાણે-અજાણે તમારો શિક્ષક જ છે. માતા-પિતાથી લઇને મહોબ્બતમાં દગો દેનારા કે માલમત્તામાં મૂંડી નાખનાર સહુ લોકો શિક્ષક જ હોય છે. લાઇફના દરેક તબક્કે સારા ડોક્ટરથી લઇને કૂનેહબાજ વકીલો, તમને જીવતા કે મરતા હરપલ હંમેશ શીખવે જ રાખે છેને? જીવતરનો આખરી ઘંટ વાગે ત્યાં સુધી જીવન નામનો ક્લાસ, કદીયે ખતમ જ નથી થતો. શતરૂપે શિક્ષક મરતો જ નથી.

**ઇન્ટરવલઃ**
**સબ કુછ સીખા હમને**
**ના સીખી હોશિયારી (શૈલેંદ્ર)**

જાણીતા ફિલ્મ નિર્દેશક હિષિકેશ મુખરજીએ ત્યારના દિન-રાત શૂટિંગ કરનારા સુપરસ્ટાર રાજેશ ખન્નાને એકવાર પૂછેલું કે શીખવેલું : 'તુમને કભી ઉગતે હુએ સૂરજ કો દેખા હૈ? વો દેખો, ફિર તુમ્હે જીવન ક્યા હૈ સમઝમેં આયેગા! સ્ટારડમ તો આયેગા-જાયેગા.. 'અને પછી એ જ રાજેશ ખન્નાને એમને અભિનેતા તરીકે ઘડનારા રંગભૂમિના નિર્દેશક વી.કે.શર્માને જતી જિંદગીએ 'અવતાર' જેવી અમુક હિટ ફિલ્મો લખવા અપાવીને 'ગુરુ-દક્ષિણા' આપેલી!

તો ૮૦-૯૦ ના દાયકાના સફળ નિર્દેશક મહેશ ભટ્ટે એમના હિન્દી સાહિત્યકાર-ટીચર જે.પી.દિક્ષીત પાસે 'સર' જેવી સુંદર ફિલ્મ લખવા આપેલી, જેથી એમને કામ અને પૈસા મળે.

હિન્દીના સ્ટાર-વ્યંગકાર શરદ જોષી શિક્ષકો કે શિક્ષણ માટે કહે છેઃ 'શિક્ષણ એ એક એવી બગડેલી ગાડી છે, જેના સ્પેરપાર્ટ્સ હવે રિપેર કરવા પડે છે અથવા બદલવા પડે એમ છે. માત્ર શિક્ષણની ગાડીમાં જ નહીં, ગાડી ચલાવનાર ડ્રાઈવરમાં પણ સુધારો કરવો પડે અને જરૂર પડે એને બદલવો પણ પડે... અરે! કેટલાક શિક્ષકો અને પ્રોફેસરોને પૂછો તો એ એમના વિદ્યાર્થીઓ બદલવા માગે છે! તો વળી વિદ્યાર્થીઓ કેટલાક શિક્ષકો અને પ્રોફેસરોને બદલવા માગે છે?'

-તો વળી ભારતમાં લોકશિક્ષણનું સૌથી મોટું કામ કરનાર આજનાં બદનામ બોખા બાપુ ઉર્ફ ગાંધીજીએ શિક્ષણ વિશે શું શું કહેલું એ વાંચો :

'શિક્ષણ, ચારિત્ર્ય અને ધર્મ એ ત્રણે શબ્દોને એકબીજાની પર્યાય ગણવા જોઈએ. જ્યાં ચારિત્ર્યનું ઘડતર ન થતું હોય એ સાચું શિક્ષણ હોઈ જ ન શકે. સમગ્ર જીવનને આવરી લે એનું નામ શિક્ષણ. ખાલી ગોખણપટ્ટી કે પુસ્તકિયું જ્ઞાન સાચું શિક્ષણ નથી.'

***

'કેળવણીનો હેતુ માત્ર પૈસા કમાવાનો નથી, પણ સારા માણસ બનવાનો છે. જો આ હેતુ પાર ન પડે તો કેળવણી પર નાખેલા પૈસા નકામા ગયા સમજવું...'

***

'જે શિક્ષક, વિદ્યાર્થીઓના મગજને અગણિત હકીકતો ભરી મૂકવાનું કબાટ બનાવી મૂકે છે એ પોતે કેળવણીનો પહેલો પાઠ જ નથી શીખ્યો...'

***


છેલ્લે વન્સ અગેઇન, કોઇ પ્રેમ કે પેશનનો સંબંધ ના હોય તો યે જેના ખભે રડી શકીએ એવી કોઇ ગર્લ ફ્રેંડ કે આંગળી ઝાલીને અક્ષરનો મરોડ શીખવનાર કે પાર્કિંગ શીખવતો વોચમેન કે જોડણીથી માંડીને જીવનને જોતાં શીખવનાર મુરબ્બીઓ જેવા અનેક અનામ અજાણ્યા ગુરુઓને આજે હૈયાથી હજારો વંદન.

અંગૂઠો કાપીને નહીં, પણ દિલ આપીને.!

**એન્ડ-ટાઈટલ્સઃ**
**આદમઃ તું ખરેખર ગુરુ છે.**
**ઈવઃ બસ બોલ નહીં, પાસે આવ.** ■

મસ્તરામની મસ્તી
મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com

# ટપુકુવા અમેરિકામાં રીસાણા છે...




(અ)પ્રિય ફુવા,

આમ તો તમને ક્યારેય અમે પત્ર લખ્યો નથી, કારણ કે આપણે રૂબરૂ મળવાના અને ભેટવાના સંબંધો છે, પરંતુ આ વખતે તમે જે મોઢુ ફુલાવ્યું છે એ ખરેખર વ્યાજબી નથી. આપણા ખાટા થયેલા સંબંધને કારણે તમારી પરજા અને અમારી પરજા બે'ય હેરાન થાય છે. વાર તે' વારે આપણે અવારનવાર ભેગા થઈએ ત્યારે કેટલો આનંદ કરીએ છીએ! તમે અહીં આવ્યા ત્યારે મેં તમારું સ્વાગત કરવામાં બાકી રાખ્યું હતું? અમારા ગુજરાતી સમાજમાં એક સાથે ક્યારેય ન હોય તેટલા મિષ્ટાન અને ફરસાણ તમારા મોઢામાં ઠુસ્યા હતા. મેં પણ ત્યાં આવી અને ન ભાવતા હોવા છતાં ગોદડા જેવા પીઝાના ડુચા માર્યા છે, ભૂલી ગયા?

હશે ભગવાન તમને સદબુદ્ધિ આપે, પણ તમે કુટુંબી છો એટલે જાણ કરું છું કે અમે તમને ક્યારેક ગમતા અને ક્યારેક ન ગમતા એવા તમારા મિત્રો સાથે ડિનર કરવાના છીએ. મેનુ પણ ફિક્સ થઈ ગયું છે. ઢોકળા, નુડલ્સ, અને વોડકા અને તે પણ આજુબાજુના વિસ્તારમાં પણ ક્યાંય પીઝા ન મળતા હોય તેવા ટાપુ પર પાર્ટી રાખી છે. મને હજુ થોડું તમારું પેટમાં બળે એટલે જાણ કરું છું. બાકી બીજા બે સગાવાલા તમારો ફોટો જોવા પણ રાજી નથી.

લિખિતંગ

ચાની ચૂસકી લેતા લેતા તમારો મિત્ર સૌ પોતપોતાના ડબ્બા લઇ અને અદ્રશ્ય ટાપુ ઉપર ભેગા થઈ ગયા અને બળાપો ઠાલવવા લાગ્યા.

વોડકા પીતા પીતા પરસોત્તમ તેલવાળા બોલ્યા, 'મને તો પહેલેથી જ ખબર હતી કે આ કુટુંબમાં ભળી શકે એવો જણ નથી. લ્યો, તમે તમારા ડબ્બામાંથી ઢોકળા આપો અને નુડલ્સ અને ઢોકળા ગળે ઉતારવા આ એક ઘૂંટડો મારો.'

અત્યાર સુધી ચમચી ફરતે અળસિયા જેવા નુડલ્સના ગૂંચળા કરતો જયંતી મોટા ગલફામાં નુડલ્સનો ડુચો મૂકી બીજા ગલોફામાં ઢોકળાના બે કટકા નાખ્યા અને વોડકાનો જગ ઉપાડી ઘટક ઘટક ચાર-પાંચ ઘુંટડા વોડકાના ગાગર જેવા પેટમાં ઉતારી ગયો. અને ખોટો ઓડકાર ખાઈ બંનેના ખભે હાથ મૂકી સાંત્વના આપી કીધું, 'જો, તમે નયણા કોઠે નુડલ્સ ખાવાનું વચન આપતા હોય તો, અને બંને જમણા હાથમાં વોડકા લઈ સંકલ્પ કરતા હોય કે આજ પછી ભોજનમાં ક્યારેય પીઝા નહીં આરોગું તો, બાય વન ગેટ વન ફ્રીની સ્કીમ સાથે હું આજીવન નુડલ્સ સપ્લાય કરવા તૈયાર છું.'

'મારું પણ વચન છે કે આજીવન મારા કુટુંબને પણ ન મળ્યું હોય એટલા ડિસ્કાઉન્ટ સાથે વોડકાની ટાંકીયુની ટાંકી દેવા તૈયાર છું...' હવે પરસોત્તમ પણ રંગમાં આવી ગયો હતો.

ઢોકળા ખાતા ખાતા મુછમાં હસતા હસતા નાનજીભાઈએ બંનેનું મૌન અભિવાદન કર્યું. પરસોત્તમ અને જયંતી સમજી ન શક્યા કે હા પાડે છે કે ના ?

હસીખુશી દર પાંચ મિનિટે એકબીજાને ભેટી નવી નવી સસ્તી સસ્તી સ્કીમ એકબીજાને તાલી દેતા દેતા રજૂ કરતા હતા. અચાનક ટચલી આંગળી દેખાડી નાનજીભાઈ ઊભા થઈ અને નીકળી ગયા.

ફુવાને અમેરિકા ફોન લગાડ્યો અને ડિનર પાર્ટીની જાણ કરી. અને એ પણ કહ્યું કે મારું અને તમારું કુટુંબ એક થઈ અને રહે તેવું ઇચ્છતા હો તો જયંતીના નુડલ્સ અને પરસોતમની વોડકા લિમિટમાં લઉ. બાકી ભૂખ્યા પેટે હવે માપ રહેશે નહીં.

ટપુ ફુવા હજારો કિલોમીટર દૂર પણ પેટમાં ઊંધો ગેસ ચડે અને આકુળ વ્યાકુળ થાય તેમ આળોટવા મંડ્યા.

નાનજીએ છેલ્લે કહ્યું કે 'મને મેસેજ કરી દેજો. નહીં તો રોજ સવારમાં ૦૫:૦૦ વાગે હું યોગા ટીચરને ત્યાં મોકલી તમન્ને શીર્ષાસન કરાવીશ.'

'પરસોત્તમભાઈ, તેલની ઘાણીમાંથી તેલ મોકલવાનું બંધ કરશે તો તમારી ગાડી બંધ થઈ જશે અને તમારે સાઈકલ લઇ અને નીકળવું પડશે.'

'જયંતીની તો તમને ખબર જ છે. એવા મોબાઈલ મોકલશે કે ફોન કરતા જ સાયબર ક્રિમિનલ જેમ તમારો ડેટા અને બેંક બેલેન્સ ઉડાડી મૂકે છે તેમ તમારા ભૂતકાળના લફરાં ઉઘાડાં થઈ જશે અને તમારી ઊંઘ ઊડી જશે. હું તો તમારું હિત ઈચ્છું છું એટલે આટલી મગજમારી કરું છું, ફુવા.'

હવે જોઈએ કે ટપુ ફુવા લઈને આવે છે કે વોડકા, નુડલ્સ અને ઢોકળાનો નાસ્તો કાયમી મેનુમાં ઉમેરાઈ જાય છે. ■

**વિચારવાયુઃ**

*ટૅરિફના વધવાથી અમેરિકામાં 'ચાય પે ચર્ચા' નહીં થઈ શકે, કારણ કે દસ ડૉલરની ચા કરતાં પાંચ ડૉલરની વ્હીસ્કી ગમે તેમ બોલવાની છૂટ સાથે પોસાય...ઓછા ખર્ચા, ફાવે તેમ ચર્ચા..!*

ભાત ભાત કે લોગ
જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# 'ૃ૧૯૫૫ સિસ્ટમ' : આ છે જાપાનની યુનિક રાજકીય વ્યવસ્થા

## ડાબેરીઓ અને જમણેરીઓ ભેગા થઇને સામ્યવાદી બની ગયા અને પછી...

રાજકારણ ક્ષેત્રે સતત નવું નવું વાંચતા રહેવાથી કેટલાક વિશિષ્ટ પારિભાષિક શબ્દો સાંભળવા મળે છે. આ એવા શબ્દો છે જેમની સાથે ચોક્કસ ઇતિહાસ સંકળાયેલો હોય... જેમ કે one-party dominant system - એકપક્ષીય પ્રભુત્વ પ્રણાલી. ભારતે સ્વતંત્રતા મેળવી એ પછી ૧૯૫૨માં પ્રથમ વખત સામાન્ય ચૂંટણીઓ યોજાઈ. એમાં કૉંગ્રેસ પક્ષને બહુમતી મળી. ૧૯૭૭ સુધી લગભગ અઢી દાયકા જેટલો સમય કૉંગ્રેસનું એકધારું શાસન રહ્યું. આને કહેવાય એકપક્ષીય પ્રભુત્વ. વિશ્વના ઘણા દેશોમાં આ પ્રકારનું શાસનતંત્ર જોવા મળ્યું છે, જ્યાં એક જ પક્ષે દાયકાઓ સુધી શાસનધૂરા સંભાળી હોય.

૧૯૭૭ની જનતા સરકાર બાદ ફરી એક વખતે નવ વર્ષ (૧૯૮૦ થી ૧૯૮૯ વચ્ચે) કૉંગ્રેસનો દબદબો રહ્યો. એ પછી મોરચા સરકારોનો દોર ચાલ્યો. ૨૦૧૪થી આજદિન સુધી આશરે અગિયાર વર્ષથી ભાજપના વડપણ હેઠળનો રાજકીય મોરચો સત્તા પર છે. આ રીતે એક જ પક્ષના પ્રભુત્વ હેઠળ શાસન ચાલતું હોય ત્યારે એ પ્રકારની લોકશાહીમાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો જોવા મળે છે, જેની અસર આંતરરાષ્ટ્રીય સંબંધો ઉપર પણ પડે છે.

હવે રાજકારણના બીજા એક પારિભાષિક શબ્દની વાત કરીએ, જે પ્રમાણમાં ઓછો જાણીતો છે. કારણકે એ ટચૂકડા દેશ જાપાન પૂરતો જ સીમિત છે. આ શબ્દ એટલે '૧૯૫૫ સિસ્ટમ' (કે 'સિસ્ટમ ૧૯૫૫) આ શબ્દ પણ એકપક્ષીય પ્રભુત્વ દર્શાવવા માટે જ વપરાય છે, પણ એનું પશ્ચાદભૂ જરા જુદા પ્રકારનું અને અત્યંત રસપ્રદ છે.

**શું છે આ ૧૯૫૫ સિસ્ટમ?**

આ સિસ્ટમ સમજતા પહેલા બે નવા શબ્દો જાણવા પડશે સ્કેપ અને યાકુઝા. સ્કેપ (SCAP) એટલે

Supreme Commander for the Allied Powers. બીજા વિશ્વયુદ્ધની હાર પછી અમેરિકી જનરલ ડગ્લાસ મેકઆર્થરને જાપાનમાં 'સ્કેપ' તરીકે નિમણુંક આપવામાં આવી. વિજેતા દેશો ઇચ્છતા હતા કે જાપાનમાં હવે પછી જે સરકાર આવે એની નીતિઓ લોકશાહી તરફી બીજા શબ્દોમાં કહીએ તો યુએસ, યુકે અને યુરોપને અનુકૂળ હોય. બીજા વિશ્વયુદ્ધ પછી સામ્યવાદી રશિયાને કંટ્રોલમાં રાખવું જરૂરી હતું. આથી એશિયન દેશો સામ્યવાદના પ્રભાવ હેઠળ રશિયાના ખોળામાં ન બેસી જાય એનું ધ્યાન અમેરિકાએ ખાસ કરીને અમેરિકી જાસૂસી સંસ્થા 'સીઆઈએ'એ રાખવાનું હતું. મેકઆર્થરનું મુખ્ય ધ્યેય પણ આવું જ હશે, પણ થયું એવું કે જાપાનમાં ૧૯૫૫માં યોજાયેલ સામાન્ય ચૂંટણીઓમાં જાપાનીઝ સોશ્યલ પાર્ટી 'જેએસપી'ના બેનર હેઠળ ડાબેરીઓ અને જમણેરીઓ એક થઇ ગયા. જાપાનીઝ ડેમોક્રેટિક પાર્ટીએ એકલા હાથે બહુમત તો મેળવી લીધો પણ સામ્યવાદીઓની વધેલી તાકાત અમેરિકાથી માંડીને જાપાનની બિઝનેસ લોબી સુધીના બધાને અકળાવતી હતી. એ પછી જે થયું તે અદ્ભુત હતું.


નોબુસુકે કિશી

જાપનાના ડાબેરીઓ અને જમણેરીઓ ભેગા થઈને સામ્યવાદી બની ગયા. એના તોડ તરીકે લિબરલ્સ (લિબરલ પાર્ટી) અને ડેમોક્રેટ્સ (સત્તાધારી જાપાનીઝ ડેમોક્રેટિક પાર્ટી) પણ એક થઇ ગયા. આ રીતે જે નવી પાર્ટી બની એ 'લિબરલ ડેમોક્રેટિક પાર્ટી LDP' તરીકે ઓળખાઈ. ૧૯૫૫માં થયેલી આ ગોઠવણ મુજબ આજદિન સુધી (વચ્ચેના અમુક અપવાદો બાદ કરતાં) જાપાનની શાસનધૂરા આ 'લિબરલ ડેમોક્રેટિક પાર્ટી'ના હાથમાં જ રહી છે. આ ગોઠવણ રાજકારણમાં '૧૯૫૫ સિસ્ટમ' તરીકે પ્રખ્યાત છે.

ઓકે ફાઈન, પણ હમણાં અન્ય એક શબ્દ 'યાકુઝા'નો પણ ઉલ્લેખ કરેલો.

આ યાકુઝા એટલે શું? ૧૯૫૫ સિસ્ટમ સાથે યાકુઝાને શું સંબંધ હતો?

ટૂંકમાં કહીએ તો 'યાકુઝા' એટલે જાપાનીઝ માફિયા. જેમ જાપાનીઝ પ્રજા મધ્યયુગમાં સામુરાઈ યોદ્ધાઓને માનથી જોતી. એમ વીસમી સદી દરમિયાન ગેન્ગસ્ટર્સને પણ માનની નજરે જોવામાં આવતા. યાકુઝા ખુલ્લેઆમ પોતાનો બિઝનેસ કરતા અને નેતાઓને જરૂર પડે ત્યારે યાકુઝા પોતાની આવડત મુજબ વિવિધ રાજકીય પક્ષોને કેટલીક વિશિષ્ટ 'સેવા' પ્રદાન કરતા. વિરોધી રાજકારણીનું અપહરણ કરવાથી માંડીને કાસળ કાઢી નાખવા સુધીના કામ યાકુઝા દ્વારા લેવામાં આવતા. રાજકીય રેલીઓમાં પણ યાકુઝાની હાજરી રહેતી. મજાની વાત એ હતી કે યાકુઝાની છાપ જાપાનની ભૂમિને વફાદાર લોકો તરીકેની હતી. એટલે લોકો એમને ગુનેગાર તરીકે જોવાને બદલે દેશભક્ત તરીકે જોતા! અમેરિકી ખુફિયા એજન્સી સીઆઈએ આવો મોકો છોડે?

કહેવાય છે કે સીઆઈએ દ્વારા યાકુઝાને જાપાનીઝ રાજકારણમાં વિધિવત એન્ટ્રી અપાવવામાં આવી. લિબરલ ડેમોક્રેટિક પાર્ટીમાં યાકુઝા ગેન્ગ્સના સરદારોનો ખાસ્સો પ્રભાવ હતો. એલડીપી તરફથી ૧૯૫૭મા પ્રધાનમંત્રી તરીકે નોબુસુકે કિશીની વરણી થઇ. આ કિશી મહાશય તો પોતે જ ગેન્ગસ્ટર જેવા હતા. ભૂતકાળમાં ન કરવા જેવા ઘણા ધંધા એમણે કરેલા. એટલું જ નહિ પણ યુદ્ધ પૂરું થયા બાદ સ્કેપના ઓર્ડર પ્રમાણે નોબુસુકે કિશીને જેલમાં ય ધકેલવામાં આવેલા. તેમ છતાં કેટલાક અમેરિકન પોલિસી મેકર્સને લાગ્યું કે યુદ્ધ પછીના જાપાનને કિશી જ નેતૃત્વ પૂરું પાડી શકશે.

આ બધું કઈ રીતે થયું એ તો તત્કાલીન અમેરિકન થિન્ક ટેન્ક જ કહી શકે. બટ ધ રેસ્ટ ઇઝ હિસ્ટ્રી.

૨૦૨૨માં જાપાનના ભૂતપૂર્વ વડાપ્રાધાન શિન્ઝો આબેને કોઈકે ગોળી મારી દીધેલી. આ શિન્ઝો આબે એટલે નોબુસુકે કિશીના પૌત્ર. લિબરલ ડેમોક્રેટિક પાર્ટીએ ભોગવેલ લાંબા શાસન દરમિયાન કિશી-સાટો-આબે તરીકે ઓળખાતા પરિવારનું ખાસ્સું પ્રભુત્વ રહ્યું.

આમાંથી આપણે શીખવા જેવો પાઠ એ છે કે રાજકીય જરૂરિયાત ઊભી થાય ત્યારે ડાબેરીઓ અને જમણેરીઓ ભેગા થઇ શકે છે. સાથે જ લિબરલ્સ અને ડેમોક્રેટ્સ પણ એક પાર્ટીના છત્ર નીચે આવીને લગભગ પોણી સદી સુધી દેશનું શાસન સંભાળી શકે છે. ■

કૅરિયર
નરેન્દ્ર કુમાર

# સાઇકોલોજીને બનાવો તમારું શાનદાર ફિલ્ડ

આજે માનસિક તણાવ અને સંબંધોમાં કડવાશ વધુ જોવા મળે છે. એને કારણે લોકો માનસિક બીમારીઓનો ભોગ બને છે. એથી સમાજમાં સાઇકોલોજિસ્ટ અને મનોવૈજ્ઞાનિકની જરૂર વર્તાવા લાગી છે. આપણા દેશમાં સામાન્ય ડૉક્ટરની સરખામણીએ મનોવૈજ્ઞાનિકની વધુ ડિમાન્ડ છે. એથી આ ક્ષેત્રે કૅરિયર બનાવવાની આ સુવર્ણ તક છે. સરકાર સિવાય ખાનગી ક્ષેત્ર પણ આ સમસ્યાથી મુક્તિ મેળવવા માટે રોકાણ કરે છે. આ જ કારણ છે કે આગામી દસ વર્ષમાં ભારતમાં સાઇકોલોજિસ્ટની જરૂર ખૂબ વધી જવાની છે.

આવો જાણીએ આ ક્ષેત્રે કૅરિયર બનાવવા માટે શું કરવું જોઈએ?

સાઇકોલોજીમાં કૅરિયર બનાવવા માગતા વિદ્યાર્થી જ્યારે ૧૧ અને ૧૨મા ધોરણમાં હોય ત્યારે જ તેને વિષયોની પસંદગી પણ ધ્યાન આપવું જોઈએ. સાઈકોલોજીમાં છ પ્રકાર હોય છે. ઉદાહરણ તરીકે ક્લિનિકલ સાઇકોલોજી, કાઉન્સિલિંગ સાઇકોલોજી,ઓર્ગેનાઇઝેશન સાઇકોલોજી, એજ્યુકેશન સાઇકોલોજી, સ્પોર્ટસ સાઇકોલોજી અને ફોરેન્સિક સાઇકોલોજી. આ તમામ ક્ષેત્ર એકમેકથી જુદા છે. સાઇકોલોજીના ક્ષેત્રે જવા માટે સાયન્સ સ્ટ્રીમની જરૂર હોય છે તો અમુકમાં આર્ટસમાં સ્ટડી કરીને પણ આ ક્ષેત્રે કરીઅર બનાવી શકાય છે.

**સ્ટડી માટે અગત્યની સંસ્થા**

ભારતમાં સાઇકોલોજીમાં કૅરિયર બનાવવા ઈચ્છતા લોકો માટે કેટલીક પ્રતિષ્ઠિત સંસ્થાનો છે.

બીએ અને એમએ સાઇકોલોજી માટે દિલ્હી યુનિવર્સિટી મહત્ત્વની છે.

મુંબઈમાં આવેલી ટાટા ઈન્સ્ટિટ્યુટ ઑફ સોશ્યલ સાયન્સ પણ અગત્યની છે. જ્યાં અપ્લાઈડ સાઇકોલોજી, ક્લિનિકલ સાઇકોલોજી અને કાઉન્સિલિંગ સાઇકોલોજીની સ્ટડી કરી શકાય છે.

**કેટલી રહેશે સેલેરી?**

બીએ અને બીએસસીની ડિગ્રી મેળવ્યા બાદ શરૂઆતમાં વીસથી પચીસ હજારના પગારની નોકરી મળે છે. એમએ-એમએસસી કરનારને સ્કૂલોમાં ૩૦થી ૪૦ હજાર રૂપિયાના પગારની નોકરી મળી જાય છે. તો કોર્પોરેટ ક્ષેત્રે ૪૦થી ૬૦ હજાર રૂપિયાની સેલેરી મળે છે.

ભારતમાં નેશનલ મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ અને ટેલી મેન્ટલ હેલ્થ પ્રોગ્રામ શરૂ કરવામાં આવ્યા છે. જેમાં સરકારી નોકરીઓના અવસર અઢળક છે.

કુલ મળીને જો તમને માનવ વ્યવહારને જાણવામાં રસ હોય, તમે ધૈર્યવાન અને સંવેદનશીલ હોવ તો સાઈકોલોજીમાં તમે ઉજ્જવળ કૅરિયર બનાવી શકો છો. ■




# ગુનેગાર

રાતભર ધોધમાર વરસ્યા પછી વરસાદે હજુ હમણાં જ પોરો ખાધો હતો. બત્તી બંધ કર્યા પછી પંખાનાં પાંખિયાં ધીમે ધીમે ચકરાવો લેતાં બંધ થાય છે એમ મુશળધાર વરસાદ ધીમે ધીમે બંધ થઇ રહ્યો હતો, છતાંય ધીમી ધારે ઝરમર ઝરમર હજુ પણ વરસી રહ્યો હતો , છતાં હૂંફાળા તડકાએ પણ હાજરી પુરાવી જ દીધી. સૂર્ય સંતાકૂકડી રમતો હોય એમ ક્યારેક વાદળમાંથી ડોકું કાઢે તો ક્યારેક વાદળ પાછળ સંતાઈ જાય...

ખુશનુમા અને આહલાદક હવામાન હતું. એલાર્મના કૂકડાએ છ વાગ્યાની બાંગ પોકારી. કરણ બક્ષીએ પથારીમાં પડ્યા પડ્યા પડખું ફેરવ્યું. આળસ મરડી. ઊઠવાનું મન થતું નહોતું. રોજ તો આ સમયે પોતે વ્યાયામ કરતો હોય. થોડી હળવી કસરતો, ચાલવાનું, દોડવાનું. પછી ફટાફટ નાહીધોઈને તૈયાર. એટલી વારમાં મમ્મીએ પૌષ્ટિક પરોઠા, થેપલાં, ઉપમા કે બટાટાપૌંઆનો ગરમાગરમ નાસ્તો ફક્કડ ચા સાથે મેજ પર પીરસી દીધો હોય. માના હાથનો સ્વાદિષ્ટ નાસ્તો ખાઈને કરણ ફરજ બજાવવા નીકળી જાય.

જોકે, આજે કરણનો મિજાજ મોસમના બદલાયેલા મિજાજ જેવો હતો. ફોરાં પડવાનાં પણ બંધ થઇ ગયાં, પણ હજુ અડધો કલાક ઊંઘ ખેંચી નાખું એમ વિચારીને કૂકડાને બોલતો બંધ કરીને કરણે રજાઈ માથા સુધી ખેંચી લીધી. થોડી વાર થઇ ત્યાં એવું લાગ્યું જાણે મસ્તક પર મુલાયમ, મખમલી પીંછું ફરી રહ્યું છે! કોઈ માથા પર હાથ પસારી રહ્યું હતું, હાથમાંથી નીતરતો સ્નેહ કરણના મસ્તકની વાટે થઈને હૃદય સુધી પહોંચ્યો. ઊંઘમાં જ કરણના હોઠે સ્મિત સળવળ્યું. હૃદયના દોરવાયે દોરવાયેલો એનો હાથ આપોઆપ રજાઈની હૂંફમાંથી બહાર નીકળ્યો અને પેલા વ્હાલભર્યા હાથમાં વાત્સલ્યની હૂંફ ખોળવા લાગ્યો.કરણનું દિમાગ હજુ ઊંઘરેટું હતું, પણ દિલને જાણ થઈ ગઈ કે એ માનો હાથ હતો!

હા, એ કરણનાં માતા અરુંધતીબહેનનો મમતાભર્યો હાથ હતો. આમ તો કરણને જગાડવા આવ્યાં હતા, પણ નિરાંતે પોઢતા લાડકવાયા દીકરાને જોઇને દીકરાનો હાથ હાથમાં રાખી બેચાર ઘડી પુત્રના સ્પર્શનું સુખ પામીને. પછી એકદમ જ એમણે કરણને ઢંઢોળ્યો:

'હવે ઊઠ દીકરા, પછી મોડું થઇ જશે.'

કરણ આળસ ખંખેરતો ઊભો થયો અને ઝડપથી તૈયાર થઇ ગયો. હજુ હમણાં જ અઠ્ઠાવીસમા વર્ષમાં પ્રવેશેલો કરણ પેલી તરુણોની રોમેન્ટિક નોવેલ્સ : 'મિલ્સ એન્ડ બુન'ની જેમ ટોલ, ડાર્ક એન્ડ હેન્ડસમ હતો. આકર્ષક રૂઆબદાર વ્યક્તિત્વ. વીજળી જેવી ચમકતી કાળી ધારદાર પાણીદાર આંખ. સિંહ જેવી ચાલ, ચિત્તા જેવી ચપળતા અને બાજ જેવી તીક્ષ્ણ નજર. અરીસા સામે ઊભા રહીને ઘટાદાર વાળ ઓળતા કરણને થોડે દૂરથી અરુંધતીબહેન અમીભરી આંખે જોઈ રહ્યાં : કેવો પ્રભાવશાળી લાગી રહ્યો છે કરણ પોલીસ યુનિફોર્મમાં. છ ફૂટની ઊંચાઈ, સપ્રમાણ કદાવર દેહ... કામણગારો કરણ નજરાઈ ન જાય એ માટે અરુંધતીબહેને નજરથી જ એના કાન નીચે કાળું ટપકું કરી લીધું. થોડી વારમાં કરણ ફરજ બજાવવા નીકળી ગયો.

હજુ તો કરણ પોલીસ સ્ટેશને પહોંચ્યો જ હતો કે ટેલિફોનની ઘંટડી રણકવા લાગી. કરણે સ્ફૂર્તિથી રિસીવર ઉઠાવ્યું:

'હેલો, ઇન્સ્પેક્ટર કરણ બક્ષી સ્પીકિંગ!'

'હું નંદરાય નંદા, સાહેબ, તમે જલદી આવો...' સામો છેડો બોલતાં બોલતાં હાંફતો હતો: 'ગઈ કાલે રાત્રે અમારા ઘરમાં એક કરોડ રૂપિયાની ચોરી થઇ ગઈ છે!'

## ઇન્સ્પેક્ટર કરણ બક્ષી : કેસ ફાઈલ્સ

અપરાધના વાઈરસને ડામીને અપરાધીને ઝબ્બે કરતી રોમાંચક રહસ્યકથા એટલે ઇન્સ્પેક્ટર કરણ બક્ષીની કેસ ફાઈલ્સ.

ચાલાક ગુનેગારની ચાર આંખ હોય છે, પણ કરણ બક્ષીની આઠ આંખ છે. એ વારંવાત પોતાની રિવોલ્વર ઊંચકીને ઝાઝી હીરોગીરી દેખાડ્યા વિના તીવ્ર નિરીક્ષણશક્તિ અને તર્કશક્તિને આધારે ઇન્વેસ્ટિગેશન કરે છે. એ કઈ રીતે ગુનેગાર સુધી પહોંચે છે એની કથાઓનું રસપ્રદ આલેખન એટલે ઇન્સ્પેક્ટર કરણ બક્ષીની કેસ ફાઈલ્સ.

નંદરાય નંદાને ઘેર થયેલી ચોરી- સુરીલી સરવૈયાની હત્યા- મુખ્ય મંત્રી દેવદત્ત દેસાઈના બંગલામાંથી ચોરાયેલા દસ્તાવેજો - કંદરાનું અપહરણ,-પલ્લવીની આત્મહત્યા - કિટીપાર્ટીમાં થયેલી હીરાની ચોરી કે પછી વૈજ્ઞાનિક સત્યમ સારાભાઇની કરપીણ હત્યા હોય કે પાછી આવો જ કોઈ અટપટો કેસ હોય...એ દરેક કેસમાં કરણ બક્ષી ગુનાનું પગેરું પકડીને ગુનેગાર સુધી કંઈ રીતે પહોંચે છે એની કથા એટલે ઇન્સ્પેક્ટર કરણ બક્ષીની કેસ ફાઈલ્સ...

અહીં રજૂ થતી ડિટેક્ટિવનું રહસ્ય કથામાં જ વણી લેવાયું છે. કથાની ગૂંથણી એ રીતે કરવામાં આવી છે કે વાચક પણ કરણ બક્ષીની જેમ ભેજું કસીને અપરાધી સુધી પહોંચી શકે છે.

અપરાધીને પકડવાની તક તમને પણ છે. તો છો ને તૈયાર અપરાધીને ઝડપવા...?!

કરણ બક્ષી ફોન મૂકીને ત્વરાથી ઊભો થઇ ગયો. નંદરાય નંદાના બંગલા ભણી જીપ લીધી. નંદરાય નંદાને મળવાનો મોકો તો કરણને મળ્યો નહોતો, પણ એમના વિશે સાંભળ્યું જરૂર હતું...

ઘેર ઘેર ફરીને પસ્તી ભેગી કરવાના કામથી શરૂ કરીને નંદરાય સફળતાનાં એક પછી એક શિખર ચડતા ગયેલા. એમની મહેનત,લગન, ખંત અને ધગશ રંગ લાવ્યાં. કોક શેઠિયાએ આ ચીંથરે વીંટેલા રત્નનું હીર પારખીને એને પાંખમાં લીધો. પુરુષાર્થમાં પ્રારબ્ધ ભળ્યું. સંઘર્ષ પૂરો થયો અને સફળતાનો દોર શરૂ થયો. પ્રામાણિકતા અને ગ્રાહકોનો વિશ્વાસ એ જ મુદ્રાલેખ સાથે પસ્તીનો ધંધો શરૂ કર્યો. એમાંથી ધીમે ધીમે સ્ટેશનરીનો ધંધો કર્યો. એમાં પણ સફળતા. પછી તો નંદરાયનો સ્પર્શ મિડાસ ટચ બની ગયો. જ્યાં હાથ નાખે એ સોનું બની જતું!

પંદર વર્ષમાં તો નંદરાય વેપારી આલમનું પ્રતિષ્ઠિત નામ હતું. એમના નામે ઘણા બધા વેપારધંધા ચાલતા હતા- આંગળીને વેઢે ગણવા બેસીએ તો વેઢાં ખૂટી પડે. યાદી લખવા બેસીએ તો કલાક થાય. નગરના અતિ ધનાઢ્ય અને શ્રીમંતોમાં એમનું નામ મોખરે હતું. દાનવીર હતા. એમને આંગણેથી કોઈ ખાલી હાથે પાછું ન ફરતું. સામાજિક કાર્યો કરવામાં પણ આગળ પડતા. આવી રિદ્ધિ સિદ્ધિ કોઈને પણ છાકટું બનાવી દે, પણ નંદરાય ભગવાનનું માણસ અત્યારે પંચાવનમા વર્ષે ઈશ્વરના નામનું રટણ કરતાં, માળા ફેરવતાં એટલું જ કહેતા કે, આ તો બધી પ્રભુની કૃપા છે. ધાર્યું આપણું ધૂળ છે, હરિ કરે સો હોય!'

પણ હરિકૃપાથી કે પછી અવકૃપાથી આ નંદરાયનો દીકરો નિરંજન ઉડાઉ બની ગયેલો.. નંદરાય વિશે માન હતું, પણ કરણને એમના દીકરા નિરંજન અંગે સારો અભિપ્રાય નહોતો. નિરંજન નાનો હતો ત્યારથી દોમ દોમ સાહ્યબી જોયેલી. રૂપિયાપૈસાનો અભાવ કોને કહેવાય એ એને ખબર જ નહોતી. ગરીબી વિશે સાંભળ્યું જરૂર હતું પણ નરી આંખે નિહાળી નહોતી. પરિણામે નિરંજન છુટ્ટા હાથે પૈસા વેરતો- ઉડાડતો.

નંદરાયને આ ગમતું નહીં. નિરંજન સારી રીતે અભ્યાસ કરીને વેપારધંધા સંભાળી લે એવી ઈચ્છાએ એ પુત્રને ઠપકો આપે કે તરત જ નિરંજનની મા નંદબાળા ઢાલ બનીને સામે ઊભી થઇ જતી. એણે જ નિરંજનને ફટવી મારેલો .નિરંજન એક રૂપિયો માગે તો એ સો રૂપિયા આપતી અને સો માગે તો હજાર. માના વધુ પડતા લાડકોડને લીધે ખોટી સોબતે ચડી ગયેલો. જુગાર રમવા સહિતનાં બધા જ પ્રકારના ગલત ધંધા કરવા લાગેલો.

કરણ બક્ષીએ એવું સાંભળેલું કે પોતે આવડત અને મહેનતથી કમાયેલી સંપત્તિને બેફામ રીતે લૂંટાવી રહેલા નિરંજનને પોતાની જાણ બહાર એક રૂપિયો પણ ન મળે એવી કડક ગોઠવણ નંદરાયે કરી દીધેલી. પણ એથી તો નિરંજન બાપના નામે વેપારીઓ પાસેથી ઉધાર લેતાં થઇ ગયેલો. નંદરાયની શરમે વેપારીઓ ઉછીના રૂપિયા આપતા. નંદરાયને ખબર પડી ત્યારે એમણે અખબારમાં જાહેરખબર આપીને કોઈએ નિરંજન સાથે આર્થિક વ્યવહાર ન કરવો એવું જાહેર કરેલું.

નંદરાયે આ સારું જ કર્યું. કરણ બક્ષીએ વિચાર્યું: બાકી તો આ અઠંગ ખેલાડી જેવા નિરંજને બધું ખેદાનમેદાન કરી દીધું હોત. એટલામાં નંદનવન બંગલો આવી ગયો અને કરણ બક્ષીની વિચારોની હારમાળા અટકી ગઈ.

નંદરાયનો બે માળનો નંદનવન બંગલો નંદનવન જેવો જ હતો. પૂર્વ અને પશ્ચિમી સ્થાપત્યના સંગમ જેવો. પ્રવેશદ્વારની બંને બાજુની દીવાલે અડીને હરિયાળાં વૃક્ષોની કમાન હતી. આ કમાન વચ્ચેથી અડધો કિલોમીટર જેટલું અંતર કાપીએ એટલે નાનકડો રંગબેરંગી ફૂલોથી શોભતો બગીચો અને બાગની વચ્ચોવચ હોજ. હોજમાં ફરતો ફુવારો ગુલાબજળ જેવો છંટકાવ કર્યા જ કરે. હોજથી અડધા ફર્લાંગ છેટે 'નંદનવન' દેખાય. બંગલાના મુખ્ય દ્વાર પર લક્ષ્મી અને સરસ્વતી સ્વાગતની મુદ્રામાં ખડેપગે હાજર. બંગલાની ચારેકોર આવેલા બાકીના વિસ્તારમાં સુંદર, લીલીછમ લોન શોભતી હતી.

ઇન્સ્પેક્ટર કરણ બક્ષીએ બંગલો અને બંગલાની આસપાસનો વૈભવ ધ્યાનથી જોયો. પછી દેવીઓનું સ્વાગત ઝીલતાં બંગલાના મુખ્ય દ્વારભણી ચાલ્યો. દ્વાર ખુલ્લું જ હતું. કરણની પ્રતીક્ષા કરી રહેલા નંદરાય બેઠકખંડમાં હતા.

'આવો ઇન્સ્પેક્ટર...' નંદરાયે ફિક્કો આવકાર આપ્યો.

'નંદરાયજી, ચોરી ક્યાંથી થઇ છે?' કરણ બક્ષીએ તપાસનો આરંભ એકડે એકથી કર્યો મારી સાથે ઉપરના કમરામાં આવો. હું ત્યાં તમને સારી રીતે સમજાવી શકીશ. કહીને કરણ બક્ષીને સાથે લઈને નંદરાય ગોળાકાર સીડી ચડવા લાગ્યા સાથે દાદર ચડતાં બોલતા રહ્યા:

'નંદબાળા અને નિરંજન ઉપર, ચોરી થઇ એ કક્ષમાં જ છે.'

ઉપરના કમરાના દરવાજા પાસે જ મા- દીકરો ઊભા હતા. કરણ એકદમ ચિંતામાં હોય એમ એ નખ કરડી રહ્યો હતો. એના વાળ પણ વેરવિખેર હતા. કરણે એની એ ક્રિયાની નોંધ લીધી. પછી ચારે એક સાથે કમરામાં ગયા. એ નંદરાય અને નંદબાળાનો શયનખંડ હતો. કરણે જોયું કે એ એક ખૂબ વિશાળ ખંડ હતો. ઊંચી છતમાં ઝુમ્મર... ફર્શ પર બગલાની પાંખ જેવો પગ ખૂંપી જાય એવો પોચો- મુલાયમ ગાલીચો અને ખંડની બરાબર મધ્યમાં દીવાલને અઢેલીને રજવાડી પલંગ ...એની પાસેના કાચના મેજ પર કાચના અર્ધગોળાકાર પાત્રમાં ફળફળાદિ... એનાથી દસેક ફૂટ છેટે એક બાજુની દીવાલે વોલ ટુ વોલ- આખી દીવાલને આવરી લેતાં ત્રણ કબાટ હતા. આજુબાજુના કબાટનાં બારણાં બંધ હતા, પણ એમાંના વચ્ચેનો કબાટ ખુલ્લો હતો. રૂપિયા ખુલ્લા કબાટમાંથી જ ચોરાયેલા.

બીજી બાજુની દીવાલમાં સાડા છ ફૂટ ઊંચી અને દોઢ ફૂટ પહોળી સળિયા વિનાની ખુલ્લી ત્રણ બારી હતી. બારીમાં નીચેથી ઉપર એક સળંગ કાચ જડેલો હતો. ત્રણમાંથી બે બારી ખુલ્લી હતી. એ ખુલ્લી બારીની બહાર જોઇને કરણ બક્ષીએ અનુમાન લગાવ્યું કે જમીનથી ઉપરના કક્ષનું અંતર વીસથી પચીસ ફૂટ હશે. એણે જોયું કે બારી સુધી એક લોખંડની નિસરણી ટેકવેલી હતી, જે બંગલાના બેકયાર્ડમાં પડી રહેતી!

'જુઓ ઇન્સ્પેક્ટર, ચોર આ જ બારીમાંથી આવ્યો હશે...' નિરંજન ઉતાવળે બોલી ઊઠ્યો:

એ રાત્રે આ નિસરણી પર ચડીને આવ્યો હશે. અને સામેના કબાટમાંથી રૂપિયા ચોરીને નિસરણી ઊતરી ગયો હશે.

'તમે આવડી મોટી રકમ ઘરમાં રાખો છો?' કરણ બક્ષીએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

ના,ના.. આ તો આજે અમારે એક પાર્ટીને પેમેન્ટ કરવાનું હતું. સામાન્ય રીતે તો હું ચેક જ આપું છું, પણ... નંદરાય બોલ્યા: 'આ વખતે પાર્ટીએ રોકડનો આગ્રહ રાખ્યો એટલે મેં ગઈ કાલે જ કરોડ રૂપિયા બેંકમાંથી મંગાવી લીધા હતા ને ઑફિસમાં આટલી મોટી કેશ રાખવાનું રિસ્ક લેવાને બદલે એ જંગી કેશ ઘેર લઈ આવ્યો, પણ મને શું ખબર કે અહીં ઘરેથી પણ એ ગૂમ થઈ શકે!' નંદરાયના અવાજમાં નિરાશા છલકાતી હતી .

'હં...' બક્ષીએ ધ્યાનથી સાંભળ્યું. ફરી પાછું એ ખંડમાં નજર દોડાવી લઈને કહ્યું:

'ચાલો, નીચે જોઈએ. ચોરનું પગેરું મળે તો...'

સહુ નીચે પહોંચ્યા. કમરાની નીચેની બાજુ જ્યાં નિસરણી ટેકવી હતી એ બાજુ. નિસરણી ફરતે પાણીનું કુંડાળું થઇ ગયેલું. બગીચો પણ પાણી પાણી થઇ ગયેલો. ઠેકઠેકાણે કાદવ જમા થઇ ગયેલો ત્યાંથી બગીચાની માટીમાંથી બંગલાના બહારના પ્રવેશદ્વાર તરફ કેટલાંક પગલાં જતાં દેખાયાં. નિરંજન ઉત્સાહભેર બોલી ઊઠ્યો:

'જુઓ, જુઓ...આ રહ્યાં ચોરનાં પગલાં! હવે ચોર પકડાઈ તો જશે ને?'

'પકડાઈ જશે નહીં, પકડાઈ ગયો!' કરણ બક્ષીએ માર્મિક સ્મિત કર્યું. પછી નિરંજન ભણી આંગળી ચીંધીને, નંદરાયને કહ્યું:

'આ જ છે તમારો ચોર!'

'હું?હું?...' નિરંજને રાડ નાખી:

'મેં મારા બાપના પૈસા ચોરી કર્યા એમ તમે કહો છો? શું પુરાવો છે તમારી પાસે? ઇન્સ્પેક્ટર, ખોટો આરોપ નહીં મૂકો, સાબિત કરો!'

'સાબિતી કે પુરાવા વગર હું ક્યારેય વાત નથી કરતો... અને મારી પાસે એક નહીં, પણ ચાર ચાર સાબિતી છે.!' એમ કહીને કરડાકીથી કરણે કહ્યું:

'પુરાવો ક્રમાંક એક, ગઈ કાલે આખી રાત ધોધમાર વરસાદ વરસ્યો હતો. મેં જોયું કે ઉપરના કમરામાં ધોળો ગાલીચો પાથરેલો હતો. હવે જો ચોર નિસરણી વાટે ખુલ્લી બારીમાંથી કમરામાં ઘૂસ્યો હોય તો વરસાદી કાદવનાં પગલાંની છાપ ગાલીચા પર પડી હોવી જોઈએ. મોંઘો ગાલીચો બગીચાની માટીથી ખરડાયેલો હોવો જોઈએ, પણ ગાલીચો એકદમ સ્વચ્છ છે. એના પર એક પણ ડાઘ પડ્યો નથી. એનો અર્થ એમ થાય કે ચોર ઘરનો જ છે. અને એ તમે જ છો! કારણ તમારા પિતાએ તમને રૂપિયા આપવાનું બંધ કર્યું છે. એટલે તમારા માથે દેવું થઇ ગયું હશે.' સહેજ થોભીને કરણે વાત આગળ ચલાવી :

'પુરાવો ક્રમાંક બે,ચોર ચોરી કરવા આવે ત્યારે જેટલા હોય એટલા કબાટ ફંફોસે છે. અને પછી કબાટ બંધ કરવાની એ તસ્દી લેતો નથી, કારણ ઝટપટ ચોરી કરીને એણે છટકી જવાનું હોય છે, પણ તમારે ત્યાં 'મિસ્ટર ચોરે' એ જ કબાટ ખોલ્યો, જેમાં રૂપિયા હતા. ચોરને કેવી રીતે ખબર પડી કે એ કબાટમાં જ રૂપિયા હતા? સિમ્પલ! એ ચોર તમે હતા, કારણ તમને જ ખબર હતી કે તમારા પિતા ઘેર રૂપિયા લઈને આવ્યાં છે!'

'હવે પુરાવો ક્રમાંક ત્રણ આવીએ...' કરણે થોભ્યા વગર વાત આગળ વધારી :

'નિસરણીથી બહાર તરફ જઈ રહેલા પગલાં દેખાય છે, પણ બંગલામાં અંદર આવતાં પગલાં દેખાયાં નથી. ન જ દેખાય. કારણ કે ગઈ રાતના વરસાદનું જોર એટલું બધું હતું કે જો પગલાં હોય તો પણ એ વરસાદી પાણીમાં ધોવાઇ જાય. એનો અર્થ એમ કે વરસાદ બંધ થયા પછી તમે જ બહાર જવાના પગલાંની છાપ પાડીને ચોર આવ્યાની મનઘડંત વાત ઉપજાવી કાઢવાનો પ્રયાસ કર્યો છે. અને પુરાવો ક્રમાંક ચાર....એટલા મુશળધાર વરસાદમાં કોઈ બહાર નીકળવાની હિંમત જ ન કરે. ચોરી તો બહુ દૂરની વાત છે!' કરણબક્ષીએ સમાપન કર્યું:

'નિરંજન નંદા, હવે તમે જ કહો, મેં જે કહ્યું એ ખરું છે કે ખોટું?'

'હા, હું જ ગુનેગાર છું!' નિરંજને નીચી નજરે ગુનો કબૂલ કરી લીધો :

'હું મારી બૂરી આદત ને ચોરીની પોતાની જ ભૂલનો ભોગ થઇ પડ્યો હતો!'

પુત્રનું આ પરાક્રમ જોઇને નંદરાય અને નંદબાળાના મનમાં એક જ પડઘો પડ્યો:

**દીવા તળે અંધારું!** (સમાપ્ત)■

**આવતા અઠવાડિયે નવી ડિટેક્ટિવ કથા**

---

# સાંકડા આવાસની હકીકત...


**સ્થાપત્યનું વાઈ-ફાઈ**

હેમંત વાળા
feedback@bombaysamachar.com

એ તો સ્વાભાવિક છે કે આવાસની રચના પ્રાપ્ય જમીનના માપ અનુસાર થાય. જો જમીન વ્યવસ્થિત માપની અને વ્યવસ્થિત આકારમાં હોય તો આવાસની રચનામાં સરળતા રહે અને તેની ઉપયોગિતા પણ સરળ બને. પણ જ્યારે ચોક્કસ સ્થાનનું મહત્ત્વ વધુ હોય ત્યારે જે માપની, જે કારની, જે પ્રમાણેની, જમીન મળે ત્યાં આવાસની રચના કરવી પડે. ઘણીવાર તો જમીન એટલી સાંકડી હોય કે આવાસની રચનામાં તો મુશ્કેલી પડે જ પણ તે આવાસનો ઉપયોગ સગવડતા જનક રહેતો હશે કે કેમ તે વિશે પણ પ્રશ્ન થાય.

સાંકડા આવાસનો ફ્રન્ટેજ ઓછો રહેતો હોવાથી બહારની પરિસ્થિતિ સાથેનો તેનો સંપર્ક મર્યાદિત અને સુનિર્ધારિત રહી શકે. જેને કારણે અહીં સામાજિક ગોપનીયતાનું સ્તર સામાન્ય પરિસ્થિતિ કરતાં વધુ રહેવાનું. આ ગોપનીયતા અંદરની તરફ ક્રમશઃ અને ઉગ્રતાથી વધતી જાય. કુટુંબના સભ્યોના પરસ્પરના સમીકરણ માટે આ પરિસ્થિતિ ઈચ્છનિય છે. પરંતુ સાથે સાથે સાંકડા આવાસમાં આવનજાવનનો માર્ગ વધુ રહે. તેનાથી જે તે સ્થાનની ઉપયોગિતા ઓછી થાય અને ત્યાંની ગોપનીયતાને પણ અસર પડે. આવાં આવાસ પ્રમાણમાં ઊંડા હોવાથી બહારના વાતાવરણની પરિસ્થિતિ પર અંદર ઓછી અસર થાય છે. અંદરના ભાગમાં કુદરતી હવા ઉજાસનું પ્રમાણ પણ ઓછું રહે છે. જો કુદરતી હવા ઉજાસનો આગ્રહ હોય તો વચમાંથી તે આવાસ ઉપરની તરફ ખોલી નાખવું પડે.

સ્થાપત્યની દૃષ્ટિએ કહીએ તો આ પ્રકારની રચનામાં સ્થાપતિની પાસે વિકલ્પો ઓછાં હોય છે. અહીં અગત્યના સ્થાનોને સ્વાભાવિક રીતે આગળ પાછળની ખુલ્લી જગ્યાએ ગોઠવવામાં આવે. પછી વચમાં દાદર, સ્ટોરેજ કે ભોજન કક્ષ છે જેવાં સ્થાન ગોઠવી દેવાય. પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા માટે પણ આ પ્રકારના આવાસમાં પ્રશ્નો વધુ રહેવાનાં. તે બધાનો ઉકેલ છે, જે વર્ષોથી સ્થાપિત છે. એમ કહી શકાય કે પરંપરાગત સાંકડા આવાસની રચના પરથી આધુનિક સાંકડા આવાસ માટેના ઘણાં ઉકેલ પ્રસ્થાપિત થઈ ચૂક્યા હતાં.





આ પ્રકારના આવાસનો ફ્રન્ટેજ ઓછો રહેતો હોવાથી તેમાં દૃશ્ય અનુભૂતિ માટે પ્રમાણમાં ઓછાં વિકલ્પો મળે. આ માટે અહીં સામગ્રીના ઉપયોગમાં શક્ય હોય તેટલી વિવિધતા લવાય છે. વળી નાના મોટા ચોસલા જેવા આકાર બહાર કાઢી ફસાડને રસપ્રદ બનાવવાનો પ્રયત્ન પણ જોવાં મળે છે. ક્યારેક છજ્જા બહાર કાઢવામાં આવે છે તો ક્યારેક પરગોલા, દેખાવ એકધારો ન થઈ જાય તે માટે દરેક બાલ્કનીની રેલિંગ પણ ભિન્ન ભિન્ન બનાવવામાં આવે છે. ક્યારેક તો આ સમગ્ર પ્રક્રિયામાં ઘણાં બિનજરૂરી નિર્ણયો પણ લેવાતાં હોય છે. સાંકડા આવાસને દેખાવમાં રસપ્રદ બનાવવા માટે સ્થપતિ પાસે વિકલ્પો બહુ ઓછાં હોય છે.

માપની દૃષ્ટિએ કહીએ તો સાંકડા આવાસ એટલે એવાં આવાસ કે જેની પહોળાઈ ૩.૦૦ મીટરની આસપાસ હોય. ઉપયોગિતા માટે વપરાતા ઓરડાનું માપ સામાન્ય રીતે ૩.૦૦ મીટર રહે તે ઇચ્છનીય ગણાય છે. અહીં તે પણ મુશ્કેલ બની રહે. વળી આ પ્રકારના સ્થાન સાથે સંકળાયેલ અન્ય સવલતોને પણ આગળ-પાછળ મૂકવી પડે. રચના માટે અને ઉપયોગિતા માટે પણ આ એક અગવડતા ભરેલી પરિસ્થિતિ છે. જે સ્વીકારવી રહી.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ સાંકડા આવાસમાં બંધિયારપણાની અનુભૂતિ થાય. અહીં મોકળાશ અનુભવવામાં અને બહારની પરિસ્થિતિ સાથે સંપર્ક સાધવામાં માનવી મુશ્કેલી અનુભવે. આ રચના આંતર્ભિમુખ પ્રકારની કહેવાય. અહીં સ્થાપત્યની રચનાના પ્રકારથી એક આંતરિક- કેન્દ્રની સ્થાપના થાય જેની આજુબાજુ અન્ય પ્રવૃત્તિઓ ગોઠવાઈ જાય. જોકે આ પ્રકારની રચનામાં આવાસના આંતરિક સ્થાન વધુ સરળતાથી પરસ્પર સંકળાયેલા રહે છે જેનાથી કુટુંબના સભ્યો વચ્ચે પણ એક પ્રકારનું જોડાણ ઉદ્ભવી શકે. અહીં સ્થાપિત થતાં કેન્દ્રથી કે આવન જાવનના માર્ગથી બધાં જ એકબીજા સાથે સંકળાતા રહે. એમ જોવા મળે છે કે સાંકડા આવાસમાં રહેતા લોકોમાં કૌટુંબિક ભાવના વધુ દ્રઢ રહેતી હોય છે.

સાંકડા આવાસની ચારે તરફ જો ખુલ્લી જગ્યા મળતી હોય તો તેની અનુભૂતિ એક પ્રકારની થાય અને જો તે બે સમાંતર લાંબી બંધીયાર દીવાલો વચ્ચે હોય તો તે અનુભૂતિ ભિન્ન રહેવાની. એમ જોવા મળે છે કે સાંકડા આવાસમાં ચારે તરફ ખુલ્લાપણું નથી મળતું હોતું. જેને કારણે આ પ્રકારના આવાસ એક ચોક્કસ દિશાને સૂચિત કરતાં હોય છે.

આ પ્રકાશના પ્રકારના આવાસમાં દિશાપણું દૃઢતાથી સ્થાપિત થાય છે. અન્ય એક નોંધવા જેવી બાબત એ છે કે આ પ્રકારના આવાસના માળખાકીય રચનાની કિંમત પ્રમાણમાં ઓછી રહે છે. સાંકડા આવાસમાં બે સમાંતર દીવાલોને ભારવાહક બનાવી સરળતાથી તેના પર મકાનનો સમગ્ર ભાર તબદીલ કરી શકાય છે. આ પ્રકારના આવાસમાં મુખ્યત્વે ભારવાહક દીવાલોનો જ ઉપયોગ થાય છે અહીં બીમ-કોલમવાળી માળખાગત રચનાની જરૂર નથી હોતી.

એક મોજણી પ્રમાણે સાંકડા આવાસમાં રહેનાર વ્યક્તિ, જ્યાં શક્ય હોય ત્યાં, બહાર જવાનું જલદી પસંદ કરે છે. આ એક હકારાત્મક પરિસ્થિતિ નથી. અર્થાત પ્રશ્ન તો છે. આનું નિરાકરણ લાવવા માટે સ્થપતિએ ગંભીરતાથી પ્રયત્ન કરવો જોઈએ. સાંકડા આવાસની પરિસ્થિતિ તો ઊભી થવાની જ, પણ જો માનવીને ત્યાં મોકળાશની અનુભૂતિ થાય તે પ્રકારનું સ્થાન નિર્ધારણ કરવામાં સ્થપતિ અક્ષમ રહે તો પ્રશ્ન તો થાય જ. જરૂરી નથી કે દર વખતે મોકળાશ વાળી જગ્યામાં મકાન નિર્ધારિત કરવાની તક મળે. હકીકત તો એ છે કે જે વ્યક્તિ મર્યાદાવાળી પરિસ્થિતિનો અદ્ભુત ઉકેલ લાવે તે પ્રશંસાને પામે. ■

# ભારતની નવમા ક્રમની મહિલા હૉકી ટીમનો થાઈલૅન્ડ સામે ૧૧-૦થી વિજય



હાન્ગઝો (ચીન): એક તરફ બિહારના રાજગીરમાં હરમનપ્રીત સિંહની કૅપ્ટન્સીમાં ભારતના પુરુષોની હૉકી ટીમ એશિયા કપમાં ફાઇનલમાં પહોંચવાની તૈયારીમાં છે ત્યાં બીજી બાજુ ચીનમાં સલીમા ટેટેના નેતૃત્વમાં ભારતીય મહિલા હૉકી ટીમે એશિયા કપમાં શરૂઆતમાં જ ધમાલ મચાવી દીધી છે. ભારતે શુક્રવારે પોતાની પહેલી જ મૅચમાં થાઇલૅન્ડને ૧૧-૦થી માત આપી હતી.

મહિલા એશિયન હૉકીમાં ભારતીય ટીમ નવમા સ્થાને અને થાઇલૅન્ડ ૩૦મા ક્રમે છે. ભારતીય ખેલાડીએ થાઇલૅન્ડની પ્લેયર્સથી ઘણી ચડિયાતી છે, પણ ભારતની વિરુદ્ધમાં તેઓ એક પણ ગોલ નહોતી કરી શકી. ભારત વતી ઉદિતા દુહાન અને બ્યૂટી ડન્ગ ડન્ગે બે-બે ગોલ કર્યા હતા, જ્યારે બાકીની સાત ખેલાડીએ એક-એક ગોલ કરીને ભારતની જીતમાં યોગદાન આપ્યું હતું. હાફ ટાઇમ વખતે ભારતીય ટીમ ૫-૦થી આગળ હતી.

ઉદિતાએ ૩૦મી તથા બાવનમી મિનિટમાં પેનલ્ટી કૉર્નર દ્વારા અને ડન્ગ ડન્ગે ૪૫ તથા ૫૪મી મિનિટમાં ગોલ કર્યા હતા. ભારતની અન્ય ગોલકર્તા ખેલાડીઓમાં મુમતાઝ ખાન (સાતમી મિનિટ), સંગીતા કુમારી (૧૦મી મિનિટ), નવનીત કૌર (૧૬મી મિનિટ), લાલરેમસિયામી (૧૮મી મિનિટ), થૉન્ડૅમ સુમન દેવી (૪૯મી મિનિટ), શર્મિલા દેવી (૫૭મી મિનિટ) અને રુતજા દાદાસો પિસાલ (૬૦મી મિનિટ)નો સમાવેશ હતો.

એશિયા કપ જીતનારી ટીમ ૨૦૨૬ના વિમેન્સ વર્લ્ડ કપ માટે ક્વૉલિફાય થશે. હવે ભારતીય ટીમ જાપાન તથા સિંગાપોર સામે રમશે. ■

# એશિયા કપમાં કમબૅક પહેલાં હાર્દિક પંડ્યાનો નવો લૂક

## ચાહકોએ બેન સ્ટોક્સ અને પૂરન સાથે સરખામણી કરી

દુબઈ: મંગળવાર, ૯મી સપ્ટેમ્બરથી એશિયા કપ ૨૦૨૫ની શરૂઆત થવા જઈ રહી છે, જેના માટે ભારતીય ટીમ દુબઈ પહોંચી ગઈ છે. એ પહેલાં ટી-૨૦માં નંબર.૧ ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાએ નવો લૂક જાહેર કર્યો છે. સોશિયલ મીડિયા પર હાર્દિકના નવા લૂકની ચર્ચા થઇ રહી છે.

હાર્દિક ગુરુવારે સાંજે દુબઈ પહોંચ્યો હતો અને શુક્રવારથી તેણે ટીમ સાથે પ્રૅક્ટિસ શરૂ કરી છે. આ ટૂર્નામેન્ટમાં હાર્દિક નવા લૂકમાં જોવા મળશે. હાર્દિકે સોશિયલ મીડિયા પર નવી હેરસ્ટાઇલ સાથેનો ફોટો શેર કર્યો છે.





### સોશિયલ મીડિયા પર ચર્ચા

હાર્દિક પંડ્યાએ ઇન્સ્ટાગ્રામ પર ન્યૂ લૂકનો ફોટો શેર કર્યા છે, ફોટો સાથે તેણે કેપ્શનમાં 'ન્યુ મી' લખ્યું છે. હાર્દિકે ટૂંકા વાળ કપાવ્યા છે અને સેન્ડી બ્લોન્ડ કલર કરાવ્યો છે. હાર્દિકના ગળામાં ટૅટૂ પણ જોવા મળે છે. હાર્દિકનો નવો લૂક સોશિયલ મીડિયા પર ચર્ચાનો વિષય બન્યો છે. ચાહકો વિવિધ પ્રકારના રીએક્શન આપી રહ્યા છે. ઘણા લોકોએ તેના લૂકની પ્રશંસા કરી અને દુબઈ તે મજબૂત કમબૅક કરે એવી અપેક્ષા વ્યક્ત કરી. ઘણા યુઝર્સ હાર્દિકના લુકને બેન સ્ટોક્સ અને નિકોલસ પૂરન સાથે સરખાવી રહ્યા છે.

### હાર્દિક નંબર.૧ ઓલરાઉન્ડર

હાર્દિક છેલ્લે ચૅમ્પિયન્સ ટ્રોફી વન-ડે સ્પર્ધામાં રમતો જોવા મળ્યો હતો. હાર્દિકે અત્યાર સુધીમાં ૯૪ વન-ડે, ૧૧૪ ટી-૨૦ અને ૧૧ ટેસ્ટ રમ્યો છે. તેણે ૨૭.૮૭ની બૅટિંગ એવરેજ અને ૧૪૧.૬૭ના સ્ટ્રાઇક રેટથી ૧,૮૧૨ રન બનાવ્યા છે તેમ જ ૯૪ વિકેટ લીધી છે. ■

# સાઉથ ઝોનનો જગદીશન ૧૯૭ રને થયો રનઆઉટ

## વેસ્ટ ઝોન-સેન્ટ્રલ ઝોન વચ્ચે જોરદાર રસાકસી



૧૯૭ રન પર આઉટ થયેલો નારાયણ જગદીશન

બેંગલૂરુ: ચાર દિવસીય દુલીપ ટ્રોફી સેમિ ફાઇનલમાં નોર્થ ઝોન સામે શુક્રવારે બીજા દિવસે સાઉથ ઝોને પહેલા દાવમાં ૫૩૬ રનનો ઢગલો કરીને ફાઇનલ માટેનો દાવો મજબૂત કર્યો હતો, પરંતુ એના ઓપનર નારાયણ જગદીશન (૧૯૭ રન, ૩૫૨ બૉલ, બે સિક્સર, ૧૬ ફોર)એ રનઆઉટમાં વિકેટ ગુમાવી દીધી હતી અને તે ફક્ત ત્રણ રન માટે ડબલ સેન્ચુરી ચૂકી ગયો હતો. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ટ્રિપલ સેન્ચુરી ફટકારી ચૂકેલા જગદીશનને નોર્થ ઝોનના લેફ્ટ-આર્મ સ્પિનર નિશાંત સિંધુ (૪૭.૨-૬-૧૨૫-૫)એ રનઆઉટ કર્યો હતો.

સાઉથ ઝોનના ૫૩૬ રનમાં બીજા ઓપનર તન્મય અગરવાલના ૪૩ રન ઉપરાંત ત્રણ પ્લેયરની હાફ સેન્ચુરી સામેલ હતી: દેવદત્ત પડિક્કલ (૫૭ રન), રિકી ભુઈ (૫૪ રન) અને તન્મય ત્યાગરાજન (૫૮ રન). નોર્થ ઝોનના સિંધુની પાંચ વિકેટ ઉપરાંત જાણીતા પેસ બોલર અંશુલ કંબોજની બે વિકેટ છતાં સાઉથ ઝોનની ટીમ સ્કોર ૫૦૦-પ્લસનો સ્કોર નોંધાવી શકી હતી.

નોર્થ ઝોન પાસે પ્રથમ દાવની સરસાઈને આધારે ફાઇનલમાં પહોંચવા સાઉથ ઝોનથી એક રન વધુ એટલે કે ૫૩૭ રન કરવા બે દિવસનો સમય છે.

બીજી સેમિ ફાઇનલમાં વેસ્ટ ઝોનનો ઋતુરાજ ગાયકવાડ (૧૮૪ રન, ૨૦૬ બૉલ, એક સિક્સર, પચીસ ફોર) ગુરુવારે ડબલ સેન્ચુરીથી વંચિત રહ્યો ત્યાર બાદ તનુષ કોટિયન (૭૬ રન, ૧૬૬ બૉલ, છ ફોર) ઉપરાંત



પાંચ વિકેટ લેનાર નિશાંત સિંધુ

કૅપ્ટન શાર્દુલ ઠાકુરે (૬૪ રન, ૯૮ બૉલ, એક સિક્સર, સાત ફોર) હાફ સેન્ચુરીથી ટીમના સ્કોરને ૪૦૦-પ્લસ સુધી પહોંચાડવામાં મહત્ત્વનું યોગદાન આપ્યું હતું. વેસ્ટ ઝોનની ટીમ ૪૩૮ રનના સ્કોર પર આઉટ થયા બાદ સેન્ટ્રલ ઝોનને શુક્રવારના બીજા દિવસે સન્માનજનક સ્થિતિ અપાવી હતી. રમતના અંત સુધીમાં સેન્ટ્રલ ઝોનનો સ્કોર બે વિકેટે ૨૨૯ રન હતો અને પ્રથમ દાવમાં સરસાઈ મેળવવા હજી બીજા ૨૧૦ રન કરવાના બાકી છે. સેન્ટ્રલ ઝોનને પણ ઓપનર ડેનિશ માલેવાર (૭૬ રન, ૧૩૬ બૉલ, એક સિક્સર, બાર ફોર)ની ઇનિંગ્સે મુશ્કેલીમાંથી ઉગારી હતી. રમતને અંતે કૅપ્ટન અને આરસીબીનો ચૅમ્પિયન સુકાની રજત પાટીદાર ૪૭ રને અને શુભમ શર્મા ૬૦ રને રમી રહ્યા હતા. વેસ્ટ ઝોન વતી અર્ઝાન નાગવાસવાલા અને ધર્મેન્દ્રસિંહ જાડેજાએ એક-એક વિકેટ લીધી હતી. ■

# બીસીસીઆઈએ ટીમ સ્પોન્સરશિપનો ભાવ વધાર્યો

બીસીસીઆઈએ ભારતીય ક્રિકેટ ટીમને સ્પોન્સર કરવા માટેનો ભાવ વધારી દીધો હોવાનું જાણવા મળ્યું છે. ડ્રીમ૧૧ હટી ગયા બાદ આ નિર્ણય લેવાયો છે. અગાઉ દ્વિપક્ષી મૅચો માટે ૩.૧૭ કરોડ રૂપિયાનો ભાવ હતો જે વધારીને ૩.૫૦ કરોડ રૂપિયા કરવામાં આવ્યો છે. આઈસીસી તથા એશિયન કાઉન્સિલની મૅચો માટેનો દર અગાઉ ૧.૧૨ કરોડ રૂપિયા હતો જે હવે ૧.૫૦ કરોડ રૂપિયા કરાયો છે. ■

# પ્રીતિ ઝિન્ટાના કહેવા પર બદલવામાં આવ્યો હતો પ્લેયર ઓફ ધ મૅચ

## પંજાબના જ ખેલાડી સંદીપ શર્માનો સનસનાટીભર્યો દાવો

મુંબઈ: આઇપીએલ-૨૦૨૫માં શાનદાર પ્રદર્શન કરીને પંજાબ કિંગ્સની ટીમ ફાઈનલમાં પહોંચી હતી, પરંતુ ફાઈનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે હારી ગઈ હતી. પંજાબની ટીમની કો-ઓનર પ્રીતિ ઝિન્ટા પણ આઇપીએલ ૨૦૨૫ દરમિયાન ચર્ચામાં રહી હતી. પ્રીતિ ઝિન્ટાએ ટીમની દરેક મૅચ દરમિયાન સ્ટેડિયમમાં હાજર રહી ખેલાડીઓનો જુસ્સો વધાર્યો હતો. એવામાં પંજાબની ટીમના એક ખેલાડીએ પ્રીતિ ઝિન્ટા વિશે મોટો ખુલાસો કર્યો છે. ખુલાસો એ કરવામાં આવ્યો કે એક આઇપીએલ મેચમાં પ્રીતિ ઝિન્ટાના કહેવા પર પ્લેયર ઓફ ધ મૅચ બદલવામાં આવ્યો હતો.



પંજાબના ખેલાડી સંદીપ શર્માએ ઇન્ટરવ્યૂ દરમિયાન ખુલાસો કર્યો કે બેંગલુરુમાં યોજાયેલી એક ઈંઙ્ક મેચમાં પ્રીતિ ઝિન્ટાના કહેવા પર પ્લેયર ઓફ ધ મેચ બદલવામાં આવ્યો હતો.

સંદીપ શર્માએ કહ્યું, 'બેંગ્લૂરુમાં રમાયેલી મેચમાં મેં વિરાટ કોહલી, એબી ડી વિલિયર્સ અને ક્રિસ ગેઇલને આઉટ કર્યા હતા, પરંતુ એ મેચમાં અક્ષર પટેલ પ્લેયર ઓફ ધ મૅચ બનવાનો હતો કારણ કે તેણે બે વિકેટ લેવાની સાથે પચીસ રન પણ બનાવ્યા હતા. જોકે પ્રીતિ ઝિન્ટાએ રવિ શાસ્ત્રીને કહ્યું કે પ્લેયર ઓફ ધ મેચ સેન્ડી (સંદીપ શર્મા)ને બનાવો જોઈએ.'

ઈન્ટરવ્યૂ દરમિયાન સંદીપ શર્માએ શ્રેયસ ઐયરને ઇન્ડિયન ક્રિકેટ ટીમનો કેપ્ટન ન બનાવવા અંગે પણ મંતવ્ય આપ્યું. તેણે કહ્યું કે ટીમને ફાઇનલમાં પહોંચાડવી એનો અર્થ એ નથી કે તમે ભારતીય ટીમના કેપ્ટન બની શકો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટનો પડકાર એક અલગ છે.'

તેણે કહ્યું કે 'સૂર્યકુમાર યાદવ કોઈ આઇપીએલ ટીમની કૅપ્ટન્સી કરી રહ્યો નથી, તેથી તેનો અર્થ નથી કે એ ભારતીય ટીમનો કેપ્ટન ન હોઈ શકે. ભારતીય ટીમ સંપૂર્ણપણે અલગ ટીમ છે, એ સમજવું જોઈએ.' ■

# સાઉથ આફ્રિકા સિરીઝ જીત્યું

લૉર્ડ્સ: ગુરુવારે અહીં એક તરફ ઇંગ્લૅન્ડની ટીમ ૧૧માંથી આઠમી વન-ડેમાં પરાજિત થઈ ત્યાં બીજી બાજુ સાઉથ આફ્રિકાએ ૧૯૯૮ પછી પહેલી વાર ઇંગ્લૅન્ડમાં વન-ડે શ્રેણીમાં વિજય મેળવ્યો હતો. ટેમ્બા બવુમાની ટીમે ૨-૦થી સરસાઈ મેળવી હતી. મૅથ્યૂ બ્રીટ્ઝકે (૮૫ રન, ૭૭ બૉલ, ત્રણ સિક્સર, સાત ફોર)ના યોગદાનની મદદથી સાઉથ આફ્રિકાએ આઠ વિકેટે ૩૩૦ રન કર્યા હતા. બ્રિટિશ પેસ બોલર જોફ્રા આર્ચરે ચાર વિકેટ લીધી હતી. ઇંગ્લૅન્ડે જો રૂટ (૬૧ રન) બેથેલ (૫૮ રન) અને જૉસ બટલર (૬૧ રન)ની હાફ સેન્ચુરી છતાં નવ વિકેટે ૩૨૫ રન કર્યા હતા અને આફ્રિકાનો પાંચ રનથી રોમાંચક વિજય થયો હતો. નાન્દ્રે બર્ગરે ત્રણ અને કેશવ મહારાજે બે વિકેટ લીધી હતી. ■

# રૉસ ટેલરે નિવૃત્તિ પાછી ખેંચી

વેલિંગ્ટન: ન્યૂ ઝીલૅન્ડના ૪૧ વર્ષની ઉંમરના બૅટિંગ-લેજન્ડ રૉસ ટેલરે સમોઆ નામના ટચૂકડા દેશની ટીમને ટી-૨૦ વર્લ્ડ કપના ક્વૉલિફાઇંગ રાઉન્ડમાં જિતાડીને વિશ્વ કપ સુધી પહોંચાડવાના આશયથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટની નિવૃત્તિ પાછી ખેંચી છે. તે ૨૦૨૨માં નિવૃત્ત થયો હતો. એ સાથે, ટેલર બે દેશ વતી ક્રિકેટ રમનાર ખેલાડીઓની યાદીમાં સામેલ થઈ રહ્યો છે. ■




'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પંકજ | વણ વાપર્યું |
| પંજરી | પરોઢિયું |
| પગાહ | કમળ |
| પડતર | અધોગતિ |
| પતન | નૈવેદ્ય |

## ઓળખાણ પડી?

દેખાવમાં સંતરા જેવા લાગતા અને વિટામિન બી ધરાવતા એક્ઝોટિક ફ્રૂટની ઓળખાણ પડી? ખટમીઠો સ્વાદ ધરાવતું આ ફળ કોલંબિયાનું છે.



A) Braeburn b) Fig c)Physalis d) Granadilla

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ભૂ | સ્ખ | ૨ લ | ૩ ન | | ૪ અં | ૫ ત | રિ | ૬ યા | ળ |
| કં | | ૭ વા | ર | ૮ સ | દા | ર | | વ | |
| ૯ પ | ૧૦ ટા | રો | | ૧૧ હ | જ | મ | | ૧૨ ક | ૧૩ દા |
| | ચ | | ૧૪ રે | વા | | ૧૫ રી | ૧૬ ત | | ણ |
| ૧૭ આં | કો | | ૧૮ વ | સ | ન | | ૧૯ ખ | ર | ચો |
| દો | | ૨૦ ગ | તી | | | ૨૧ પ | લ્લુ | | રી |
| લ | | ણ | | ૨૨ ઓ | છા | | ૨૩ સ | ૨૪ ખા | |
| ૨૫ ન | ત | | ૨૬ વા | ર | | ૨૭ પૂ | | ૨૮ ઉ | મા |
| | | ૨૯ અ | પ | મા | ન | જ | ૩૦ ન | ક | |
| ૩૧ અ | પ | જ | સિ | યું | | ૩૨ ક | ર | ડ | વું |

## શબ્દલાલિત્ય
સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ | ૭ |
| | | ૮ | | ૯ | | | ૧૦ | | |
| ૧૧ | ૧૨ | | | ૧૩ | | | | | |
| ૧૪ | | | ૧૫ | | | | ૧૬ | ૧૭ | ૧૮ |
| | ૧૯ | ૨૦ | | | | ૨૧ | | ૨૨ | |
| ૨૩ | | ૨૪ | | | ૨૫ | | | | |
| ૨૬ | ૨૭ | | | ૨૮ | | | | | |
| ૨૯ | | | ૩૦ | | | | ૩૧ | | ૩૨ |
| | | ૩૩ | | | | | ૩૪ | ૩૫ | |
| ૩૬ | | | | | | ૩૭ | | | |

### આડી ચાવી

૧. સંસ્થાની પત્રિકા (૪)
૪. સંમતિ, ટેકો (૫)
૮. શરદીથી ચહેરાના પોલાણમાં થતો કફ (અં) (૪)
૧૦. ધૂળ, દટાયેલું (૩)
૧૧. ચર્ચા (૩)
૧૩. હીરા માણેક વગેરે ઝવેરાત (૪)
૧૪. પત્ની, લક્ષ્મી (૨)
૧૫. રાહત (૩)
૧૬. નેપાળી ગુરખો (૩)
૧૯. લપસી જવાય એવું (૪)
૨૨. ---થવું એટલે રહસ્ય છતું થવું (૨)
૨૪. દાઝ્યા ઉપર --- (૨)
૨૫. વેપારીઓનો સંકેત (૫)
૨૬. મઢાવ (૩)
૨૯. ઘોડાના પગે --- હોય (૨)
૩૦. વિસર્જન કરવા જેવું (૫)
૩૪. 'જમાવવું'નું આજ્ઞાર્થ (૩)
૩૬. ઇચ્છા પ્રમાણે (૩)
૩૭. અમીર, માલદાર (૪)

### ઊભી ચાવી

૧. હિજરતી, બીજે દેશ રહેનાર (૪)
૨. વટાયેલું, આરપાર ગયેલું (૩)
૩. ત્રણ (૨)
૪. સવારી કરનાર (૪)
૫. મોગરાનું ફૂલ (૪)
૬. ભાવ (૨)
૭. મોટી નદી (૨)
૯. ભેટ, સોગાદ (૪)
૧૨. કબીર કહે --- કો, દો બાતેં સીખ લે (૩)
૧૫. સોંગદ, શપથ (૩)
૧૭. સંવેદનશીલ ભાગમાં થતો સળવળાટ (૪)
૧૮. નગદ નાણું (૩)
૨૦. મુકામ, છાવણી (૩)
૨૧. મનમાં આવે તેમ વર્તવું (૪)
૨૩. લોકો જમવા આવે (૫)
૨૭. અમે એક ---નાં પંખી (૨)
૨૮. રસની લહાણી (૪)
૩૧. યજ્ઞ કરવો, પૂજન (૩)
૩૨. યજ્ઞમાં આહૂતી આપવી (૩)
૩૩. ગુજરાતનો એક જિલ્લો (૨)
૩૫. --- ના પેંડા બને (૨)

## ગુજરાત મોરી મોરી રે

અમિતાભ - જયા અને અશોક કુમારની 'મિલી' ફિલ્મ અને કયા સુપરહિટ ગુજરાતી નાટકની સ્ટોરી સરખી હતી એ જણાવો.

અ) અમે બરફના પંખી બ) રમત શુન ચોકડીની
ક) રાહુ કેતુ ડ) સખા સહિયારા

## જાણવા જેવું

ક્યુબા વિશ્વના સાકરના વાટકા કે છાલિયા તરીકે ઓળખાય છે. આવી ઉપમા મળવાનું કારણ એવું છે કે આ દેશ સાકર - ખાંડ ઉત્પાદનમાં વિશ્વનો નંબર વન દેશ છે. દેશ સ્પેનિશ સત્તા હેઠળ હતો ત્યારથી ખાંડ ઉત્પાદનમાં આ દેશ અગ્રણી રહ્યો છે. વર્ષો સુધી દેશનું અર્થતંત્ર ખાંડના વેપારને લીધે મજબૂત રહ્યું હતું.

## સુડોકુ-૯૦૮૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | ૫ | ૩ | | | ૮ | ૧ | |
| ૨ | | | | | | | | |
| | ૯ | | ૫ | | | | ૬ | ૭ |
| | | ૯ | | | ૫ | ૭ | | |
| | ૬ | | | | | | ૮ | |
| | | ૩ | ૭ | | | ૫ | | |
| ૯ | ૩ | | | | ૧ | | ૫ | |
| | | | | | | | | ૨ |
| | ૫ | ૬ | | | ૪ | ૩ | | ૮ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૮૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૮ | ૫ | ૧ | ૩ | ૯ | ૭ | ૬ |
| ૬ | ૩ | ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૫ | ૧ |
| ૫ | ૭ | ૧ | ૯ | ૬ | ૨ | ૩ | ૮ | ૪ |
| ૭ | ૨ | ૫ | ૧ | ૩ | ૮ | ૬ | ૪ | ૯ |
| ૯ | ૧ | ૬ | ૭ | ૫ | ૪ | ૮ | ૨ | ૩ |
| ૩ | ૮ | ૪ | ૨ | ૯ | ૬ | ૫ | ૧ | ૭ |
| ૧ | ૫ | ૩ | ૮ | ૪ | ૯ | ૭ | ૬ | ૨ |
| ૮ | ૬ | ૨ | ૩ | ૭ | ૧ | ૪ | ૯ | ૫ |
| ૪ | ૯ | ૭ | ૬ | ૨ | ૫ | ૧ | ૩ | ૮ |

## ચતુર આપો જવાબ
માથું ખંજવાળો

વિમાની મુસાફરી માટે એરપોર્ટ આવશ્યક છે. વિશ્વના કયા શહેરમાં સૌથી વધુ ઈન્ટરનેશનલ એરપોર્ટ છે એ ખબર છે ખરી?

અ) મ્યુનિક બ) પેરિસ
ક) લંડન ડ) કેલિફોર્નિયા

## નોંધી રાખો

ઓળખાણથી મળેલું કામ ઝાઝો સમય નથી ટકી શકતું, પણ કામથી મળેલી ઓળખ જિંદગીભર ટકી રહે છે એ વાત નહીં ભૂલતા.

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓ: ૪, ૮, ૧૬, ૩૨, .... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૩૨ પછી કઈ સંખ્યા આવે?

A) 42 b) 54
c) 60 d) 64

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| નખ્ખોદ | સત્યાનાશ |
| નચિંત | બેફિકર |
| નજરાણું | ભેટ |
| નઠારું | ખરાબ |
| નતીજો | પરિણામ |

ગુજરાત મોરી મોરી રે
કોઈ ભીંતેથી આયના ઉતારો

ઓળખાણ પડી
JADE VINE

માઈન્ડ ગેમ
૧૬૫

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
કૈરો

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) સુભાષ મોમાયા (૮) નૈશીધ દેસાઈ (૯) ભારતી બુચ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) વિપીન શાહ (૧૨) શ્રદ્ધા આશર (૧૩) પુષ્પા પટેલ (૧૪) નૂતન વિપીન શાહ (૧૫) પ્રવીણ વોરા (૧૬) જીત શાહ (૧૭) મહેન્દ્ર લોઢાવિયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) અંબરીષ ઓઝા (૨૪) નયના ગિરીશ મિસ્ત્રી (૨૫) મહેશ સંઘવી (૨૬) ભાવના કર્વે (૨૭) મનીષા શેઠ (૨૮) ફાલ્ગુની શેઠ (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) મહેશ દોશી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) અલકા વાણી (૩૫) વિણા સંપટ (૩૬) ડાયના સંતોકે (૩૭) નિતિન જયંતિલાલ બજરિયા (૩૮) પુષ્પા ખોના (૩૯) કિશોર સંઘરાજકા (૪૦) અરવિંદ કામદાર (૪૧) જ્યોત્સના ગાંધી (૪૨) રમેશભાઈ દલાલ (૪૨) હિનાબેન દલાલ (૪૩) ઈનાક્ષીબેન દલાલ (૪૪) નયના મિસ્ત્રી (૪૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) ગીતા ઉદેશી (૫૦) પ્રતિમા પમાણી (૫૧) હરીહર ભટ્ટ -ડલ્લાસ - યુએસએ. (૫૨) ધવલ શાહ (૫૩) કમલ માતલિયા

# સેન્સેક્સ અને નિફ્ટી વોલેટીલિટીના તોફાન વચ્ચે અણનમ, ઓટો અને ઓઈલ શેરોમાં ચમકારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: જીએસટીના સુધારાની જાહેરાત પછીના બીજા દિવસે પણ શેરબજારમાં ભારે ઊછળપાથલમાંથી પસાર થયા બાદ શુક્રવારે બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી યથાવત બંધ રહ્યા હતા. આઇટી અને એફએમસીજી શેરોમાં થયેલું ધોવાણ ઓઇલ, ગેસ અને ઓટો શેરોના સુધારા સાથે સરભર થઇ ગયું હતું.

સત્રને અંતે સેન્સેક્સ ૭.૨૫ પોઈન્ટ અથવા ૦.૦૧ ટકા ઘટીને ૮૦,૭૧૦.૭૬ના સ્તરે પર બંધ થયો હતો, જેમાં તેના ૧૪ ઘટકો વધારા સાથે અને ૧૬ ઘટાડા સાથે બંધ થયા હતા. નિફ્ટી ૬.૭૦ પોઈન્ટ અથવા ૦.૦૩ ટકા વધીને ૨૪,૭૪૧ પોઇન્ટના સ્તરે પર બંધ થયો હતો. બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો સ્થિર રહ્યા હતા.

સેન્સેક્સ ઊંચો ખુલ્યો હતો, પરંતુ બપોર પહેલા જ રેડ ઝોનમાં સરકી ગયો. બપોરના સત્રમાં તે ૮૦,૩૨૧.૧૯ની નીચી સપાટીએ પહોંચ્યો અને પછી પ્રી-ક્લોઝ સત્રમાં નુકસાન સરભર કર્યું હતું. દિવસના ઉચ્ચ અને નીચલા સ્તર વચ્ચે ઇન્ડેક્સ ૭૧૫.૩૭ પોઈન્ટ ફંગોળાયો હતો. અઠવાડિયા દરમિયાન, સેન્સેક્સ અને નિફ્ટીમાં ૧.૨ ટકાનો વધારો થયો છે.

ભારતીય શેરબજારો ફ્લેટ બંધ થયા, પરંતુ સપોર્ટ લેવલ પર ખરીદીને કારણે મુખ્ય સૂચકાંકો ઇન્ટ્રા-ડે નીચા સ્તરેથી પાછા ફર્યા હોવાથી સેન્ટિમેન્ટ સહેજ હકારાત્મક રહ્યું હોવાનું જણાવતાં જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે કહ્યું હતું કે, બજારને વૈશ્વિક સંકેતોએ પણ ટેકો આપ્યો, યુએસ રોજગાર અહેવાલ પહેલાં યુએસ અને એશિયન બજારોમાં સુધારો જોવા મળ્યો હતો. શુક્રવારે પણ પાછલા સત્રની માફક સુધારા સાથે શરૂઆત બાદ બેન્ચમાર્ક નીચી સપાટીએ સરક્યા હતા. આ સત્રમાં બેન્ચમાર્ક સેન્સેક્સ સવારના સત્રમાં જ દિવસના ઉચ્ચતમ સ્તરથી ૬૫૦ પોઈન્ટ નીચે સરકી ગયો હતો અને નિફ્ટી ૨૪,૭૦૦ના સ્તરથી નીચે ગબડ્યો હતો. બજારના સાધનો અનુસાર રોકાણકારોએ આઇટી શેરોમાં નબળાઈ અને બજારની અસ્થિરતાને ધ્યાનમાં લઇને પ્રોફિટ બુકિંગ શરૂ કર્યું હોવાથી આમ થયું હતું.

જીએસટી દર ઘટાડાની જાહેરાતો અને મજબૂત વૈશ્વિક સંકેતોને પગલે શરૂઆતના કામકાજમાં ૩૧૮.૫૫ પોઈન્ટ વધીને ૮૧,૦૩૬.૫૬ના સ્તર પર પહોંચેલો સેન્સેક્સ ગબડીને ૮૦,૫૪૪ પર પાછો ફર્યો હતો. ૨૪,૭૦૦ના આંકનેપાર કર્યા પછી વ્યાપક નિફ્ટી ૨૪,૬૫૩.૨૫ સુધી પાછો ફર્યો હતો.

સત્રને અંતે સેન્સેક્સ કંપનીઓમાં મહિન્દ્રા અને મહિન્દ્રા ૨.૩૪ ટકા વધ્યો હતો, ત્યારબાદ મારુતિ સુઝુકીમાં ૧.૭૦ ટકાનો વધારો હતો. અન્ય વધનારા શેરોમાં પાવર ગ્રીડ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ અને ઇટર્નલનો સમાવેશ હતો. જોકે, આઇટીસી, એચસીએલ ટેક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ટેક મહિન્દ્રા અને ઇન્ફોસિસ પાછળ રહ્યા.

સ્મોલકેપ ગેજ ૦.૦૯ ટકા વધ્યો હતો, જ્યારે મિડકેપ ઇન્ડેક્સ ૦.૧૦ ટકા ઘટ્યો હતો. ફોકસ્ડ આઇટી ઇન્ડેક્સ સૌથી વધુ ૧.૪૪ ટકા ઘટ્યો હતો, ત્યારબાદ આઇટી (૧.૨૫ ટકા), એફએમસીજી (૧.૨૨ ટકા), રિયલ્ટી (૧.૦૭ ટકા), ટેક (૦.૭૦ ટકા) અને સર્વિસીસ (૦.૬૦ ટકા)નો ક્રમ રહ્યો હતો. સેકટરલ ઇન્ડેક્સમાં, ઓટો ૧.૩૦ ટકા અને ટેલિકોમ્યુનિકેશન ૦.૯૬ ટકા વધ્યા હતા. એ જ સાથે, મેટલ (૦.૭૧ ટકા), ગ્રાહક વિવેકાધીન (૦.૬૦ ટકા) અને ઊર્જા (૦.૨૦ ટકા) પણ વધ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં જય અંબે સુપરમાર્કેટનો રૂ. ૧૮.૪૫ કરોડનો બુક બિલ્ડ ઇશ્યૂ સંપૂર્ણપણે રૂ. ૧૮.૪૫ કરોડના ૦.૨૪ કરોડ શેરનો નવો ઇશ્યૂ છે. આઇપીઓ નવમી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૧૨ સપ્ટેમ્બરે અને લિસ્ટિંગ ૧૬ સપ્ટેમ્બરે થશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૭૪થી રૂ. ૭૮ છે. અરજી માટે લોટ સાઈઝ ૧,૬૦૦ છે. એબ્રિલ પેપર ૨૦ ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયો હતો.

ભારતીય રેલ્વે દ્વારા ઉપયોગમાં લેવાતા રોલિંગ સ્ટોક માટેના કમ્પોનન્ટ્સના મેન્યુફેક્ચરિંગમાં વ્યસ્ત એરફ્લોઆ રેલ ટેક્નોલોજી લિમિટેડ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ રૂ. ૯૧.૧૦ કરોડની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે મૂડીબજારમાં પ્રવશ કરશે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૧૩૩થી રૂ. ૧૪૦ અને મિનિમમ લોટ સાઇઝ ૧૦૦૦ ઇક્વિટી શેરનો છે. એન્કર પોર્શન બુધવાર, ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ખુલશે અને ઇશ્યુ સોમવાર, ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બંધ થશે.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે, નીતિગત સુધારાઓ અને સહાયક સ્થાનિક પરિબળો અંગે આશાવાદ હોવા છતાં, બજારો એકીકરણ તબક્કામાં પ્રવેશી રહ્યા હોય તેવું લાગે છે, જે ટેરિફ ચિંતાઓ અને સતત વિદેશી સંસ્થાકીય આઉટફ્લોને કારણે છે.

બજારના ઘટવાના સૌથી પહેલા કારણમાં, ૦.૫ ટકાના પ્રારંભિક વધારા પછી માહિતી ટેક્નોલોજી કંપનીઓના શેર ૧.૫ ટકા સુધી ઘટ્યા હતા, કારણ કે નબળા યુએસ લેબર ડેટાએ ભારતીય આઇટી સેવાઓ માટે વિશ્વના સૌથી મોટા બજારમાં આર્થિક વૃદ્ધિ અંગે ચિંતા ઊભી કરી હતી. દિવસના અંતમાં આવનારા એમ્પ્લોઇમેન્ટ ડેટામાં કોરોના મહામારી પછી ભરતીની સૌથી ધીમી ગતિ દર્શાવે એવી ધારણાં છે, જેમાં વધતા ખર્ચ અને નીતિગત અનિશ્ચિતતાઓ યુએસ અર્થતંત્ર પર દબાણ ઉમેરશે.

આને કારણે ભારતની આઇટી સેકટરની કંપનીઓ પર નકારાત્મક અસર જોવા મળે એવી સંભાવના છે. બીજું કારણમાં મોટાપાયાનું પ્રોફિટ બુકિંગ છે. બે સત્રની આગેકૂચ પછી વિવિધ કારણસર રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ શરૂ કર્યું હોવાથી બેન્ચમાર્ક પર દબાણ આવ્યું હતું.

વોલેટિલિટી ઇન્ડેક્સમાં વધારો જોવા મળ્યો હતો. બજારનો વોલેટિલિટી ગેજ, ઇન્ડિયા વીઆઇએક્સ ૨.૪ ટકા વધીને ૧૧.૧૨ પર પહોંચ્યો હતો, જે રોકાણકારોમાં વધતી અનિશ્ચિઅચતતા દર્શાવે છે, જે ઘણીવાર વેચાણ દબાણ તરફ દોરી જાય છે.

સાપ્તાહિક મોરચે, બીએસઇ બેન્ચમાર્ક ૯૦૧.૧૧ પોઈન્ટ અથવા ૧.૧૨ ટકા ઉછળ્યો અને નિફ્ટી ૩૧૪.૧૫ પોઈન્ટ અથવા ૧.૨૮ ટકા વધ્યો છે. એશિયન બજારોમાં, દક્ષિણ કોરિયાનો કોસ્પી, જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ સકારાત્મક વલણમાં સ્થિર થયા. યુરોપના બજારો મજબૂત નોંધ પર ટ્રેડ થઈ રહ્યા હતા. ગુરુવારે યુએસ બજારો ઊંચા સ્તરે બંધ થયા. એક્સચેન્જ ડેટા અનુસાર, ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૧૦૬.૩૪ કરોડના ઇક્વિટી વેચ્યા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (ડીઆઇઆઇ)એ રૂ. ૨,૨૩૩.૦૯ કરોડના શેર ખરીદ્યા હતા. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૦૭ ટકા ઘટીને ૬૬.૯૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. ગુરુવારે, સેન્સેક્સ ૧૫૦.૩૦ પોઈન્ટ અથવા ૦.૧૯ ટકા વધીને ૮૦,૭૧૮.૦૧ પર અને નિફ્ટી ૧૯.૨૫ પોઈન્ટ અથવા ૦.૦૮ ટકા વધીને ૨૪,૭૩૪.૩૦ પર બંધ થયો હતો.

સરકારે રોટી, કપડાથી માંડીને કાર સુધીની ચીજો પરના જીએસટી દરોમાં ઘટાડો જાહેર કર્યા બાદ ગુરુવારે સેન્ટિમેન્ટલ પુશને આધારે પ્રારંભિક સત્ર દરમિયાન લગભગ ૯૦૦ પોઇન્ટ સુધી ઊંચે ઊછળ્યા બાદ સેન્સેક્સ માત્ર ૧૫૦ પોઇન્ટના સુધારા સાથે સ્થિર થયો હતો.

તહેવારોની મોસમ પહેલા વપરાશ વધારવા અને અમેરિકામાં ભારે ટેરિફના દબાણને દૂર કરવા માટે સરકારે ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)માં કરેલા ફેરફાર અનુસાર રોટલી, પરાઠાથી લઈને વાળના તેલ, આઈસ્ક્રીમ અને ટીવી સુધીની સામાન્ય ઉપયોગની વસ્તુઓની કિંમત ઓછી થશે, જ્યારે વ્યક્તિગત સ્વાસ્થ્ય અને જીવન વીમા પર કરનો દર શૂન્ય કરવામાં આવશે. ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવનારા ભારતના જીએસટી ૨.૦ સુધારામાં ઓટો, એફએમસીજી, સિમેન્ટ, વીમા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એપેરલ, ફૂટવેર, હોટેલ્સ, એનબીએફસી, ફર્ટિલાઇઝર અને કાપડ પર કર ઘટાડાનો સમાવેશ થાય છે.

ઓટો અને કોમ્પોનન્ટ્સ ક્ષેત્રે ૩૫૦ સીસીથી ઓછી ક્ષમતાવાળા ટુ-વ્હીલર, નાની કાર અને ઓટો પાર્ટ્સ માટે જીએસટી ઘટાડીને ૧૮ ટકા થવાથી હીરો મોટોકોર્પ, બજાજ ઓટો, એમએન્ડએમ, મારુતિ, ટાટા મોટર્સ, એન્ડ્યુરન્સ ટેક, યુનો મિન્ડા, એક્સાઇડ, મધરસનને ફાયદો થશે.

એફએમસીજી, એપેરલ, ફૂટવેર, સિમેન્ટ અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સમાં જીએસટી ઘટાડાથી આઇટીસી, બ્રિટાનિયા, એચયુએલ, નેસ્લે, બાટા, રિલેક્સો, અલ્ટ્રાટેક, અંબુજા, વોલ્ટાસ, હેવેલ્સને લાભ થશે. વીમા, એફએમસીજી, હોટલ, ખાતર અને કાપડ ક્ષેત્રોને લાભ થશે.

એક વિશ્લેષકે જણાવ્યું હતું કે ૧૫ ઓગસ્ટના રોજ કરવેરા કાપની જાહેરાત થઈ ત્યારથી જ બજારમાં આ નિર્ણયની અસરો ડિસ્કાઉન્ટ થવા માંડી હતી. એફઆઇઆઇની એકધારી અને મોટી વેચવાલીને કારણે પણ બજારને નુકસાન થયું હતું. બુધવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ૧,૬૬૬.૪૬ કરોડ રૂપિયાના ઇક્વિટી વેચ્યા હતા, જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ ૨,૪૯૫.૩૩ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા. ડીઆઇઆઇએ પાંચ લાખ કરોડ રૂપિયાથી વધુના ઇક્વિટી ખરીદ્યા છે, જે ગયા વર્ષના સર્વકાલીન ઉચ્ચ સ્તરની નજીક છે. વિદેશી રોકાણકારોએ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ભારતીય બજારોમાંથી ૧.૩ લાખ કરોડ રૂપિયાથી વધુ રકમ ઉપાડી લીધી છે. ■

# રૂપિયાની નબળાઇ અને ફેડરલના રેટ કટની આશા વચ્ચે સોનામાં સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: ફોરેક્સ માર્કેટમાં ડોલર સામે રૂપિયાની નબળાઈ અને ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની આશા વચ્ચે બુલિયન બજારમાં ફરી સુધારો જોવા મળ્યો હતો. સોનાના ભાવમાં સાધારણ સુધારા સામે ચાંદીમાં સટ્ટાકીય માગના અભાવ વચ્ચે નેગેટીવ ટ્રેન્ડ રહ્યો હતો. નોંધવું રહ્યું કે વિદેશી હૂંડિયામણ બજારમાં ડોલર સામે રૂપિયો ૮૮.૨૫ની નવી નીચી સપાટીએ બોલાયો હતો. ટ્રમ્પ નવી ટેરિફ લાદશે એવી ભીતિ ઉપરાંત એફઆઇઆઇની એકધારી વેચવાલીને કારણે ભારતીય ચલણ પર દબાણ આવી રહ્યું છે.

ફેડ દ્વારા વ્યાજના દરોમાં ઘટાડાના સંકેતો અને જિઓ-પોલિટિકલ ક્રાઇસિસના કારણે કિંમતી ધાતુમાં રોકાણ વધી રહ્યું છે. હેજિંગ માટે સોનાની માગ વધી છે. ગોલ્ડ ઈટીએફ પ્રવાહ પણ ઝડપથી વધ્યો છે. જેથી વૈશ્વિક સ્તરે સોનું ૪૦૦૦ ડોલર થવાની શક્યતા નિષ્ણાતો દ્વારા વ્યક્ત થઈ રહી છે.

સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચના શુદ્ધ સોનાના ભાવ રૂ. ૧,૦૬,૪૪૬ના સ્તરે ખૂલીને રૂ. ૧,૦૬,૩૩૮ની સપાટીએ બંધ થયા હતા, જે રૂ. ૧,૦૫,૯૪૫ના પાછલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૩નો સુધારો દર્શાવે છે. એ જ રીતે, ૯૯૫ ટચના સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૧,૦૬,૦૨૦ના સ્તરે ખૂલીને રૂ. ૧,૦૫,૯૯૨ની સપાટીએ બંધ થયા હતા, જે તેના રૂ. ૧,૦૫,૫૨૧ના પાછલા બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૧નો સુધારો દર્શાવે છે.

જોકે, .૯૯૯ ટચની હાજર ચાંદીના ભાવ એક કિલોદીઠ રૂ.૧,૨૩,૫૮૧ની સપાટીએ ખૂલીને રૂ. ૧,૨૩,૧૭૦ની સપાટીએ બંધ થઈ હતી, જે તેના રૂ. ૧,૨૩,૨૦૭ના પાછલા બંધ સામે રૂ. ૩૭નો ઘટાડો દર્શાવે છે. શુક્રવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ ૯૦૦ રૂપિયાના વધારા સાથે ૧,૦૬,૯૭૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ બોલાયા હતા. સ્ટોકિસ્ટો દ્વારા નવી ખરીદી અને મજબૂત વૈશ્વિક વલણોને કારણે ભાવ ફરી રેકોર્ડ ઉચ્ચ સ્તરની નજીક પહોંચી ગયા. બુલિયન ડીલરોએ જણાવ્યું હતું કે ફેડરલ રિઝર્વ ૧૬-૧૭ સપ્ટેમ્બરના રોજ તેની આગામી નીતિ બેઠકમાં વ્યાજ દરમાં ઘટાડો કરી શકે છે તેવી ખાતરી વચ્ચે તેજી વધી રહી છે. ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ૯૯.૫ ટકા શુદ્ધતા ધરાવતું સોનું પણ શુક્રવારે ૯૦૦ રૂપિયા વધીને ૧,૦૬,૧૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ (બધા કર સહિત) બોલાયું, જે અગાઉના ૧,૦૫,૨૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતું.

હાલના જીએસટીના સુધારા રત્ન અને આભૂષણોના નિકાસકારોને માટે કોઈ સીધી અને તાત્કાલિક રાહત આપતા નથી અને આ ક્ષેત્રને તાજેતરના સુધારાઓમાંથી બહાર રાખવામાં આવ્યું છે, જેમાં વૈભવી વસ્તુઓ માટે ૪૦ ટકાનો નવો દર રજૂ કરવામાં હોવાથી આ સુધારાઓ યુ.એસ. ટેરિફ્સના નકારાત્મક અસરને સમતોલ નથી કરતી, કારણ કે ઇનપુટ ખર્ચ અને અનુરૂપતા સંબંધિત ભાર યથાવત રહ્યો હોવાનું જણાવતાં ઓલ ઈન્ડિયા જેમ એન્ડ જ્વેલરી ડોમેસ્ટિક કાઉન્સિલના અધ્યક્ષ રાજેશ રોકડેએ કહ્યું હતું કે આમ છતાં, વપરાશને પ્રોત્સાહન આપવાના કેન્દ્રિત પ્રયાસો લાંબા ગાળે રત્ન અને દાગીના ક્ષેત્રને પરોક્ષ રીતે લાભ આપી શકે છે. ૨૨ સપ્ટેમ્બરથી અમલમાં આવનારા નવા દરો વપરાશમાં વધારો લાવવાની અપેક્ષા છે. ■

# જીએસટીના સુધારા ભારતીય અર્થતંત્ર માટે પ્રોત્સાહક: મુકેશ અંબાણી

મુંબઇ: સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (જીએસટી)ના સુધારાઓને આવકારતાં રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મુકેશ અંબાણીએ તેને ભારતીય અર્થતંત્રને વેગ આપવા માટે પ્રોત્સાહક પ્રેરકબળ ગણાવતાં કહ્યું હતું કે, વર્તમાન નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપી વૃદ્ધિ દર ૭.૮ ટકા સુધી પહોંચ્યો છે. નવા સુધારા અર્થતંત્રને વધુ વેગ આપવાની ક્ષમતા ધરાવે છે, જે વિકાસ દરને દ્વીઅંકી સ્તર નજીક લઈ જવામાં મદદરૂપ બનશે.

અંબાણીએ આ પગલાંને ઐતિહાસિક તેમ જ ભારતના લોકો માટે દિવાળી ભેટ સાથે સરખાવતા કહ્યું હતું કે, જીએસટી સુતાર્કિકીકરણ દેશમાં સોંઘવારી લાવવા સાથે અર્થતંત્રને વિકાસગતિ આપશે. આ પગલું ગ્રાહકો માટે ઉત્પાદનો અને સેવાઓને વધુ સસ્તી બનાવવા, વ્યવસાય કરવાની કાર્યકારી જટિલતાને સરળ બનાવવા, ફુગાવો ઘટાડવા અને રિટેલ ક્ષેત્રમાં વપરાશ વૃદ્ધિને વેગ આપવા તરફ એક પ્રગતિશીલ પગલું છે.

દરમિયાન રિલાયન્સ રિટેલ વેન્ચરના ડિરેકટર ઇશા અંબાણીએ જીએસટી સુધારણાને એક પરિવર્તનશીલ પગલું ગણાવતાં એવી બાયધરી વ્યક્ત કરી હતી કે ગ્રાહકોને જીએસટીના દરઘટાડાનો લાભ તાત્કાલિક ધોરણે આપવામાં આવશે. ■

# સેબીને નામે સોશિયલ મીડિયા પર છેતરપિંડીના પ્રયાસ!

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇ: માર્કેટ રેગ્યુલેટર ધી સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઇન્ડિયા (સેબી)એ તેના નામે થતા છેતરપિંડીભર્યા સંદેશાવ્યવહાર સામે રોકાણકારોને સતર્ક રહેવા જણાવ્યું છે. બજાર નિયમનકાર સેબીએ શુક્રવારે રોકાણકારોને સોશિયલ મીડિયા અને અન્ય પ્લેટફોર્મ પર તેના નામે ઠલવાઇ રહેલા છેતરપિંડીભર્યા સંદેશાઓ અને નોટિસો સામે સાવધ રહેવા ચેતવણી આપી છે.

નિયમનકારે લોકોને આવા છેતરપિંડીભર્યા સંદેશાઓના જવાબમાં વ્યક્તિગત માહિતી અથવા પૈસા મોકલાવતી વખતે સાવધ રહેવા જણાવ્યું છે. સેબીએ એવા ઘણા કિસ્સાઓ જોયા પછી ચેતવણી આપતું નિવેદન આપ્યું છે, જ્યાં છેતરપિંડી કરનારાઓએ સેબીના અધિકારીઓનો સ્વાંગ રચ્યો છે, સેબીના બનાવટી લોગો, લેટરહેડ અને સીલનો દુરુપયોગ કર્યો છે અને બનાવટી ઇમેઇલ આઈડી પણ બનાવી છે.

માર્કેટ રેગ્યુલેટરના ધ્યાનમાં કેટલાક એવા કિસ્સા પમ આવ્યા છે, જેમાં, નિયમનકારી કાર્યવાહી ટાળવા માટે અનુપાલન સેવાઓ, દંડ અથવા દંડ માટે ચૂકવણીની માગણી કરતી નકલી નોટિસ જારી કરવામાં આવી હતી.

સેબીએ ખાસ કરીને સોશિયલ મીડિયા પર ફરતા આવા સંદેશ અંગે સતર્ક રહેવાની તાકીદ કરી છે. ■

# એબ્રિલ પેપરમાં રોકાણકારોને ઝટકો, ૨૦ ટકાનું ધોવાણ

મુંબઇ: એબ્રિલ પેપરના જાહેર ભરણાંમાં રોકાણ કરનારાઓને ભારે ઝટકો સહન કરવો પડ્યો છે, કારણ કે તેમણે આ પ્રારંભિક ઓફરમાં કરેલા રોકાણમાં એક ઝાટકે ૨૦ ટકાનું ધોવાણ સહન કરવાનો વારો આવ્યો છે. એબ્રિલ પેપર ટેકના શેરનો આજે પાંચમી સપ્ટેમ્બરે શુક્રવારના રોજ શેરબજારમાં નબળો પ્રવેશ થયો હતો અને એનએસઇ એસએમઇ પ્લેટફોર્મ પર પ્રતિ શેર રૂ. ૪૮.૮૦ પર લિસ્ટ થયા હતા. શેરનો આ ભાવ આઇપીઓની રૂપિયા ૬૧ પ્રતિ શેરની સામે ૨૦ ટકા ડિસ્કાઉન્ટ દર્શાવે છે. સામાન્ય રીતે એસએમઇ શેરોમાં ૨૦ ટકાથી ૯૦ ટકા સુધીનું પ્રીમિયમ જોવા મળતું હોય છે, એને સ્થાને ડિસ્કાઉન્ટ લિસ્ટિંગ જોતાં રોકાણકારો આઘાત પામ્યા હતા. એ પણ જોવાની વાત છે કે, કંપનીના પ્રથમ પબ્લિક ઇશ્યૂમાં ૨૯ ઓગસ્ટથી બીજી સપ્ટેમ્બર દરમિયાન સંપૂર્ણ સબસ્ક્રાઇબ થયેલા ત્રણ દિવસના પબ્લિક બિડિંગ દરમિયાન રોકાણકારોનો ખૂબ જ સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો. રોકાણકારોએ ઓછામાં ઓછા ૨,૦૦૦ શેર માટે અરજી કરવાની શરત હતી, અર્થાત લઘુત્તમ રોકાણ રૂ. ૧.૨૨ લાખ અને ત્યારબાદ ગુણાંકમાં કરવાનું હતું. ■

**પશ્ચિમ રેલવે**

**LHB**

ડે. ચીફ ઈલેક્ટ્રીકલ એન્જિનિયર (પ.), પશ્ચિમ રેલવે કેરેજ રિપેર વર્કશોપ, N. M. જોષી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩, ઈ-ટેન્ડર નોટીસ નં.: EL/WA/PL/૨૦૨૫-૨૬/૦૫ તા. ૩૦.૦૮.૨૦૨૫ મંગાવે છે. કામનું નામ: કરના કામ અને પરિશિષ્ટના સ્કોપ મુજબ નોન-એસી LHB કોચેસના EDTS-૩૨૮ મુજબ અન્ડર ફ્રેમમાં LHB કોચેસના ૭૫૦ વોલ્ટ ફિડર જંકશન બોક્સનું સ્ટ્રીપિંગ/ રી-ફિટિંગ, રિપેરિંગ, ટેસ્ટિંગ અને કમિશનિંગ. કામની અંદાજિત કિંમત: ₹ ૫૦,૦૨,૯૬૩.૫૩. બારડી: ₹ ૧,૦૦,૧૦૦/- ટેન્ડરની સુપ્રતિ માટે છેલ્લી તારીખ અને સમય: ૨૫.૦૯.૨૦૨૫, ૧૨.૦૦ ક. સુધી. ટેન્ડર ખોલવાની ૨૫.૦૯.૨૦૨૫ના ૧૨.૩૦ ક. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0569

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# જીએસટીમાં રાહત બાદ સરકાર નિકાસ પ્રોત્સાહન પેકેજ લાવવાની તૈયારીમાં

મુંબઇ: જીએસટીમાં સામાન્ય લોકોને રાહત આપ્યા બાદ હવે મોદી સરકાર આંતરરાષ્ટ્રીય વેપાર સાથે જોડાયેલા મુદ્દા પર મોટું પગલું લેવાની તૈયારીમાં છે. સરકારી સૂત્રો અનુસાર, કેન્દ્ર સરકાર ટૂંકસમયમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફથી પ્રભાવિત નિકાસકારો માટે ખાસ રાહત પેકેજની જાહેરાત કરશે. અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ૫૦ ટકા સુધીના ટેરિફે ભારતીય ટેક્સટાઇલ, જેમ્સ એન્ડ જ્વેલરીના નિકાસકારો સામે ગંભીર પડકારો ઊભા કર્યા છે.

આ સિવાય ચામડું, ફૂટવેર, કેમિકલ, એન્જિનિયરિંગ પ્રોડક્ટ્સ, કૃષિ અને દરિયાઈ નિકાસ સંબંધિત ઉદ્યોગો પર પણ અસર થઈ છે. આ ઉદ્યોગ સાથે જોડાયેલા નિકાસકારોએ થઈ રહેલા નુકસાનની ભરપાઈ માટે કેન્દ્ર સરકાર સમક્ષ માગ કરી હતી. જેને ધ્યાનમાં લેતાં રાહત પેકેજ આપવા વિચારણા થઈ રહી છે.

સરકારી સાધનો અનુસાર, પ્રસ્તાવિત યોજનામાં નાના અને મધ્યમ નિકાસકારોની લિક્વિડિટીની સમસ્યા દૂર કરવા, કાર્યકારી મૂડી બોજો ઘટાડવા, તેમજ સૌથી મહત્ત્વનું નોકરીઓ સુરક્ષિત રાખવા સામેલ થશે. જ્યાં સુધી નિકાસકારો માટે નવા બજારની શોધ ન થાય ત્યાં સુધી ઉત્પાદન ચાલુ રાખવામાં કોઈ અડચણ ન નડે તે હેતુ સાથે આ રાહત પેકેજ જાહેર કરવામાં આવશે.

સાધનોએ જણાવ્યું કે, આ પેકેજ કોવિડ-૧૯ મહામારી દરમિયાન એમએસએમઇ સેક્ટરને આપવામાં આવેલા રૂ. ૨૦ લાખ કરોડના રાહત પેકેજની તર્જ પર તૈયાર કરવામાં આવી રહ્યું છે. તે સમયે જે રીતે આ રાહત પેકેજ ઉદ્યોગો માટે આશીર્વાદ સમાન રહ્યું હતું.

આ પગલાંથી નિકાસકારોને મુશ્કેલીના દોરમાંથી બહાર નીકળવામાં મદદરૂપ થઈ હતી. વધુમાં સરકાર એક્સપોર્ટ પ્રમોશન મિશન પર પણ કામ કરી રહી છે. જેની જાહેરાત આ વર્ષના કેન્દ્રીય બજેટમાં થઈ હતી. આ મિશનનો હેતુ ભારતના નિકાસ બજારને વૈશ્વિક સ્તરે હરીફાઈ માટે મજબૂત બનાવવા તેમજ નવા બજારોમાં ભારતીય પ્રોડક્ટ્સની ઉપલબ્ધતા વધારવાનો છે. જીએસટી કાઉન્સિલની ૫૬મી બેઠકમાં લોકોને મોટી રાહત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશમાં હવે જીએસટીના માત્ર બે સ્લેબ લાગુ રહેશે. જે પાંચ ટકા અને ૧૮ ટકા રહેશે. હાનિકારક અને લકઝરી પ્રોડક્ટ્સ માટે એક અલગ ૪૦ ટકાનો સ્લેબ બનાવવામાં આવ્યો છે. જીએસટીમાં આ નવા સુધારા ૨૨ સપ્ટેમ્બરથી લાગુ થશે. ■

BRIHANMUMBAI MAHANAGARPALIKA

**बृहन्मुंबई महानगरपालिका सार्वत्रिक निवडणूक-२०२५**

**जाहीर सूचना**

बृहन्मुंबई महानगरपालिका सार्वत्रिक निवडणूक- २०२५ करीता प्रभाग रचनेचे प्रारुप करण्याबाबत नगर विकास विभाग, महाराष्ट्र शासन यांचे आदेशान्वये प्रारुप प्रभाग रचनेवर प्राप्त झालेल्या हरकती व सूचनांवर खाली नमुद केलेल्या स्थळी, दिनांकास व वेळी सुनावणी होणार आहे.

| प्रारुप प्रभाग रचनेच्या प्रस्तावावरील प्राप्त हरकती व सूचनांवर सुनावणी घेण्यासाठी निश्चित करण्यात आलेले स्थळ, दिनांक व वेळ | | |
|---|---|---|
| स्थळ | - | यशवंतराय चव्हाण सेंटर, मुंबई, यशवंतराय चव्हाण केंद्र, जन. जगन्नाथराव भोसले मार्ग, मंत्रालयासमोर, मुंबई - ४०० ०२१ |
| दिनांक | - | दिनांक १० सप्टेंबर, २०२५ ते दिनांक १२ सप्टेंबर, २०२५ |
| वेळ | - | सकाळी ११.०० वा. ते सायंकाळी ०५.३० वाजेपर्यंत |

तरी हरकतदारांनी सुनावणीकरीता त्यांना नेमून देण्यात आलेल्या दिवशी वेळेत उपस्थित रहावे. तसेच ज्या हरकत/ सुचनादारांना सुनावणी सुचना पत्र मिळाले नलेस त्यांनी उप करनिर्धारक व संकलक (निवडणूक) (प्र.) निवडणूक मुख्य कार्यालय, ३ रा मजला, मनपा विस्तारीत इमारत, फोर्ट, मुंबई-४०००१ येथे संपर्क साधावा.

संपर्कासाठी दूरध्वनी क्रमांक-०२२- २२७५ ४८५३.

सही/- दिनांक ०५.०९.२०२५

(भूषण गगराणी)

महानगरपालिका आयुक्त

PRO/1514/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# ગોલ્ડ ઈટીએફમાં રોકાણકારોને એક વર્ષમાં ૪૦ ટકાથી વધુનું વળતર!

મુંબઈ: સોનાચાંદીના ભાવમાં આવેલી ઐતિહાસિક તેજીને પગલે ગોલ્ડ તથા સિલ્વર ઈટીએફસમાં રોકાણ પર પાછલા ૧૨ મહિનામાં રોકાણકારોને નોંધપાત્ર રોકાણ પ્રાપ્ત થયું છે. ગોલ્ડ ઈટીએફસમાં સરેરાશ ૪૦ ટકા જ્યારે, સિલ્વર ઈટીએફસમાં ૩૬ ટકા જેટલું વળતર છૂટી રહ્યું છે.

પાછલા ૧૨ મહિનામાં કાર્યરત ૧૬ ગોલ્ડ ઈટીએફસે સરેરાશ ૪૦.૪૪ ટકા વળતર પૂરુ પાડ્યું હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું હતું. સિલ્વર ઈટીએફસની કામગીરી પણ આ સમયગાળા દરમિયાન આકર્ષક રહી છે અને પાછલા ૧૨ મહિનામાં ૨૧ સિલ્વર ઈટીએફસે સરેરાશ ૩૬.૧૪ ટકા વળતર આપ્યું છે.

સોનાચાંદીની વર્તમાન રેલી માટે ભૂરાજકીય તાણ, ટેરિફ સંબંધિત અનિશ્ચિતતા તથા મજબૂત ઔદ્યોગિક માગ કારણભૂત હોવાનું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે. ■

**પશ્ચિમ રેલવે**

**વિવિધ કામો**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA), પશ્ચિમ રેલવે, ૬ઠ્ઠો માળ, એન્જિ. ડિપાર્ટ., મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-૮ ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર.નં. | ટેન્ડર નોટીસ નં. & તારીખ | કામ અને સ્થળ | ₹માં કામની અંદા.કિંમત | બારડી ₹ |
|---|---|---|---|---|
| ૧. | BCT/૨૫-૨૬/૨૧૦ તા. 03/0૯/૨૦૨૫ | કોલાબા-બધ્વરપાર્ક ખાતે અંદાજે ૪૦ નંબરોના રેલવે ઓફિસર્સ ક્વાર્ટર્સના માળખાકિય મજબૂતીકરણ અને આંતરિક અમલીકરણ | ₹૪,૦૭,૩૮,૭૦૮.૨૫ | ₹૩,૫૩,૭00.00 |
| ૨. | BCT/૨૫-૨૬/૨૧૧ તા. 03/0૯/૨૦૨૫ | SSE (W-I) મુંબઈ સેન્ટ્રલના અધિકારક્ષેત્ર હેઠળ બાઉન્ડ્રી વોલમાં સુધારો અને બાંધકામ | ₹૨,૨૪,૬૯,૦૫૧.૩૬ | ₹૨,૬૨,૪00.00 |
| 3. | BCT/૨૫-૨૬/૨૧૨ તા. 03/0૯/૨૦૨૫ | ફૂટ ઓવર બ્રિજ/રોડ ઓવર બ્રિજ/પાઈપ લાઈન બ્રિજ, એલિવેટેડ ડેડ રોડ, સ્કાયવોકની જાળવણી માટે મેનપાવરની જોગવાઈ; SSE બ્રિજ-લોઅર પરેલ હેઠળ ચર્ચગેટ - અંધેરી સેક્શનમાં બ્રિજ કામ માટે વિવિધ પ્રવૃત્તિઓ માટે એલિવેટેડ બુકિંગ ઓફિસ અને EOT ક્રેન અને વેલ્ડિંગ સેટ. | ₹૮૭,૬૫,૯૬૫.૨૩ | ₹૧,૭૫,300.00 |
| ૪. | BCT/૨૫-૨૬/૨૧૩ તા. 03/0૯/૨૦૨૫ | દાદર ખાતે એલિવેટેડ રોડની મેટલાઈઝિંગ, પેઈન્ટિંગ, સ્ટીલ સ્ટ્રક્ચર અને ચર્ચગેટ-ખાર સેક્શન વચ્ચે ફૂટ ઓવર બ્રિજ. | ₹૧,૨૧,૪૮,૭૫૫.00 | ₹૨,૧૦,૮00.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે, સુપ્રતિની તારીખ & સમય: 30.0૯.૨૦૨૫, ૧૫.00 ક. સુધી. ખોલવાની તારીખ & સમય: 30.0૯.૨૦૨૫ના ૧૫.30 ક. નોંધ:- વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો. 0571

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: X.com/WesternRly

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

**એન્જિનિયરીંગ વિભાગ: ઈ-ટેન્ડરીંગ નોટીસ**

નં.: W/૬૨૩/૫/૧/NIT, તારીખ: ૦૨.૦૯.૨૦૨૫

ડિવિઝન રેલવે મેનેજર/ડિવિઝન કાર્યાલય (કાર્યલેખા શાખા) પશ્ચિમ રેલવે, રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે નીચે આપેલા કામ માટે "ઓપન ટેન્ડર" ઈ-ટેન્ડર દ્વારા વેબસાઈટ www.ireps.gov.in પર મંગાવે છે, વિગતો આ પ્રમાણે છે.

ક્ર. નં. ૧, ઈ-ટેન્ડરીંગ નં.: RTM-૨૦૨૫-૨૬-૯૫, કામનું નામ: રતલામ - ક્લોરિનેટર (૨૦ નં.)ની ઓપરેશન વોટર ફિલ્ટર પ્લાન્ટ (૨ નં.), ETP (૧ નં.), ઓપરેશન અને ઈન્સ્ટોલેશન અને ત્રણ વર્ષ (૨૦૨૫-૨૮) માટે યાર્ડમાં ઓપન/UG ડ્રેઈનની સફાઈ. અંદા. માત્રા: ટેન્ડર શેડ્યૂલ મુજબ, અંદા. લાગત: ₹ ૧,૦૭,૧૦,૩૩૯.૪૨, બાના રકમ: ₹ ૨,૦૩,૬૦૦.૦૦, ટેન્ડર ખોલવાની તા.: ૨૯.૦૯.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ અન્ય શર્તો અને નિયમો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

ડિવિઝન રેલવે મેનેજર (કાર્યલેખા) રતલામ

પશ્ચિમ રેલવે, રતલામ ડિવિઝન

ADM/5/1/226

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે- રતલામ મંડળ**

**એન્જિનિયરિંગ વિભાગ: ઈ-ટેન્ડરીંગ સૂચના**

નં. W/623/5/1NIT, તા. ૧/૯/૨૦૨૫

મંડળ રેલ પ્રબંધક/મંડળ કાર્યાલય (કાર્યલેખા શાખા), પ.રે., રતલામ ભારતના રાષ્ટ્રપતિ વતી અને માટે નિમ્નલિખિત કામ માટે "ખુલ્લી નિવિદા" ઈ-નિવિદાના માધ્યમથી વેબસાઈટ www.ireps.gov.in પર આમંત્રિત કરે છે. વિગતો નીચે મુજબ છે.

અ.ક્ર.: ૧, ઈ-ટેન્ડરીંગ સંખ્યા: RTM-2025-26-101, કામનું નામ: ગોધરા-નાગદા-TFR-૬૫.૦૯૪ TKM, લૂપ લાઈનના, અંદા. માત્રા: ટેન્ડર શેડ્યૂલ મુજબ, અંદા. કિંમત: ₹ ૬૧,૬૦,૬૯૩.૦૬, બાના રકમ: ₹ ૧,૨૩,૨૦૦/-. નિવિદા ખુલવાની તા.: ૨૩/૯/૨૫. અ.ક્ર.: ૨, ઈ-ટેન્ડરીંગ સંખ્યા: RTM-2025-26-102, કામનું નામ: ગોધરા-નાગદા-TFR-૧૦૩.૬૧૪ TKM, અંદા. માત્રા: ટેન્ડર શેડ્યૂલ મુજબ, અંદા. કિંમત: ₹ ૯૮,૧૫,૨૬૬.૬૬, બાના રકમ: ₹ ૧,૯૬,૩૦૦/-. નિવિદા ખુલવાની તા.: ૨૩/૯/૨૫, અ.ક્ર.:૩, ઈ-ટેન્ડરીંગ સંખ્યા: RTM-2025-26-103. કામનું નામ: દાહોદ સ્ટેશન: લીફ્ટ (૩ નં.)ની જોગવાઈના અનુસંધાનમાં RCC લીફ્ટ વેલનું બાંધકામ. અંદા. માત્રા: ટેન્ડર શેડ્યૂલ મુજબ, અંદા. કિંમત: ₹ ૧,૦૦,૯૪,૮૪૯.૩૮, બાના રકમ: ₹ ૨,૦૦,૫૦૦/-. નિવિદા ખુલવાની તા.: ૨૩/૯/૨૫ વિસ્તૃત નિવિદા સૂચના નિયમો શરતો અને અન્ય શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

મંડળ રેલપ્રબંધક (કાર્યલેખા) રતલામ

પશ્ચિમ રેલવે, રતલામ મંડળ

ADM/5/1/223

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - રતલામ મંડળ**

**ઈ-નિવિદા સૂચના**

નં.- GeM બીડ નં. GEM/2025/B/6636221, તા. ૨/૯/૨૫

ભારતના રાષ્ટ્રપતિના વતી અને માટે વરિષ્ઠ કોચિંગ ડેપો અધિકારી ઈન્દોર, પશ્ચિમ રેલવે, રતલામ દ્વારા નિમ્નલિખિત કામો માટે ખુલ્લી ઈ-નિવિદા નં. GEM/2025/B/6636221ના સામે અંતિમ તા. ૨૯/૯/૨૫ના ૧૪.૦૦ ક. (બે પેકેટ સીસ્ટમ) આમંત્રિત કરવામાં આવે છે. બિડર ફક્ત અંતિમ તા. તથા સમય સુધી જ પોતાના બીડ જમા કરાવી શકશે. આ નિવિદાની સામે મેન્યુઅલ ઓફરની અનુમતિ નથી અને આમ પ્રાપ્ત થયેલ કોઈપણ મેન્યુઅલ ઓફરની વિચારણા કરાશે નહિ. જો કોઈ કારણસર નિવિદા ખોલવાની તારીખે રજા જાહેર કરાય છે તો સંબંધિત નિવિદા રજાના કામના બીજા દિવસે નિયત કરેલ સમય પર ખોલવામાં આવશે. કામનું નામ અને સ્થળ: કોચીંગ ડેપો ઈન્દોરમાં ૩ વર્ષની મુદત માટે કોચેસની પ્રાઈમરી, સેકન્ડરી, એસટીઆર મેન્ટેનન્સ, સિક-લાઈન એટેન્શન, આઈઓએચ/એસએસ-૧ ઈત્યાદી દરમ્યાન સામાન્ય ફર્નીશીંગ, વધારવું, પ્લમ્બીંગ તથા યાત્રી સુવિધા તથા ચોવીસ કલાક દેખભાળથી સંબંધિત કાર્ય, કામની અનુમાનિત કિંમત: ₹ ૯૪૮૪૦૨૨૨.૬૭/- (બધા કર, ડ્યુટીઝ તથા જી.એસ.ટી. સહિત), બાના રકમ: ₹ ૬,૨૪,૨૦૦/-, પૂર્ણતા મુદત: L.O.A. જારી કર્યાની તા.થી ૩ વર્ષ, કાર્યાલયનું સ્થળ જ્યાં નિવિદા ખુલશે: કાર્યાલય-વરિ. કોચીંગ ડેપો અધિકારી, ઈન્દોર, નિવિદા જમા કરવાની છેલ્લી તા. & સમય. તા. ૨૯/૯/૨૫ના ૧૪ ક. સુધી, વેબસાઈટ અને નોટીસ બોર્ડ જ્યાં ટેન્ડર સંબંધિત સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત કરી શકાય છે: નિવિદા GeMની વેબસાઈટ પર જોઈ શકાય છે, સાથે જ આ બાબતમાં કોઈપણ જાણકારી વરિ. કોચિંગ ડેપો અધિકારી, ઈન્દોર, કાર્યાલય (પ.રે.)ના બધા કાર્યાલયીન દિવસ પર પ્રાપ્ત કરી શકાય છે.

વરિષ્ઠ કોચિંગ ડેપો અધિકારી, ઈન્દોર,

પશ્ચિમ રેલવે, રતલામ મંડળ

ADM/3/1/224

અમોને લાઈક કરો: facebook.com/WesternRly

**૨૧,૦૦૦ પોલીસ** | **૧૦,૦૦૦ સીસીટીવી-ડ્રોન** | **AIની ત્રીજી આંખ**

# આજે બાપ્પાનું વિસર્જન



**જડબેસલાક...:** ગણપતિ વિસર્જન નિમિત્તે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસે ચાંપતો બંદોબસ્ત ગોઠવ્યો છે. (જયપ્રકાશ કેળકર)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વિઘ્નહર્તા ગણપતિના વિસર્જનને દિવસે (શનિવારે) શહેરમાં ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને આ માટે ૨૧,૦૦૦થી વધુ પોલીસ અધિકારી-કર્મચારીને તહેનાત કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા ૧૦,૦૦૦થી વધુ સીસીટીવી કેમેરા અને ડ્રોનથી શોભાયાત્રા તથા ભીડ પર નજર રાખવામાં આવશે. બીજી તરફ વિસર્જન દરમિયાન વાહનવ્યવહારની સરળતા માટે ટ્રાફિક પોલીસે પણ તૈયારી કરી લીધી છે. આ વખતે પહેલી વાર પોલીસ દ્વારા રૂટ મેનેજમેન્ટ અને ટ્રાફિક સંબંધિત અન્ય અપડેટ્સ માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ)નો ઉપયોગ કરવામાં આવશે. દરમ્યાન મહાનગરમાં ૧૪ આતંકવાદી ૪૦૦ કિલો આરડીએક્સ સાથે ઘૂસ્યા હોવાની ધમકી આપતો મેસેજ મળ્યા બાદ પોલીસ હાઇ એલર્ટ પર છે.

શહેરમાં ગણપતિ વિસર્જન શાંતિથી અને નિર્વિઘ્ને પાર પડે એ માટે ગોઠવાયેલા બંદોબસ્તમાં ૧૦ એડિશનલ પોલીસ કમિશનર, ૩૭ ડેપ્યુટી પોલીસ કમિશનર, ૬૧ આસિસ્ટન્ટ પોલીસ કમિશનર, ૨,૯૯૦ પોલીસ અધિકારીઓ અને ૧૭,૫૫૮ પોલીસ કર્મચારીઓ તહેનાત હશે. ઉપરાંત મહત્ત્વનાં સ્થળોએ સ્ટેટ રિઝર્વ પોલીસ (જુઓ પાનું ૪) ▶▶

## વિસર્જન વખતે જ રેલવેના બ્લોકનું વિઘ્ન: જનતામાં નારાજી

મુંબઈ: મધ્ય રેલવેમાં કર્જત અને ખોપોલી વચ્ચે ઓએચઇ (રેલવે ઓવરહેડ ઈકવીપમેન્ટ) અને એન્જિનિયરિંગ સંબંધિત કામ માટે ૬ થી ૯ સપ્ટેમ્બર દરમિયાન ટ્રાફિક અને પાવર બ્લોક લેવામાં આવશે. જો કે છઠ્ઠી સપ્ટેમ્બર, શનિવારે અનંત ચતુર્દશી (ગણેશ વિસર્જન)ના દિવસે બ્લોકના કારણે પ્રવાસીઓએ મુશ્કેલીનો (જુઓ પાનું ૪) ▶▶

## વરસાદ પણ નડશે

બંગાળના ઉપસાગરમાં સર્જાયેલા લો પ્રેશરને કારણે મુંબઈ સહિત રાજ્યના અનેક જિલ્લામાં આગામી ત્રણથી ચાર ચ દિવસ વરસાદ પડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે ત્યારે આજે અનંત ચતુર્દશીના ગણપતિબાપ્પાની વિદાય સમયે વરસાદનું વિઘ્ન નડવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. મુંબઈમાં શુક્રવાર સવારથી અનેક વિસ્તારોમાં વરસાદનું જોર રહ્યું હતું. (જુઓ પાનું ૪) ▶▶

**ખાડાએ લીધો જીવ**

# લાલબાગચા રાજાના દર્શન કરી પાછા ફરી રહેલા ગુજરાતી યુવકનું અકસ્માતમાં મોત

**ટૂ-વ્હિલર સ્કીડ થઈ અને યુવકનું માથું બેસ્ટની બસના ટાયર નીચે આવી ગયું**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં બરોબર ગણેશોત્સવ દરમ્યાન રસ્તા પરના એક ખાડાએ બાવીસ વર્ષના ગુજરાતી યુવકનો જીવ લીધો હતો. વહેલી સવારના લાલબાગચા રાજાના દર્શન કરીને ટૂ-વ્હીલર પરથી ઘરે પાછા ફરતા સમયે પવઈમાં રસ્તા પરના ખાડાથી બચવાના ચક્કરમાં સ્કૂટી સ્કીડ થઈ ગઈ હતી અને બરોબર એ જ સમયે ત્યાંથી પસાર થઈ રહેલી બેસ્ટની બસ સ્કૂટી પરથી પડી ગયેલા ગુજરાતી યુવક દેવાંશ પટેલના માથા પરથી ફરી વળી હતી અને તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. તો બીજા યુવક પર પવઈની ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

શુક્રવારે વહેલી સવારના ૬.૫૫ વાગે પવઈ આઈઆઈટી ગેટ પાસે આ બનાવ બન્યો હતો. ઘટના સ્થળેથી મળેલી માહિતી મુજબ વિક્રોલી ડેપોની ઓલેક્ટ્રા કૉન્ટ્રેક્ટરની એસી એ-૪૨૨ નંબરની બસ વિક્રોલીથી બાન્દ્રા બસ સ્ટેશન જઈ રહી હતી ત્યારે પવઈ આઈઆઈટી માર્કેટના મેઈન ગેટ બસ સ્ટોપ આ દુર્ઘટના બની હતી, જેમાં ગેટ સામેના રસ્તા પર રહેલા ખાડાને જોતા તેનાથી બચીને ૨૩ વર્ષનો સ્વપનીલ વિશ્વકર્મા સ્કૂટર ચલાવવા ગયો હતો પણ બરોબર તે જ સમયે જમણી બાજુએ દોડી રહેલી કારે તેને કટ મારવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં સ્કૂટર સ્કીડ થઈ હતી

પોલીસના જણાવ્યા મુજબ સ્કૂટર સ્કીડ થયાની સાથે જ સ્વપનીલ તથા તેની પાછળ બેઠેલો દેવાંશ ભરત પટેલ બંને રસ્તા પર પડી ગયા હતા. દેવાંશ જમણી બાજુએ પડયો હતો અને બરોબર તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલી બેસ્ટની બસનો ડાબી બાજુનો ટાયર તેના માથા પરથી (જુઓ પાનું ૪) ▶▶

# આઈપીએસ અંજના કૃષ્ણા સાથેના ઝઘડા અંગે અજિત પવારનો ખુલાસો

### ‘ઠપકો આપવાનો નહીં, પરિસ્થિતિ શાંત કરવાનો ઈરાદો હતો’

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: એક મહિલા આઈપીએસ અધિકારીને ‘ઠપકો’ આપતા અને ગેરકાયદેસર માટીના ખોદકામ સામેની કાર્યવાહી બંધ કરવાનો આદેશ આપતા વીડિયોના વાઈરલ થયાના બીજા દિવસે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે શુક્રવારે એવી સ્પષ્ટતા કરી હતી કે તેઓ કાર્યવાહીમાં દખલ કરવા માગતા ન હતા, પરંતુ તણાવપૂર્ણ પરિસ્થિતિને શાંત કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

આ ઘટના અંગે એનસીપીના વડા ટીકા હેઠળ આવ્યા છે. બીજી તરફ પોલીસે સોલાપુર જિલ્લામાં (જુઓ પાનું ૪) ▶▶

## પૂજા ખેડકરની જેમ શું અંજના કૃષ્ણાની નિમણૂકમાં કોઈ ગોલમાલ?

### અમોલ મિટકરીએ શંકા વ્યક્ત કરી

અકોલા: નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અને આઇપીએસ અંજના કૃષ્ણાને સાંકળતા કથિત બોલાચાલી પ્રકરણમાં હવે એનસીપીના વિધાનસભ્ય અમોલ મિટકરીએ શંકા વ્યક્ત કરીને તપાસની માગણી કરી. શું પૂજા ખેડકરની જેમ અંજના કૃષ્ણાની પણ બનાવટી દસ્તાવેજો દ્વારા નિમણૂક કરવામાં આવી હતી? તેવી શંકા તેમણે વ્યક્ત કરી હતી. મિટકરીએ કહ્યું હતું કે, જે રાજ્યમાં (જુઓ પાનું ૪) ▶▶

**મોદીના સ્વદેશી નારા ને તેમના જ સાથીઓ તરફથી કચરાની ટોપલી**

# રાજ્યના પ્રધાન પ્રતાપ સરનાઈક દ્વારા વિદેશી ‘ટેસ્લા’ની ખરીદી પર કૉંગ્રેસની ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના સ્વદેશીનો નારાને કચરાની ટોપલીમાં નાખવાનું કામ કર્યું છે. અત્રે નોંધનીય છે કે, શું અમેરિકન કાર ખરીદવી, તે પણ સંપૂર્ણપણે આયાતી, વડાપ્રધાન મોદીના આદેશનું સ્પષ્ટ ઉલ્લંઘન નથી? શું તે ભાજપની આગેવાની હેઠળની સરકારના પ્રધાન તરફથી છે અને ભાજપે આ મુદ્દા પર સ્પષ્ટતા કરવી જોઈએ, એમ મહારાષ્ટ્ર પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ પ્રવક્તા સચિન સાવંતે જણાવ્યું હતું.

સચિન સાવંતે વધુમાં કહ્યું કે ઈડીએ પ્રતાપ સરનાઈક પર નોટિસ જારી કરી છે. ભાજપના ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાએ પણ સરનાઈકના ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો હતો. હવે પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે અમેરિકન કંપની દ્વારા બનાવેલી ટેસ્લા કાર ખરીદી છે, આ અમેરિકન કાર ખરીદવા માટે કયા પૈસાનો ઉપયોગ કરવામાં આવ્યો તેનો જવાબ ગુલદસ્તામાં રહેશે.

શિવસેનાને ખબર પણ નથી કે ગઈકાલ સુધી મારા મિત્ર ડોનાલ્ડ ટ્રમ્પ, નમસ્તે ટ્રમ્પ, અબકી બાર ટ્રમ્પ સરકાર, હાઉડી ટ્રમ્પ કહેતા નરેન્દ્ર મોદીએ પોતાનું સૂત્ર બદલીને હિન્દી ચીની ભાઈ ભાઈ કરી દીધું છે. તેથી સાથી પક્ષો હવે મહાયુતિની જેલમાં સુરંગ ખોદવાનું કામ કરી રહ્યા છે. વડા પ્રધાન મોદીએ સ્વદેશીનો નારો (જુઓ પાનું ૪) ▶▶

## અજિત પવારને સરકારમાં રહેવાનો કોઈ અધિકાર નથી: રાઉત

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે શુક્રવારે અજિત પવાર પર ‘ચોરો’ને બચાવવાનો આરોપ કરી જણાવ્યું હતું કે તેમને સરકારમાં રહેવાનો કોઈ અધિકાર નથી. મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન કથિત રીતે એક મહિલા આઈપીએસ અધિકારીને ફોન પર ખખડાવતા હોવાનો એક વીડિયો બહાર આવતા વિવિધ નિવેદનો આવી રહ્યા છે.

સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાઉતે જણાવ્યું હતું કે ’ડેપ્યુટી સીએમ એક આઇપીએસ અધિકારીને ગેરકાયદેસર પ્રવૃત્તિઓનું સમર્થન કરવા માટે કહી રહ્યા છે, પણ એજ વ્યક્તિ અન્ય લોકોને કાયદાનું પાલન કરવા અંગે ઉપદેશ આપે છે. શિસ્તપાલનમાં તેઓ ચુસ્ત હોવાનું કહેવાય છે, ખરું ને? ક્યાં છે તમારી શિસ્ત? તેઓ તેમને (આઈપીએસ અધિકારીને) ઠપકો આપી તેમના પક્ષની ચોર મંડળીને સુરક્ષા પૂરી પાડવા કહી રહ્યા છે.’ રાજ્યસભાના સભ્યએ (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”

# અભિનેત્રી શિલ્પા શેટ્ટી, પતિ રાજ કુંદ્રા વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર જારી



મુંબઈ: ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડીના કેસમાં ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટી અને બિઝનેસમેન પતિ રાજ કુંદ્રા વિરુદ્ધ મુંબઈ પોલીસ દ્વારા લૂકઆઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કરવામાં આવ્યું છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ દંપતી વારંવાર આંતરરાષ્ટ્રીય પ્રવાસ કરતું હોય છે, જેથી મુંબઇ પોલીસની આર્થિક ગુના શાખા દ્વારા તેમની વિરુદ્ધ એલઓસી જારી કરવામાં આવ્યું છે.

વેપારી સાથે લોન-કમ-ઇન્વેસ્ટમેન્ટ ડીલમાં ૬૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવાના આરોપસર જુહુ પોલીસ સ્ટેશનમાં ૧૪ ઑગસ્ટે શિલ્પા શેટ્ટી અને પતિ રાજ કુંદ્રા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. છેતરપિંડીની રકમ મોટી હોવાથી આ કેસની તપાસ બાદમાં આર્થિક ગુના શાખાને સોંપવામાં આવી હતી, જેણે હવે એલઓસી જારી કર્યું છે.

લૂકઆઉટ સર્ક્યુલર એવી યંત્રણા છે જે જારી કરાતાં તેમાં તેનું નામ હોય તે વ્યક્તિ દેશ છોડી નહીં શકે અથવા તેની અવરજવર પર નજર રાખવામાં આવે છે. લાક્ષણિક રીતે ઇમિગ્રેશન અને બોર્ડર કન્ટ્રોલ પોઇન્ટ્સને સતર્ક કરવા માટે આ સર્ક્યુલર જારી કરવામાં આવે છે. (પીટીઆઇ)■

## મુંબઈમાં નવી મેડિકલ કોલેજ શરૂ કરાશે

મુંબઈ: ગયા વર્ષે રાજ્યમાં ૧૦ નવી મેડિકલ કોલેજો શરૂ થયા બાદ આ વર્ષે મુંબઈમાં વધુ એક નવી મેડિકલ કોલેજ શરૂ થવા જઈ રહી છે. આ નવી કોલેજ કર્મચારી રાજ્ય વીમા યોજના (ઇએસઆઇસી) ની અંધેરીની હોસ્પિટલમાં શરૂ કરવામાં આવશે. રાષ્ટ્રીય તબીબી આયોગે આ કોલેજ માટે પરવાનગી આપી છે અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૫૦ બેઠકો મંજૂર કરી છે. ઉપરાંત આ શૈક્ષણિક વર્ષમાં કમિશને મહારાષ્ટ્રની નિયુક્ત યુનિવર્સિટીઓમાં ૩૦૦ બેઠકોને મંજૂરી આપી છે, જેનાથી રાજ્યમાં ૩૫૦ નવી બેઠકો ઉમેરાશે. આ બેઠકોનો સમાવેશ અખિલ ભારતીય ક્વોટામાં કરવામાં આવશે અને બીજો રાઉન્ડ પાંચ સપ્ટેમ્બરથી શરૂ થશે.

મુંબઈના અંધેરીમાં નવી મંજૂર થયેલી ઇએસઆઇસી હોસ્પિટલમાં ૫૦ બેઠકો મંજૂર કરવામાં આવી છે. અંધેરીમાં આ કોલેજમાં ૧૫ ટકા એટલે કે આઠ બેઠકો ઓલ ઈન્ડિયા ક્વોટા માટે જ્યારે ૨૦ થી ૩૦ ટકા બેઠકો ઇએસઆઇસી કર્મચારીઓના બાળકો માટે અનામત રાખવામાં આવશે. ■

# કાલાઘોડાથી ઓશિવરા વચ્ચે બેસ્ટની એસી બસ

### રવિવારથી શરૂ કરાશે આ નવો રૂટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: બૃહનમુંબઈ ઈલેક્ટ્રિક સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ) દ્વારા રવિવારથી દક્ષિણમુંબઈમાં આવેલા ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી ચોક (કાલાઘોડા)થી ઓશિવરા વચ્ચે નવી એસી બસ દોડાવવામાં આવવાની છે. આ બસ કોસ્ટલ રોડ પરથી દોડશે.

બેસ્ટ પ્રવક્તાના જણાવ્યા મુજબ રવિવારથી ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી ચોક (મ્યુઝિયમ)થી પશ્ચિમ ઉપનગરનમાં આવેલા ઓશિવરા ડેપોને જોડતી રૂટ નંબર એ-૮૪ પર નવી એરકંડિશન બસ સેવા ચાલુ કરવામાં આવવાની છે.

બેસ્ટ પ્રશાસનના જણાવ્યા મુજબ આ પોતાની એરકંડિશન બસના કાફલામાં વધુ એસી બસ સમાવવાના પ્રયાસનો આ એક ભાગ છે. રવિવારથી શરૂ થનારો આ નવો રૂટ તાજેતરમાં ખુલ્લા મૂકવામાં આવેલા ધર્મવીર સ્વરાજ્ય રક્ષક છત્રપતિ સંભાજી કિનારા માર્ગ (કોસ્ટલ રોડ) પરથી પાસર થશે. આ રૂટ પર બસ અહિલ્યાબાઈ હોળકર ચોક (ચર્ચગેટ સ્ટેશન), વરસી સી ફેસ, શિવાજી પાર્કનજીક મેયર બંગલો, માહિમ, અંધેરી સ્ટેશન (પશ્ચિમ),વિલેપાર્લે, ઓશિવરા બ્રિજ, બાબાસાહેબ વરલીકર ચોક, વરલી ડેપો અને સાંતાક્રુઝ ડેપો સહિતના મુખ્ય સ્થળોને આવરી લેશે અને ઓશિવરા ડેપો તેનો છેલ્લો સ્ટોપ હશે.


ઓશિવરાથી પહેલી બસ સવારના ૭.૧૫ વાગે ઉપડશે, જ્યારે ડૉ. શ્યામાપ્રસાદ મુખર્જી ચોક પહેલી બસ સવારના ૮.૫૦ વાગે ઉપડશે. ઓશિવરાથી છેલ્લી બસ સાંજે ૫.૨૦ વાગે ઉપડશે અને મ્યુઝિયમથી છેલ્લી બસ સાંજે ૭.૧૫ વાગે ઉપડશે. આ રૂટ પર સર્વિસ ૪૦થી ૪૫ મિનિટના અંતરે ઉપલબ્ધ થશે. ■

## મુંબઈ પાલિકાના વોર્ડની રચના માટે ફક્ત ૪૮૮ વાંધા-સૂચનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાના વોર્ડની રચનાના ડ્રાફ્ટ બાબતે આપેલી મુદતમાં માત્ર ૪૮૮ વાંધા-વિરોધ અને સૂચનો પ્રાપ્ત થયા હતા. આ વાંધા અને સૂચનો પર ૧૦,૧૧ અને ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના ત્રણ દિવસમાં મહારાષ્ટ્ર સરકારે નીમેલા અધિકારી મારફત સુનાવણી હાથ ધરવામાં આવશે.

મહારાષ્ટ્ર સરકારના નગર વિકાસ વિભાગે મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે જુદા જુદા તબક્કા નક્કી કર્યા છે, જે અંતર્ગત ૨૨ ઑગસ્ટ ૨૦૨૫ના ડ્રાફ્ટ વોર્ડની ભૌગોલિક સીમા પ્રસિદ્ધીનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. તેના પર શુક્રવાર ૨૨ ઑગસ્ટ, ૨૦૨૫થી ગુરુવાર ચાર, સપ્ટેમ્બર, ૨૦૨૫ના બપોરના ત્રણ વાગ્યા સુધીની મુદતમાં વાંધા-વિરોધ અને સૂચના મગાવવામાં આવી હતી. તેના પર આ મુદતમાં ૪૮૮ વાંધા અને સૂચનો આવ્યા હતા. ■




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ‘‘મુંબઈ સમાચાર’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**